Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Baldha, Parvati M., 2009, "રાજકોટ શહેરમાં મધ્યમવર્ગના લોકોની સામાજિક જીવનશૈલીનો સમાજશાસ્ત્રીય અભ્યાસ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/399

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# ‘‘રાજકોટ શહેરમાં મધ્યમવર્ગના લોકોની સામાજિક જીવનશૈલીનો સમાજશાસ્ત્રીય અભ્યાસ’’

"LIFE STYLE OF THE MIDDLE CLASS IN RAJKOT CITY : A SOCIOLOGICAL STUDY"

**પીએચ.ડી. (સમાજશાસ્ત્ર) મહાશોધ નિબંધ**


**• સંશોધક •**

**બાલધા પાર્વતી એમ.**

એમ.એ., બી.એડ્., એમ.ફિલ.

સમાજશાસ્ત્ર ભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ

**• માર્ગદર્શક •**

**ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ**

એમ.એ., એમ.ફિલ. પીએચ.ડી.

અધ્યક્ષ

સમાજશાસ્ત્ર વિભાગ

બહાઉદ્દિન આર્ટસ કૉલેજ

જુનાગઢ



**સમાજશાસ્ત્ર ભવન,**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**૨૦૦૯**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે **બાલધા પાવર્તી એમ.** એ **''રાજકોટ શહેરમાં મધ્યમવર્ગના લોકોની સામાજિક જીવનશૈલીનો સમાજશાસ્ત્રીય અભ્યાસ''** મારા માર્ગદર્શન નીચે પીએચ.ડી. (સમાજશાસ્ત્ર)ની પદ્દવી માટે આ મહાશોધ નિબંધ તૈયાર કર્યા છે. આ સંશોધન તેઓનું મૌલિક સંશોધન છે. જે અન્યત્ર કોઈ પદ્દવી માટે રજૂ કરવામાં આવ્યો નથી કે આ સંશોધનનો કોઈ પણ અંશ કયાંય પ્રસિદ્ધ થયો નથી.

આ મહાશોધ નિબંધ પીએચ.ડી.ની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજૂ કરેલ છે.

સ્થળ : રાજકોટ
તારીખ :

:: માર્ગદર્શક ::
**ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ**
એમ.એ., એમ.ફિલ. પીએચ.ડી.
અધ્યક્ષ
સમાજશાસ્ત્ર વિભાગ
બહાઉદ્દિન આર્ટસ કૉલેજ
જુનાગઢ

# આમુખ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું સમાજશાસ્ત્ર ભવન મારી શૈક્ષણિક કારકિર્દીમાં એક મહત્ત્વનું સોપાન રહ્યું છે. ભવન દ્વારા હાથ ધરાતા વિવિધ સંશોધનકાર્યો અને અભ્યાસકાર્યોમાં હું રસ ધરાવતી રહી છું. સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે મારી એ જીજ્ઞાસા રહી છે કે સમાજમાં વર્ગોનું વિભાજન ઉત્તરોત્તર વધતું જાય છે. અને તેથી સમાજમાં રહેલો સૌથી મોટો વર્ગ એ મધ્યમવર્ગની જીવનશૈલી અને તેમાં આવતા પરિવર્તનો જાણવાની જીજ્ઞાસાને સંતોષવા આ અભ્યાસ તરફ હું પ્રેરાય.

વિશ્વમાં ભારતને એક ઉપખંડ સાથે સરખાવવામાં આવે છે. આ ઉપખંડ જેવા રાષ્ટ્રમાં એશિયા અને વિશ્વમાં વિવિધ માનવકુળો અને વિવિધ ધર્મમાં આસ્થા ધરાવતાં લોકો એકી સાથે વસવાટ કરે છે. ભારતના લોકોમાં પણ અનેકવિધ ધાર્મિક સંપ્રદાયો, જુદા જુદા રીતરિવાજો, વર્ણોરંગ, ભાષા, ખોરાક, પહેરવેશ અને માનવ સમુદાયોની સરખામણીમાં આ બધા વિવિધ પ્રકારના લોકો, સ્વચ્છતાથી અને શાંતિથી રહ્યા છે અને તેમાંથી બહુવિધ સમાજની રચના થઈ છે. તેમજ તેના આધારે સમાજમાં મુખ્ય ત્રણ વર્ગો પડેલા જોવા મળે છે.

(૧) ઉચ્ચવર્ગ

(૨) મધ્યમવર્ગ

(૩) નિમ્નવર્ગ

મધ્યમવર્ગના લોકોમાં શિક્ષણ ક્ષેત્રે, લગ્નક્ષેત્રે, ધાર્મિક બાબતોમાં વગેરે ક્ષેત્રોમાં અનેક પરિવર્તનો આવતા જોવા મળે છે. સામાન્ય રીતે સમાજમાં ઉચ્ચ વર્ગની જીવનશૈલી કેવી હોય છે તે અંગે સમાજમાં વધુ ઉલ્લેખ થતો હોય છે. પરંતુ સમાજમાં વસવાટ કરતાં મધ્યમવર્ગના લોકો પોતાના જીવનમાં કેવી કેવી મુશ્કેલીઓ સહન કરે છે. તેમજ સમાજમાં પોતાનું ચોક્કસ સ્થાન મેળવવા માટે સતત મથામણ કરે છે. અને ઘણી મુંઝવણ પણ અનુભવે છે. તેથી મેં અહીં સમાજમાં વસવાટ કરતાં મધ્યમવર્ગીય લોકોની

જીવનશૈલી જાણવાનો પ્રયત્ન કરેલ છે અને તે માટે રાજકોટ શહેરને સંશોધનક્ષેત્ર તરીકે પસંદ કરેલ છે. અને રાજકોટના પસંદ કરેલા મુખ્ય પાંચ વિસ્તારોમાંથી ઉત્તરદાતાઓ પસંદ કરીને પ્રસ્તુત સંશોધન હાથ ધરાયેલું છે.

પ્રસ્તુત મહાનિબંધના સંદર્ભમાં રાજકોટ શહેરમાંથી ૨૫૦ નિદર્શ પસંદ કરેલા છે અને પસંદ કરેલા નિદર્શોમાંથી અભ્યાસ કરવાનું પ્રયોજન કરેલ છે.

અભ્યાસમાં રાજકોટના મધ્યમવર્ગીય જીવનશૈલીના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી છે અને તેની સમાજશાસ્ત્રીય સમજૂતિ આપવામાં આવેલ છે.

મધ્યમવર્ગનો અભ્યાસ સામાજિક વિજ્ઞાન માટે એક પડકારરૂપ રહ્યો છે, કારણ કે તેમાં આંતરવિદ્યાકીય અભિગમનો ઉપયોગ અનિવાર્ય બની રહે છે અને મેં વિદ્યાર્થી તરીકે પ્રસ્તુત સંશોધનમાં આ સંદર્ભ માળખામાં પ્રયાસ કરેલ છે.

## આભારી છું...


- વિષય પસંદગીથી લઈ અંતિમ તબક્કા સુધી વિષય અંગેનો વિચાર, વિમર્શ અને માર્ગદર્શન આપનાર મારા માર્ગદર્શક ડો. રાજેન્દ્રસિંહ રાઠોડનો...
- પ્રતિકૂળ સંજોગોમાં પણ સંશોધનકાર્ય માટે અનુકૂળતા કરી આપનાર અને આ અભ્યાસના પ્રારંભથી અંત સુધી જેમનું સતત માર્ગદર્શન મળી રહ્યું છે તેવા મારા વંદનીય ગુરુજી ડૉ. હરેશભાઈ ઝાલાની...
- પ્રસ્તુત અભ્યાસ દરમ્યાન અને વિવિધ તબક્કાઓમાં વિષયનાં સંદર્ભમાં સૂચન કરનાર સર્વશ્રી ડો.હેમીક્ષાબેન રાવ, ડો. જયશ્રીબેન નાયક, કાંતાબેન સાપોવાડીયા તથા જીજ્ઞેશભાઈનો...
- મારા આ અભ્યાસમાં ક્ષેત્રીયકાર્યથી લઈને સમગ્ર અભ્યાસકાર્યમાં મને સતત સાથ આપનાર આર. સી. જાડેજા, શ્રૃતિ જોષી, નીતા ડાંગર, નેહલ વારોતરીયા, નીતા ઝાલા તથા કંચન રાઠોડની....
- ગ્રંથાલયકાર્યનાં ઉપયોગ માટે શ્રી નિલેશ સોની સાહેબનો....
- પ્રસ્તુત મહાશોધ નિબંધનાં પાયાના જે રાજકોટ શહેરના મધ્યમવર્ગના ઉતરદાતાઓનો....
- આ શોધકાર્યમાં મને સતત હુંફ અને પ્રોત્સાહન આપનાર માતા-પિતા, ભાઈ, ભાભી અને બહેન ઉપરાંત સર્વ પરિવારજનો સ્નેહીજનો...
- કાર્યાલયમાં તથા બીજા દરેક કાર્યમાં મદદ કરનાર મુકેશભાઈ, રિધ્ધિ તેમજ ડી. બી. જાદવની....
- આ ઉપરાંત સુઘડ ટાઈપીંગ કાર્ય કરનાર નિયત સમયમાં આ સેવા પૂરી પાડનાર ‘ત્રીપદા એન્ટરપ્રાઈઝ’ના પિનાકીનભાઈની ખાસ આભારી છું....
- અંતે નામી અનામી વ્યક્તિઓ, સંસ્થાઓ અને જેમણે મારા ભગીરથ કાર્યમાં મદદ કરી છે તેઓની હું...

**— બાલધા પાર્વતી એમ.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| — | **પ્રમાણપત્ર** | |
| — | **આમુખ** | |
| — | **કોષ્ટકોની યાદી** | |
| **પ્રકરણ: ૧** | **વિષય પ્રવેશ** | ૧-૯ |
| ૧.૧ | પ્રસ્તાવના | ૨ |
| ૧.૨ | સંશોધન સમસ્યાની પસંદગી | ૩ |
| ૧.૩ | સંશોધનના હેતુઓ | ૫ |
| ૧.૪ | ઉપકલ્પના | ૭ |
| ૧.૫ | ઉપસંહાર | ૯ |
| **પ્રકરણ : ૨** | **સંશોધન આયોજન** | ૧૨-૩૩ |
| ૨.૧ | પ્રસ્તાવના | ૧૩ |
| ૨.૨ | સામાજિક સંશોધનનો અર્થ | ૧૪ |
| ૨.૩ | સંશોધનના સોપાનો | ૧૬ |
| ૨.૪ | સંશોધનમાં નિદર્શ | ૧૭ |
| | ૨.૪.૧ નિદર્શનો અર્થ | ૧૭ |
| | ૨.૪.૨ સારા નિદર્શની લાક્ષણિકતાઓ | ૧૮ |
| | ૨.૪.૩ નિદર્શની તપાસના ફાયદાઓ | ૧૯ |
| | ૨.૪.૪ નિદર્શના પ્રકારો | ૨૦ |
| | ૨.૪.૫ પ્રસ્તુત સંશોધનનો નિદર્શ | ૨૧ |
| ૨.૫ | સંશોધનનું ક્ષેત્ર | ૨૧ |
| | ૨.૫.૧ રાજકોટનો પરિચય | ૨૨ |
| | ૨.૫.૨ રાજકોટનો ઐતિહાસિક પરિચય | ૨૨ |
| | ૨.૫.૩ ભૌગોલિક વિસ્તાર તેમજ હવામાન | ૨૪ |
| | ૨.૫.૪ ઉદ્યોગો | ૨૫ |

| | | |
|---|---|---|
| | ૨.૫.૫ વિશેષતા | ૨૬ |
| | ૨.૫.૬ રાજકોટની હોસ્પિટલો | ૨૬ |
| | ૨.૫.૭ રાજકોટની સરકારી હોસ્પિટલ | ૨૭ |
| | ૨.૫.૮ રાજકોટના પુસ્તકાલયો | ૨૭ |
| | ૨.૫.૯ રાજકોટની યાદગાર ઐતિહાસિક તવારીખ | ૨૮ |
| | ૨.૫.૧૦ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉદ્‌ભવ | ૨૯ |
| ૨.૬ | સંશોધનની પ્રવિધિઓ | ૩૦ |
| ૨.૭ | ઉપસંહાર | ૩૨ |
| **પ્રકરણ-૩** | **સંદર્ભ સાહિત્ય** | **૩૪-૫૬** |
| ૩.૧ | પ્રસ્તાવના | ૩૫ |
| ૩.૨ | પૂર્વ અભ્યાસો | ૩૭ |
| ૩.૩ | વર્ગનો અભ્યાસ | ૩૯ |
| | ૩.૩.૧ વર્ગનો ઉદ્‌ભવ વિકાસ | ૪૧ |
| | ૩.૩.૨ વર્ગના પ્રકાર | ૪૪ |
| ૩.૪ | સમાપન | ૫૫ |
| **પ્રકરણ-૪** | **માહિતીનું વિશ્લેષણ (કૌટુંબિક)** | **૫૭-૯૮** |
| ૪.૧ | પ્રસ્તાવના | ૫૮ |
| ૪.૨ | વ્યક્તિગત-કૌટુંબિક અને સામાજિક માહિતીનું વિશ્લેષણ | ૫૯ |
| | ૪.૨.૧ ઉત્તરદાતાની સંખ્યા દર્શાવતી માહિતી | ૫૯ |
| | ૪.૨.૨ ઉત્તરદાતાની જ્ઞાતિ અંગેની માહિતી | ૬૦ |
| | ૪.૨.૩ ઉત્તરદાતાની ઉંમર અંગેની માહિતી | ૬૧ |
| | ૪.૨.૪ ઉત્તરદાતાના વ્યવસાય અંગેની માહિતી | ૬૨ |
| | ૪.૨.૫ કુટુંબનો પ્રકાર | ૬૩ |
| | ૪.૨.૬ પરિવારના સભ્યોની માહિતી | ૬૬ |

| | | |
|---|---|---|
| | ૪.૨.૭ પરિવારમાં જાતિ પ્રમાણે બાળકોની સંખ્યા | ૭૦ |
| | ૪.૨.૮ તમે જીવનસાથીનીપસંદગી કેવી રીતે કરેલી કે કરશો ? | ૭૩ |
| | ૪.૨.૯ આંતરજ્ઞાતીય લગ્નમાં માન્યતા ધરાવો છો ? | ૭૬ |
| | ૪.૨.૧૦ અસ્પૃશ્યતામાં માનો છો | ૭૯ |
| | ૪.૨.૧૧ આધુનિક પહેરવેશ સ્વીકારો છો | ૮૨ |
| | ૪.૨.૧૨ લગ્નનાં કયા પાસાને સ્વીકારો છો ? | ૮૫ |
| | ૪.૨.૧૩ તમારા કુટુંબ વિશે તમારો મત શો છો | ૮૮ |
| | ૪.૨.૧૪ વાતચીત કરવામાં તમને કઈ ભાષા ગમે છે. | ૯૧ |
| | ૪.૨.૧૫ મોજશોખનાં માધ્યમોની વિગત | ૯૪ |
| ૪.૩ | ઉપસંહાર | ૯૮ |
| **પ્રકરણ-૫** | **આર્થિક તેમજ રાજકીય માહિતીનું વિશ્લેષણ** | **૯૯-૧૩૪** |
| ૫.૧ | પ્રસ્તાવના | ૧૦૦ |
| ૫.૨ | મધ્યમવર્ગની આર્થિક માહિતીનું વિશ્લેષણ | ૧૦૦ |
| | ૫.૨.૧ ગૃહવપરાશની સામાન્ય ચીજવસ્તુઓનાં સંદર્ભે ટકાવારી | ૧૦૧ |
| | ૫.૨.૨ પ્રત્યાયનનાં સાધનોનાં સંદર્ભમાં ટકાવારી | ૧૦૫ |
| | ૫.૨.૩ વાહનોનાં સંદર્ભમાં ટકાવારી | ૧૦૯ |
| | ૫.૨.૪ ફર્નિચરનાં સંદર્ભમાં | ૧૧૨ |
| | ૫.૨.૫ મકાનનાં સંદર્ભમાં | ૧૧૫ |
| | ૫.૨.૬ આવકનાં સંદર્ભે | ૧૧૮ |
| | ૫.૨.૭ પરિવહનનાં માધ્યમ સંદર્ભે | ૧૨૧ |

| | | |
|---|---|---|
| ૫.૩ | રાજકીય માહિતીનું વિશ્લેષણ | ૧૨૫ |
| | ૫.૩.૧ તમે ચૂંટણીમાં મત આપવા જાઓ છો? | ૧૨૫ |
| | ૫.૩.૨ ઉમેદવારની પસંદગી કઈ રીતે કરો છો ? | ૧૨૮ |
| | ૫.૩.૩ તમે જ્ઞાતિ મંડળનાં સભ્ય છો ? | ૧૩૧ |
| ૫.૪ | ઉપસંહાર | ૧૩૩ |
| **પ્રકરણ-૬** | **આરોગ્ય અને શિક્ષણની માહિતીનું વિશ્લેષણ** | **૧૩૫-૧૭૪** |
| ૬.૧ | પ્રસ્તાવના | ૧૩૬ |
| ૬.૨ | આરોગ્ય અને શિક્ષણની માહિતીનું વિશ્લેષણ | ૧૩૬ |
| | ૬.૨.૧ પરિવારમાં મુખ્ય વ્યક્તિનાં શિક્ષણની માહિતી | ૧૩૭ |
| | ૬.૨.૨ બાળકોનાં શિક્ષણની માહિતી (માધ્યમનાં સંદર્ભે) | ૧૪૧ |
| | ૬.૨.૩ શાળાનાં પ્રકાર સંદર્ભે | ૧૪૫ |
| | ૬.૨.૪ બાળકોનાં કોમ્પ્યુટર શિક્ષણ સંદર્ભે | ૧૪૮ |
| | ૬.૨.૫ બાળકોની અન્ય પ્રવૃતિ સંદર્ભે | ૧૫૧ |
| | ૬.૨.૬ બાળકોનાં કોચિંગ સંદર્ભે | ૧૫૫ |
| | ૬.૨.૭ પરિવારનાં સભ્યોની આરોગ્યની તપાસ સંબંધે | ૧૫૮ |
| ૬.૩ | ધાર્મિક માહિતીનું વિશ્લેષણ | ૧૬૧ |
| | ૬.૩.૧ આંતરધર્મીય લગ્નમાં માનો છો ? | ૧૬૧ |
| | ૬.૩.૨ ધાર્મિક વિધિમાં માનો છો ? | ૧૬૪ |
| | ૬.૩.૩ ધર્મનાં આચરણ સંદર્ભે | ૧૬૭ |
| | ૬.૩.૪ ધર્મગુરૂ કે સંતમાં માનો છો ? | ૧૭૦ |
| | ૬.૩.૫ ઉત્તરદાતા દાન આપવામાં માને છે તે અંગેની માહિતી | ૧૭૨ |
| ૬.૪ | ઉપસંહાર | ૧૭૪ |

| | | |
|---|---|---|
| **પ્રકરણ-૭** | **તારણો, મર્યાદાઓ, સૂચનો** | **૧૭૫-૧૮૨** |
| ૭.૧ | પ્રસ્તાવના | ૧૭૬ |
| ૭.૨ | અભ્યાસનાં તારણો | ૧૭૬ |
| ૭.૩ | અભ્યાસની મર્યાદાઓ | ૧૭૯ |
| ૭.૪ | અભ્યાસ અંગેના સૂચનો (ભાવિ ભવિષ્યના) | ૧૮૦ |
| ૭.૫ | સમાપન | ૧૮૧ |
| **—** | **સંદર્ભસૂચિ** | **૧૮૩-૧૮૫** |
| **—** | **મુલાકાત અનુસુચિ** | **૧૮૬-૧૯૨** |

# કોષ્ટક સૂચિ


| ક્રમ | કોષ્ટક વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૪.૧ | ઉત્તરદાતાની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૫૯ |
| ૪.૨ | ઉત્તરદાતાની જ્ઞાતિ અંગે માહિતી દર્શાવતું કોષ્ટક | ૬૦ |
| ૪.૩ | ઉત્તરદાતાની ઉંમર દર્શાવતું કોષ્ટક | ૬૧ |
| ૪.૪ | ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક | ૬૨ |
| ૪.૫ | ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૬૩ |
| ૪.૬ | ઉત્તરદાતાના પરિવારનાં સભ્યોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૬૬ |
| ૪.૭ | જાતિ પ્રમાણે બાળકોની સંખ્યા | ૭૦ |
| ૪.૮ | જીવનસાથીની પસંદગીની રીત દર્શાવતું કોષ્ટક | ૭૩ |
| ૪.૯ | ઉત્તરદાતા આંતરજ્ઞાતીય લગ્નમાં માન્યતા ધરાવો છો ? તે દર્શાવતું કોષ્ટક | ૭૬ |
| ૪.૧૦ | ઉત્તરદાતા અસ્પૃશ્યતામાં માને છે ? તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૭૯ |
| ૪.૧૧ | ઉત્તરદાતા આધુનિક પહેરવેશ સ્વીકારે છે ? તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૮૨ |
| ૪.૧૨ | ઉત્તરદાતા લગ્નના કયા પાસાને સ્વીકારે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૮૫ |
| ૪.૧૩ | ઉત્તરદાતાનો કુટુંબ વિશેના મતની માહિતી દર્શાવતું કોષ્ટક | ૮૮ |
| ૪.૧૪ | ઉત્તરદાતાને વાતચિત કરવામાં કઈ ભાષા ગમે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૯૧ |
| ૪.૧૫ | ઉત્તરદાતા મોજશોખનાંની માહિતી દર્શાવતું કોષ્ટક | ૯૪ |
| ૫.૧ | ઉત્તરદાતાના ગૃહવપરાશની ભૌતિક ચીજવસ્તુઓની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૦૧ |
| ૫.૨ | ઉત્તરદાતા પાસે પ્રત્યાયનના માધ્યમોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૦૫ |
| ૫.૩ | ઉત્તરદાતા પાસેના વાહનોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૦૯ |
| ૫.૪ | ઉત્તરદાતાના ઘરમાં ફર્નિચર અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૧૨ |

| | | |
|---|---|---|
| ૫.૫ | ઉત્તરદાતાના રહેણાંક અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૧૫ |
| ૫.૬ | ઉત્તરદાતાની વાર્ષિક આવકની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૧૮ |
| ૫.૭ | ઉત્તરદાતાના પરિવાહનનાં માધ્યમ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૨૧ |
| ૫.૮ | ઉત્તરદાતા ચુંટાણીમાં મત આપવા જાય છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૨૫ |
| ૫.૯ | ઉત્તરદાતા ચુંટાણીના ઉમેદવારની પસંદગી કઈ રીતે કરે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૨૮ |
| ૫.૧૦ | ઉત્તરદાતા જ્ઞાતિ મંડળના સભ્ય છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૩૧ |
| ૬.૧ | ઉત્તરદાતાના પરિવારમાં મુખ્ય વ્યક્તિનાં શિક્ષણની માહિતી | ૧૩૭ |
| ૬.૨ | ઉત્તરદાતાના બાળકોનાં શિક્ષણની માહિતી (માધ્યમનાં સંદર્ભે) દર્શાવતું કોષ્ટક | ૧૪૧ |
| ૬.૩ | ઉત્તરદાતાના બાળકોના શાળાનાં પ્રકારની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૪૫ |
| ૬.૪ | ઉત્તરદાતાના બાળકોનાં કોમ્પ્યુટર શિક્ષણ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૪૮ |
| ૬.૫ | ઉત્તરદાતાના બાળકોની અન્ય પ્રવૃતિની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૫૧ |
| ૬.૬ | ઉત્તરદાતાના બાળકોનાં કોચિંગ કલાસ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૫૫ |
| ૬.૬.૧ | ઉત્તરદાતાના બાળકોનાં કોચિંગના માધ્યમ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૫૮ |
| ૬.૭ | ઉત્તરદાતા આંતરધર્મીય લગ્નમાં માને છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૬૧ |
| ૬.૮ | ઉત્તરદાતા ધાર્મિક વિધિમાં માને છે તે અંગેની માહિતી | ૧૬૪ |
| ૬.૯ | ઉત્તરદાતાના ધર્મનાં આચરણ વિષેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૬૭ |
| ૬.૧૦ | ઉત્તરદાતા ધર્મગુરૂ કે સંતમાં માને છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૭૦ |
| ૬.૧૧ | ઉત્તરદાતા દાન આપવામાં માને છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૭૨ |

# પ્રકરણ: ૧
# વિષય પ્રવેશ

૧.૧ પ્રસ્તાવના

૧.૨ સંશોધન સમસ્યાની પસંદગી

૧.૩ સંશોધનના હેતુઓ

૧.૪ ઉપકલ્પના

૧.૫ ઉપસંહાર

# પ્રકરણ: ૧
# વિષય પ્રવેશ

## ૧.૧ પ્રસ્તાવના

દરેક માનવી વિવિધ પ્રવૃતિમાં સંકળાયેલો હોય છે.માનવ જાતિના ઉદભવ અને વિકાસના પ્રારંભિક તબકકાની વાત કરીએ તો આ સમય દરમિયાન પણ માનવી પોતાની જરૂરીયાત પૂર્ણ કરવા માટે પ્રવૃતિમાં કાર્યરત રહેતો. એ સમયનો મનાવી પોતાની પ્રાથમિક જરૂરીયાતો પૂર્ણ કરવા માટે ખોરાકની શોધમાં ભટકતો રહેતો અને આ શોધમાં ભટકતા ભટકતા તેણે ખેતી અને પશુપાલન જેવી પ્રવૃતિઓ અનેક સંઘર્ષ અને મુશ્કેલીઓ બાદ શોધી કાઢી. પ્રારંભિક સમયમાં મોટાભાગના લોકોની પ્રવૃત્તિ એક સમાન હતી. તેથી સમાજ વ્યવસ્થામાં સમાનપણુ જોવા મળ તુ હતું. પરંતુ બદલાતા જતા સમય અને સંજોગોના આધારે પ્રવૃતિઓમાં અનેક પરિવર્તનો આવવા લાગ્યા અને ધીમે ધીમે સમાજમાં વિભાગો પડતા ગયા.

દરેક માનવીએ પોતાનું જીવન ગુજારવા માટે કોઇને કોઇ પ્રવૃતિ કરવી પડે છે.આવી વિભિન્ન પ્રવૃતિઓ ધ્વારા વ્યકિત પોતાનું ગુજરાન ચલાવે છે. કેટલીક પ્રવૃતિઓ એવી હોય છે, જેના માટે ખૂબ જ શારિરીક શ્રમ કરવો પડે છે અને તેના બદલામાં ઓછું વળતર પ્રાપ્ત થાય છે જયારે કેટલીક પ્રવૃતિઓ એવી હોય છે જેમાં ઓછો શારિરીક શ્રમ કરવો પડે છે, અને વધુ વળતર પ્રાપ્ત થાય છે. વ્યકિતને પ્રાપ્ત થતા આ વળતર ધ્વારા વ્યકિત પોતાનું જીવન પસાર કરે છે. વ્યકિતને જે કાંઇ વળતર પ્રાપ્ત થાય છે તેના આધારે તેની જીવન જીવવાની શૈલી નકિક થતી હોય છે. જો વળતર ઓછુ હોય તો વ્યકિતની જીવનજીવવાની રિતી સામાન્ય કે નિમ્ન કક્ષાની હોય છે. અને વળતર જો વધુ હોય તો વ્યકિતની જીવન

જીવવાની રિતી ઉચ્ચ કક્ષાની હોય છે. આમ વ્યકિતને પોતાની પ્રવૃતિના બદલામાં મળતુ વળતર તેની જીવન જીવવાની કક્ષા કે શૈલી નકિક કરે છે.

પ્રાચિન સમયમાં કેટલાક લોકો ખેતરમાં ખૂબ જ મહેનત કરતા જેના બદલામાં તે ઉપજ મેળવતા. અને કેટલાક લોકો આવી તૈયાર થયેલી ઉપજની લે-વેંચ કરતાજેના બદલામાં તેઓ અમુક વળતર મેળવતા.ખેડૂતો અથાગ પરિશ્રમનાં અંતે ઓછું વળતર મેળવતા જયારે ઉપજની લે-વેંચ કરનાર સમૂહ ખૂબ જ ઓછા સમયમાં વધુ વળતર મેળવતા. આમ સમાજ વ્યવસ્થામાં વિવિધ પ્રકારના સ્તરોની વ્યવસ્થા ઉભી થઇ.આ વિભિન્ન સ્તરના લોકોનું જીવન પણ તેમના સ્તરની કક્ષા પ્રમાણે જુદુ-જુદુ હતુ.આ દરેક સ્તરનાં લોકોની જીવનશૈલી કેવી છે તે અભ્યાસનો વિષય બને છે જે એક સંશોધન માટેની સમસ્યા છે. પ્રસ્તુત સંશોધન તે બાબતને કેન્દ્રમાં રાખી હાથ ધરવામાં આવ્યું છે.

## ૧.૨ સંશોધન સમસ્યાની પસંદગી :

સમાજ અને સામાજિક જીવન જટીલ છે. કારણ કે તેની સાથે વિવિધ પરિબળો સંકળાયેલા હોય છે. માનવી તરીકે આપણા જીવન પર સમાજનાં આ બધા જ પાસાઓની કોઈને કોઈઅસર થતી રહે છે. આવા વિવિધ પાસાઓની અસર હેઠળ માનવી સમાજ સાથે આંતરક્રિયા કરે છે. આવી આંતરક્રિયાઓ દ્વારા માનવીનો બીજી વ્યકિત સાથેનો સંબંધ માનવીની જીવનશૈલી વગેરેની ભાત નકકી થાય છે.

માનવીની આસપાસનાં ઘણા બધા પરિબળોમાંથી કયાં પરિબળોની કેટલી અસર છે તે એક અભ્યાસ માંગી લે તેવી બાબત છે. માનવ પર અસર કરતાં વિવિધ પરિબળોને સમજવા એક મોડેલ નીચે મુજબ છે.




**માનવ જીવન પર અસર કરતા પરિબળોનું મોડેલ**

ઉપરનાં મોડેલમાં જોવા મળે છે કે માનવી પર વિવિધ પરિબળોની અસર સતત થતી રહે છે. આ બધા જ પરિબળોને કયારેક એક સાથે કયારેક ક્રમશઃ તો કયારેક કોઈ એક જ પરિબળ માનવ જીવન પર અસર કરે છે. કોઈ પરિબળ ની અસર વધુ હોય છે તો કોઈની ઓછી પરંતુ આ દરેકની આંતરક્રિયાથી માનવી પ્રભાવીત બને જ છે.

માનવની જીવન જીવવાની રીતને સમજવા માટે તેના પર અસર કરતાં વિવિધ પરિબળોની સમજૂતિ પણ મેળવવી પડે છે. અને તેથી જ પ્રસ્તુત અભ્યાસમાં મધ્યમવર્ગની જીવનશૈલીને સમજવા માટે તેમનાં પર અસર કરતાં વિવિધ પરિબળોને જાણવા જરૂરી બને છે, આ માટે સંશોધનો જરૂરી છે.

## ૧.૩ સંશોધનના હેતુઓ

કોઈપણ સંશોધન હેતુ વગર કરવામાં આવતું નથી હોતું. પછી તે સામાજિક હોય કે પ્રાકૃતિક દરેક સંશોધનના ચોકકસ હેતુઓ રહેલા હોય છે. જેટલા અંશે સંશોધનના હેતુઓ સ્પષ્ટ તેટલા અંશે સંશોધન વધુ વૈજ્ઞાનિક બની શકે કોઈ વ્યકિત જીજ્ઞાસા સંતોષવા સંશોધન કરે કોઈ જ્ઞાન પ્રાપ્તિ માટે સંશોધન કરે જયારે અમુક લોકો અભ્યાસના ભાગરુપે સંશોધન કરતાં હોય છે.

પ્રસ્તુત સંશોધન એ સંશોધકના અભ્યાસના એક ભાગરુપ છે. સમયના પ્રવાહમાં ઝડપથી બદલાતી મધ્યમવર્ગની જીવનશૈલી, વિચારો, વર્તન અને મહત્વકાંક્ષામાં પણ વધુ ઝડપથી બદલાવ આવ્યો છે. આ અનુસંધાને આધુનિક યુગની મધ્યમવર્ગ પર પડેલી અસરો તપાસવા આ સંશોધન હાથ ધરાયું છે.

કોઈપણ સ્વરુપના અભ્યાસમાં હેતુઓને સ્પષ્ટ કરવા અનિવાર્ય હોય છે. સંશોધનમાં સરળતા રહે, વૈજ્ઞાનિક અભિગમ જળવાય રહે તે માટે હેતુઓને નીચે મુજબ બે વિભાગોમાં વિભાજિત કરીને હેતુઓની સ્પષ્ટતા કરવામાં આવી છે.

(૧) સંશોધનના સંદર્ભમાં સૈદ્ધાંતિક હેતુ.

(૨) સંશોધનના સંદર્ભમાં વ્યવહારિક હેતુ.

પ્રસ્તુત સંશોધનમાં સૈદ્ધાંતિક અને વ્યવહારિક હેતુઓ નીચે પ્રમાણે છે.

o **સૈદ્ધાંતિક હેતુ :**

૧. મધ્યમ વર્ગની ખ્યાલાત્મક વ્યાખ્યા પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં સ્પષ્ટ કરવી.

૨. મધ્યમવર્ગના બદલાતા જતા વિવિધ ખ્યાલોને તપાસવા.

૩. મધ્યમવર્ગનો ઉચ્ચવર્ગ અને નિમ્ન વર્ગ સાથે (કેવા સ્વરૂપનો) કેવો સંબંધ છે તે સ્પષ્ટ કરવો.

૪. મધ્યમવર્ગનો ઐતિહાસિક અને વર્તમાન ખ્યાલ સ્પષ્ટ કરવો, તેની તુલના કરવી.

**o વ્યવહારિક હેતુ :**

૧. મધ્યમવર્ગીય જ્ઞાતિ સમુદાયોના રીતરિવાજો જાણવા વિશેષતઃ કયા રીતરિવાજો વ્યાપક રીતે પ્રચલિત છે.

૨. મધ્યમવર્ગીય કુટુંબમાં વર્તણુક ઢબ, વલણોની સમજ મેળવવી અને તેની તપાસ કરવી, સ્થાયી અને પરિવર્તનને તપાસવું.

૩. વ્યાવસાયિક જૂથ અને સેવાજૂથમાં આવેલા પરિવર્તનોને તપાસવા.

૪. મધ્યમવર્ગમાં શૈક્ષણિક ક્ષેત્રમાં આવેલ પરિવર્તનો તપાસવા.

૫. જાહેર જીવનના ક્ષેત્રમાં આવેલા પરિવર્તનને સમજવું.

૬. મધ્યમવર્ગના સામાજિક ઢાચાને (સંસ્થા) તપાસવો, અને તેમા આવતા પરિવર્તનોની નોંધ કરવી.

૭. કૌટુંબિક માળખાને તપાસવું.

- મધ્યમવર્ગીય કુટુંબની જીવનશૈલી જાણવા માટે.
- મધ્યમવર્ગીય કુટુંબોમાં આર્થિક ક્ષેત્રે આવેલ પરિવર્તન

    ૧. વ્યવસાય

    ૨. આવક

    - મધ્યમવર્ગમાં ધાર્મિક માન્યતાઓ કે ધર્મમાં આવેલ પરિવર્તનો જાણવાનો હેતુ.
    - મધ્યમવર્ગમાં લગ્નક્ષેત્રે આવેલ પરિવર્તનો જાણવાનો હેતુ.

## ૧.૪ ઉપકલ્પના :

- ઉપકલ્પના એક એવું વિધાન છે કે જેની યથાર્થતા તપાસવા માટે ચકાસણી પર મૂકી શકાય છે.

  –ગુડે હટ્ટ

- ઉપકલ્પના એવો એક પ્રશ્ન છે જેનો કોઈપણ પ્રકારનો જવાબ મેળ વવાનો હજી બાકી હોય છે.
- લુન્ડબર્ગ – ઉપકલ્પના એક એવું કામચલાઉ સામાન્યીકરણ છે. જેની યથાર્થતા ચકાસવાની હજી બાકી હોય છે.

- ઉપકલ્પનાના લક્ષણો નીચે મુજબ છે.
- **લક્ષણો :**

  ૧. ખ્યાલાત્મક સ્પષ્ટતા

  ૨. અનુભવજન્ય સંદર્ભ (ઉપકલ્પનાઓને મુલ્ય નિર્ણયોથી દૂર રાખવા)

  ૩. ચોકકસાઈપૂર્ણ

  ૪. ઉપલબ્ધ પ્રયુકિતઓ સાથે સંબંધિત

  ૫. પૂર્વસ્થાપિત સિદ્ધાંત સાથે સંબંધિત

- **કાર્યો :**

  ૧. સંશોધનને માર્ગદર્શન પૂરું પાડે છે.

  ૨. સંશોધનને અનુભવજન્ય ચકાસણી તરફ દોરે છે.

  ૩. સંશોધનનું ક્ષેત્ર નિર્ધારિત કરે છે.

  ૪. સંશોધનની પ્રયુકિત નિર્ધારિત કરે છે.

  ૫. સિદ્ધાંતની રચનામાં મદદરૂપ

  ૬. પ્રસ્થાપિત સિદ્ધાંતની ચકાસણી

૭. સિદ્ધાંત અને સંશોધન વચ્ચેની કડી બને છે.

## ૦ ઉપકલ્પના :

૧. બદલાતી જની લવચિક, મુકત, અને વૈશ્વીક અર્થવ્યવસ્થામાં મધ્યમવર્ગીય સમાજ–અર્થ વ્યવસ્થાનો ખ્યાલ સ્પષ્ટ કરવો, આ ખ્યાલ માત્ર રાજયએ કરેલી વ્યાખ્યા કે સમજુતી પર જ માત્ર આધાર રાખનારો ન હોવો જોઈએ પરંતુ ક્ષેત્રીય કાર્ય પર પણ આધારિત હોવો છે.

૨. મધ્યમવર્ગની આવક સ્પષ્ટ કરી તેમા વિવિધ જૂથની સમજૂતિ આપી, આ ઉપરાંત મધ્યમવર્ગમાં કયા કયા સેવા જૂથ અને વ્યવસાયી જૂથનો સમાવેશ થાય છે.

૩. શું ગુજરાતમાં (રાજકોટના સંદર્ભમાં) મધ્યમવર્ગનો વ્યાપ દેશના અન્ય રાજયો કરતા વધારે જોવા મળે છે ? મધ્યમવર્ગ મૂડીવાદી સમાજ વ્યવસ્થા – અર્થવ્યવસ્થા તરફ જઈ રહયો છે?

૪. મધ્યમવર્ગની જીવન શૈલીના વિવિધ પાસાઓ કયા કયા છે ? જીવનશૈલી પરત્વે કયા પાસાઓને વિશેષ મહત્વ આપવામાં આવે છે.

૫. આપણી સમાજવ્યવસ્થામાં ઓળખ જ્ઞાતિ પર આધારિત છે, મધ્યમવર્ગમાં કયા કયા જ્ઞાતિ જૂથનો સમાવેશ થાય છે ? તે બાબત તપાસવી અને જ્ઞાતિ જૂથ સાથે મધ્યમવર્ગને સંબંધ છે ? તે તપાસવો.

૬. મધ્યમવર્ગમાં તુલનાત્મક રીતે કેવા અને કયા પાસાઓમાં પરિવર્તન આવી રહયા છે ?

૭. મધ્યમવર્ગ મુખ્યત્વે કઈ કઈ સમસ્યાઓનો સામનો કરે છે ?

૮. મધ્યમવર્ગમાં શૈક્ષણિક સ્તરને તપાસવું અને તેમાં કેવા પરિવર્તનો

આવી રહયા છે ?

૯. મધ્યમવર્ગમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જાને તપાસવો.

૧૦. રાષ્ટ્રીય અને પ્રાદેશિક આર્થિક નીતિઓની મધ્યમવર્ગ પર કઈ કઈ અસર પડે છે તે તપાસવી.

## ૧.૫ ઉપસંહાર :

આ સમગ્ર પ્રકરણમાં અહીં સંશોધકે સંશોધન વિશે માહિતી આપેલ છે કે જેના લીધે અભ્યાસ ઉપર પ્રકાશ પડે અને ત્યાર બાદ સંશોધનનાં હેતુઓ વિશે પણ જાણકારી આપેલ છે. પ્રસ્તુત સંશોધનમાં ઉપયોગમાં લીધેલ ઉપકલ્પના વિશે પણ માહિતી આપવામાં આવેલ છે.

આમ ટૂંકમાં સંશોધનની યોજના દર્શાવેલ છે અને તે કઈ રીતે પૂર્ણ કરવામાં આવશે તે જણાવેલ છે. તથા આ અભ્યાસનું મહત્વ શું છે તે પણ જણાવેલ છે.

# સંદર્ભસૂચિ


| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. અક્ષયકુમાર દેસાઈ (૧૯૯૭) | : | ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. |
| ૨ | Shriram and Indradeva | : | "Crystalliration of the Traditional pattern of stratification in India" in Social Stratification in India (K.L. Sharma Ed.) New Delhi, Manohar Road. |
| ૩ | Sjnner (1913) | : | The forgotton men and other essays editer Rellar. |
| ૪ | Ogburn Nimkooff | : | A hand book of Sociology |
| ૫ | Buttomore T.B. (1965) | : | Classes in Modern Society London George Allen and Unwin Ltd. |
| ૬ | Young Kimball and Mark | : | Sociology and Social Life (1959) |
| ૭ | Maciver and Page | : | Society |
| ૮ | Mark K (1971) | : | A Critique of Political Economy Vol III Moscow : Progress Pub. |
| ૯ | Giddens Anthony (2001) | : | Sociology, 4th Edition, UK Polity Press. |
| ૧૦ | A Disctionary of the Social Science | | |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | A.R. Desai (1993) | : | Social background of Indian Nationalism, Bombay - Popular Prakashan. |
| ૧૨ | M.N. Shriniwas (1972) | : | Social Changing in Modern India, Delhi, Longman. |
| ૧૩ | Bottomore T.B. (1988) | : | Elite and Society : Australla Rengnin book. |
| ૧૪ | Mishra (1961) | : | The Indian Middle Classes London Oxford. |
| ૧૫ | Singh Yogendra (1996) | : | Social change in India crisis and Resplinece, New Delhi, Lar Anand Pub. |
| ૧૬ | Beteille Andre (2001) | : | The Indian Middle Class in the Hindu. |

# પ્રકરણ : ૨
# સંશોધન આયોજન

૨.૧ પ્રસ્તાવના

૨.૨ સામાજિક સંશોધનનો અર્થ

૨.૩ સંશોધનના સોપાનો

૨.૪ સંશોધનમાં નિદર્શ

૨.૪.૧ નિદર્શનો અર્થ

૨.૪.૨ સારા નિદર્શની લાક્ષણિકતાઓ

૨.૪.૩ નિદર્શની તપાસના ફાયદાઓ

૨.૪.૪ નિદર્શના પ્રકારો

૨.૪.૫ પ્રસ્તુત સંશોધનનો નિદર્શ

૨.૫ સંશોધનનું ક્ષેત્ર

૨.૫.૧ રાજકોટનો પરિચય

૨.૫.૨ રાજકોટનો ઐતિહાસિક પરિચય

૨.૫.૩ ભૌગોલિક વિસ્તાર તેમજ હવામાન

૨.૫.૪ ઉદ્યોગો

૨.૫.૫ વિશેષતા

૨.૫.૬ રાજકોટની હોસ્પિટલો

૨.૫.૭ રાજકોટની સરકારી હોસ્પિટલ

૨.૫.૮ રાજકોટના પુસ્તકાલયો

૨.૫.૯ રાજકોટની યાદગાર ઐતિહાસિક તવારીખ

૨.૫.૧૦ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉદ્ભવ

૨.૬ સંશોધનની પ્રવિધિઓ

૨.૭ ઉપસંહાર

# પ્રકરણ : ૨
# સંશોધન આયોજન

## ૨.૧ પ્રસ્તાવના :

માનવી એક સામાજિક પ્રાણી છે, એરીસ્ટોટલે આ વિધાન દ્વારા સામાજિક સંબંધની સમજૂતિ આપેલ છે. ખરેખર માનવી સમાજ વિના અને કયારેય ન રહી શકે તે કંઈક ને કંઈક પ્રવતિ કરતો જ હોય છે. દરેક માનવીના જીવનમાં સતત નવુ નવુ જાણવું, શીખવું તે તેના જીવનની જીજ્ઞાસા છે. હું પણ એક સામાજિક વ્યકિત જ છું. મને પણ સમાજમાં રહેતા જુદા જુદા જ્ઞાતિ, જાતિના માનવીઓની જીવનશૈલી જાણવા જોવાની ઈચ્છા મનમાં કરતી હતી. તેથી અહીંયા મધ્યમવર્ગની વિશિષ્ટ જીવનશૈલી જાણવાનો પ્રયાસ કરેલ છે. વળી સમાજશાસ્ત્રના અભ્યાસ તરીકે સમાજનાં ઘણા બધા પાસાઓ સમજવા હું સતત મથ્યા કરું છું.

મહાન તત્વવેતા એરીસ્ટોટલનું વિધાન છે કે, મનુષ્ય સામાજિક પ્રાણી છે. માનવી સમુહ જીવનની અંદર રહીને જ જીવન જીવી શકે છે. સમુહ જીવનને પ્રાણી જગતની વિશેષતા છે. આ સમુહજીવનમાં આર્થિક દૃષ્ટિકોણથી અનેક વર્ગો જોવા મળે છે અને તેમાંથી જ એક વિશિષ્ટ પ્રકારની જીવનશૈલી નિષ્પન્ન થાય છે. સમાજમાત્ર મુખ્ય ત્રણ વર્ગો જોવા મળે છે. ઉચ્ચ વર્ગ, મધ્યમવર્ગ અને નિમ્નવર્ગ આ ત્રણેય વર્ગોમાંથી સમાજમાં વિશાળ વર્ગ મધ્યમવર્ગીય જીવન વિતાવે છે. આજે ફકત ઉચ્ચ વર્ગમાં જ પરિવર્તનો જોવા ન મળતાં મધ્યમવર્ગમાં પણ ઘણાં બધા પરિવર્તનો આવેલા જોવા મળે છે. તેથી આપણે આ સંશોધનમાં મધ્યમવર્ગીય જીવનશૈલીમાં કયાં કયાં પરિવર્તનો આવેલા છે તે અંગેનો અભ્યાસ કરવાનો છે.

આમ જોઈએ તો સમગ્ર સમાજનો અભ્યાસ કરવો અતિ કઠિન છે અને તેથી જ સમાજમાં કોઈપણ એક ભાગને લઈને તેનો અભ્યાસ કરવો વધુ સરળ બને છે.

માનવ સમાજની શરુઆતથી જ માનવ મનમાં વિવિધ પ્રશ્નો ઉદભવતા આવ્યા અને સમયે સમયે પોતાની બૌદ્ધિક કક્ષા પ્રમાણે ઉતર મેળવવાનો પ્રયત્ન માણસે કર્યો છે. સામાજિક વિજ્ઞાનનો ઉદભવ નહોતો થયો ત્યાં સુધી માનવ વર્તન અંગેના પ્રશ્નો તત્વજ્ઞાનના ભાગરુપે ગણાતા અને તત્વજ્ઞાનીઓ આવા જુદા જુદા પ્રશ્નો પૂછી જવાબો મેળવવાનો પ્રયત્ન કરતાં હતાં પરંતુ જેમ જેમ સમાજ વિજ્ઞાનનો વિકાસ થતો ગયો તેમ તેમ લોકોના માનસ ઉપર ઉદભવતા પ્રશ્નોના જવાબો સામાજિક સંશોધન દ્વારા આપવામાં આવવા લાગ્યા પરંતુ કોઈપણ પ્રશ્ન કે સમસ્યા ઉત્પન્ન થાય કે તરત જ તેનો સચોટ ઉકેલ કે જવાબ હોતો નથી. આથી તેના માટે સામાજિક સંશોધન અનિવાર્ય બની રહે છે.

કોઈપણ સમાજમાં સમસ્યાઓ તો હોય જ છે અને આ સમસ્યાઓ શા માટે પ્રવર્તે છે તેની પાછળનાં કારણો અને ઉપાયો શોધવા માટે સમાજ વિજ્ઞાનમાં સંશોધન હાથ ધરવું જરુરી છે.

આમ, સામાજિક સંશોધન મુખ્યત્વે સામાજિક જીવનને લગતાં વૈજ્ઞાનિક જ્ઞાનમાં વૃદ્ધિ કરવા સાથે સંકળાયેલી પ્રક્રિયા છે. આ પ્રક્રિયા સામાજિક જીવનને લગતાં સિદ્ધાંતો સ્થાપવાનું ધ્યેય ધરાવે છે.

## ૨.૨ સામાજિક સંશોધનનો અર્થ :

સંશોધનને અંગ્રેજીમાં (Research) કહેવામાં આવે છે. જેનો અર્થ ફરીથી શોધવું તેવુ થાય. કોઈ પણ એક બાબતમાં કંઈક શોધ થઈ ગઈ હોય અને તે બાબતમાં ફરીથી દૃષ્ટિપાત કરવામાં આવે તો તેને 'સંશોધન' કહેવાય. વૈજ્ઞાનિક અર્થમાં સંશોધન  એટલે કોઈ નિશ્ચિત સમસ્યાને વૈજ્ઞાનિક રીતે કે વસ્તુલક્ષી રીતે સમજવાનો વ્યવસ્થિત પ્રયાસ. સંશોધનનો વ્યાપ ઘણો મોટો છે. સમસ્યાની પસંદગી પછી સમસ્યાના ઉકેલ માટે સંશોધક સંશોધનની યોજનાની રચના કરે છે. એટલે

કે, સંશોધન સમસ્યા અંગે ખ્યાલાત્મક માળખુ તૈયાર કરે છે. જેના આધારે સંશોધનનું સંચાલન થાય છે. સંશોધનની પ્રક્રિયામાં અનેક બાબતો એક બીજા સાથે સંબંધ ધરાવતી હોય છે. જે નિશ્ચિત ક્રમને અનુસરવાને બદલે સતત એકબીજામાં ભળીને એકબીજાને અસર કરે છે. આ પ્રવૃત્તિઓ એકબીજા પર એટલી પરસ્પરાવલંબિત હોય છે કે સંશોધન યોજનાનું પ્રથમ સોપાન મોટાભાગે અંતિમ સોંપાનના સ્વરૂપનો નિર્ણય કરે છે. આમ સંશોધકે અભ્યાસક્રમ માટે કેટલા એકમોને લગતી માહિતી એકત્ર કરવી છે. તે પહેલેથી નક્કી કરી લેવાનું હોય છે.

વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા જ્ઞાનમાં વૃદ્ધિ કરતું મૌલિક પ્રદાન એટલે સંશોધન જ્ઞાનમાં વૃદ્ધિ કરતું મૌલિક પ્રદાન નવી હકીકતોની શોધ સ્વરૂપનું હોઈ શકે છે. માનવી એક સામાજિક પ્રાણી છે. અને તે જીજ્ઞાસાવૃત્તિ ધરાવે છે. આમ પોતાની જીજ્ઞાસા અને જરુરીયાત સંતોષવા માટે નવા સંશોધન કાર્ય કર્યા કરે છે. આવી રીતે વ્યકિત નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્ઞાન પ્રાપ્ત કરવાની અનેક પદ્ધતિઓમાં કેટલીક પદ્ધતિઓનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કરવામાં આવે છે. જેમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો સમાવેશ થાય છે. સંશોધન એ એવી પ્રક્રિયા છે જેમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આમ ટુંકમાં કહીએ તો સંશોધન એટલે નવું જ્ઞાન મેળ વવાનો પદ્ધતિસરનો પ્રયાસ.

પી.વી. યંગ તેને વૈજ્ઞાનિક સંશોધનની પ્રાથમિક જરૂરીયાત તરીકે ઓળખાવે છે. આથી જ વૈજ્ઞાનિક રીતે સંશોધન કરવા માટે સંશોધકે યોજના બનાવવી જરૂરી બને છે. બીજી રીતે કહીએ તો, સંશોધન યોજના સંશોધન કાર્યને દિશા સૂચન આપવા માટેનું તાર્કિક અને સુયોજિત સાધન છે.

o **વ્યાખ્યા :**

– **જહોડા :**

'સંશોધનનો હેતુ વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉતરો શોધવાનો છે.'

– **મેનહિમ :**

'સંશોધન એટલે વિશિષ્ટ વિષયવસ્તુની સાવચેતીપૂર્ણ ખંતીપૂર્વકની સંપૂર્ણ શોધ છે કે જેનો હેતુ માનવ જગતના જ્ઞાનમાં વધારો કરવાનો હોય છે.'

– **પોલીન યંગ :**

'સામાજિક સંશોધન એ એક વૈજ્ઞાનિક સાહસ છે. તાર્કિક અને પદ્ધતિસરની પ્રવિધિઓની મદદ વડે નવી હકીકતો શોધવાનું અને જુની હકીકતોનું પરીક્ષણ કરવાનું તથા તેમની વચ્ચેના કાર્યકરણની સમજૂતિ આપવાનું તેમજ માનવ વર્તનનો વિશ્ર્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું તથા વૈજ્ઞાનિક ઉપકરણો ખ્યાલો અને સિદ્ધાંત વિકસાવવાનું ધ્યેય રાખે છે.'

– **પ્રો. ગોપાલ :**

'વસ્તુલક્ષી અને ચકાસણીજન્ય પદ્ધતિઓ દ્વારા હકિકતો શોધવા માટેની હકીકતો વચ્ચેનો સંબંધ શોધવા માટેની અને તેના આધારે સિદ્ધાંત કે નિયમો તારવવા માટેની વ્યવસ્થિત તપાસ એટલે સંશોધન.'

## ૨.૩ સંશોધનના સોપાનો :

સંશોધન એ કોઈ એક કાર્ય નથી, પરંતુ વિવિધ કર્યોનું સંશોધન છે તેથી સંશોધનનાં આરંભથી માંડી તેનો અંત સુધીમાં સંશોધન વિવિધ સોપાનોમાંથી કે તબકકાઓમાંથી પસાર થાય છે. જેના આધારે જહોડાએ સંશોધનનાં સોપાનોને આ મુજબ જણાવ્યા છે.

૧. સમસ્યાની પસંદગી

૨. હેતુઓ

૩. ઉપકલ્પનાનું નિર્માણ

૪. સંશોધનનું ક્ષેત્ર

૫. સમષ્ટી

૬. નિદર્શ

૭. પદ્ધતિ

૮. સાધન

૯. માહિતી એકત્રીકરણ

૧૦. માહિતુનં વિશ્લેષણ અને અર્થઘટન

૧૧. તારણો

૧૨. અહેવાલ લેખન

સંશોધન ઉપરોકત વિવિધ તબકકાઓમાંથી પસાર થાય છે જેને નીચે મુજબના મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવેલ છે.

૧. સંશોધન કાર્ય પૂર્વેનો તબકકો

૨. સંશોધનકાર્યનો તબકકો

૩. સંશોધન કાર્ય દરમિયાનનો તબકકો.

કોઈપણ સંશોધન ઉપરનાં મુખ્ય ત્રણ તબકકાઓમાંથી પસાર થાય છે. જે વિવિધ પેટા તબકકામાં વહેંચાયેલું છે. આમ સંશોધનના વિવિધ સોપાનો છે.

## ૨.૪ સંશોધનમાં નિદર્શ

### ૨.૪.૧ નિદર્શનો અર્થ :

સમગ્ર સમષ્ટિના એકમોને આવરી લઈને સંશોધન કરવું મુશ્કેલ

જ નહી પણ અશકય છે. તેથી સંશોધન માટે સમષ્ટિમાંથી પ્રતિનિધિરૂપે એકમો પસંદ કરવામાં આવે છે.

(૧) "નિદર્શ એટલે વિશાળ સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતાં ઉપસમૂહને નિદર્શ કહે છે. "

(૨) ‘‘સમષ્ટિનો ગમે તે ભાગ નિદર્શ નથી પરંતુ સમષ્ટિના જે ભાગને સમષ્ટિની લાક્ષણિકતાઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે તે ભાગને નિદર્શ કહેવાય.’’ – મુલર

(૩) જૂથનું લઘુચિત્ર સમષ્ટિની નાની આવત્તિ એટલે નિદર્શ – પોલિન યંગ

આ નિદર્શ પરથી પ્રાપ્ત થયેલાં પરિણામ પરથી સમગ્ર સમષ્ટિ માટેના પરિણામો તારવવા એ મનો વૈજ્ઞાનિક અભ્યાસનું મહત્વનું અંગ છે. આથી જ નિદર્શની પસંદગી ચોકકસ ધારા ધોરણો પ્રમાણે કરવામાં આવે છે. આ માટે વિવિધ પધ્ધતિઓ છે. સંશોધક પોતાના હેતુને ધ્યાનમાં રાખી ચોકકસ પધ્ધતિથી નિદર્શ પસંદ કરે છે.

### ૨.૪.૨. સારા નિદર્શની લાક્ષણિકતાઓ :

સારા નિદર્શની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે.

**૧. નિદર્શ સમષ્ટિનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરતો હોવો જોઈએ.**

નિદર્શમાં એકંદરે સમષ્ટિની બધી લાક્ષણિકતાઓ આવરી લેવામાં આવતી હોય તેવા નિદર્શને પ્રતિનિધિ નિદર્શ કહેવાય. એટલે કે સમષ્ટિમાં જે લક્ષણો સમાવેશ થતા હોય એવા બધા જ લક્ષણો પસંદ કરવામાં આવેલા નિદર્શમાં પણ હોવા જોઈએ જો આ પ્રકારે નિદર્શ પસંદ કરવામાં આવે તો તેને પ્રતિનિધિત્વ ધરાવતો નિદર્શ કહેવાય.

**૨. નિદર્શ પર્યાપ્ત કદનો હોવો જોઈએ.**

સમષ્ટિના પ્રમાણ મુજબ નિદર્શનું કદ નિશ્ચિત હોવું જોઈએ. નિદર્શ સમષ્ટિ કરતા સાવ ઓછું કે અસમતોલ ન હોવું જોઈએ. તેનાથી યોગ્ય માપન ન થઈ શકે.

**૩. નિદર્શના સભ્યોની પસંદગી સાવ નિરપેક્ષ હોવી જોઈએ.**

નિરપેક્ષ એટલે કે પક્ષપાત રહિત સમષ્ટિમાંથી જે નિદર્શ પસંદ કરવામાં આવે છે. તેમાં સભ્યોની પસંદગી કરતી વખતે પક્ષપાત ન રાખવો જોઈએ. તટસ્થતાથી નિદર્શની પસંદગી કરવી જોઈએ. જો પસંદગીમાં પક્ષપાત રાખેલ હોય તો તેમાં એક પ્રકારનો વળાંક આવે છે. અને તેની અસર પરિણામ ઉપર થાય છે.

### ૨.૪.૩ નિદર્શની તપાસના ફાયદાઓ :

નિદર્શની તપાસના ફાયદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.

**૧. ચોક્કસાઈ**

નિદર્શ પરનું માપન કરવાથી તેમાં ચોકકસાઈ આવે છે. સમષ્ટિ વિશાળ હોય છે. અને નિદર્શ તેનો નાનો સમૂહ હોય છે. વિશાળ સમૂહ કરતા નાના સમૂહ પર વધુ ચોક્કસાઈથી માપન કરી શકાય છે. આમ નિદર્શ પર ચોક્કસાઈથી માપન થઈ શકે છે.

**૨. બચત**

સમિષ્ટ વિશાળ હોવાથી તેના પર અભ્યાસ કરવામાં સમય, શકિત અને નાણાંનો સારા એવા પ્રમાણમાં ખર્ચ થાય છે. જયારે નિદર્શ નાનો હોવાથી સમયશકિત અને નાણાની બચત થઈ શકે છે.

**૩. ઝડપ**

સમષ્ટિ વિશાળ હોવાથી તેના પર અભ્યાસ કરતા સમયે ઘણો બધો સમય થાય છે. કારણ કે દરેક સભ્યનો સંપર્ક કરવો સમય માંગી લે છે. જયારે નિદર્શ નાનો સમૂહ હોવાથી ઝડપથી કામ થઈ શકે છે. અને નિષ્કર્ષો સરળતાથી તારવી શકાય છે.

**૪. વધુ સંશોધનને અવકાશ**

એક જ નિદર્શ પર વધારે સંશોધન કરી શકાય છે. એકથી વધારે સંશોધન પણ થઈ શકે છે.

**૫. સત્યતાની ખાતરી**

નિદર્શની તપાસ કરવાથી સત્યતાની ખાતરી થઈ શકે છે.

**૨.૪.૪ નિદર્શના પ્રકારો :**

નિદર્શ સમષ્ટિમાંથી પસંદ કરવામાં આવતો પ્રતિનિધી રૂપ એકમ છે. આ એકમ પસંદ કરવાની પધ્ધતિઓને નિદર્શન કહેવામાં આવે છે. નિદર્શનની પધ્ધતિઓને બે વર્ગોમાં વહેંચવામાં આવે છે.

— **સંભાવના નિદર્શ :**

૧. સાદો યદચ્છ નિદર્શ

૨. સ્તરીકૃત યદચ્છ નિદર્શ

૩. ઝૂમખા નિદર્શ

— **બીન સંભાવના નિદર્શ**

૧. આકસ્મિક નિદર્શ

૨. નિયત હિસ્સા નિદર્શ

૩. સહેતુક નિદર્શ

### ૨.૪.૫ પ્રસ્તુત સંશોધનનો નિદર્શ :

પ્રસ્તુત અધ્યયનમાં સાદા યદચ્છ નિદર્શની પધ્ધતિ પસંદ કરામાં આવી છે. કારણ કે સમય અને સગવડની દષ્ટિએ આ નિદર્શ વધુ અનુકુળ પડે છે. આથી રાજકોટ શહેરનાં વિવિધ વિસ્તારોમાંથી 250 મધ્યમવર્ગીય કુટુંબોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

## ૨.૫ સંશોધનનું ક્ષેત્ર

સમગ્ર ભારત કોઈપણ એક રાજ્યમાં મધ્યમવર્ગની વસ્તી વધુ હોય તેવું રાજ્ય ગુજરાત છે, અને આ ગુજરાત રાજ્યમાં એક અલગ પ્રાદેશિક ઓળખ ધરાવતો પ્રદેશ તે સૌરાષ્ટ્ર છે અને સૌરાષ્ટ્ર પ્રદેશની (જો કે, સૌરાષ્ટ્ર એ વહીવટી એકમ નથી.) મુખ્ય ગણાતું શહેર એ રાજકોટ છે. ગુજરાતમાં મધ્યમ વર્ગની સંખ્યા ૨૭% જેટલી છે, લગભગ આ જ સંખ્યા રાજકોટમાં પણ જોવા મળે છે. જો કે રાજકોટમાં મધ્યમ વર્ગની સંખ્યા વિષે અંદાજ લગાવવો મુશ્કેલ છે, પરંતુ ''સૌરાષ્ટ્ર હિત રક્ષક સમિતિ''ના અંદાજ મુજબ ૩૦% જેટલી વસ્તી મધ્યમવર્ગની થવા જાય છે. આ સંખ્યા કોઈપણ સંશોધન કે અભ્યાસના ક્ષેત્રની ક્ષમતા માટે પૂરતી છે, પરિણામ સ્વરૂપ મેં રાજકોટના વિવિધ વિસ્તારોને સંશોધનના ક્ષેત્રના નિદર્શ તરીકે પસંદ કરેલ છે. જેમાં,

૧. એસ્ટ્રોન સોસાયટી
૨. મનહર પ્લોટ
૩. જલારામ સોસાયટી, યુનિવર્સિટી રોડ
૪. બજરંગ વાડી, જામનગર રોડ
૫. માસ્ટર સોસાયટી, કોઠારીયા રોડ.

## ૨.૫.૧ રાજકોટનો પરિચય

ગુજરાતના મોટા શહેરોમાં સ્થાન ધરાવતું અને પોતાના ઓઈલ એન્જીનના ઉદ્યોગના વિકાસને કારણે દેશમાં ઔદ્યોગિક નકશામાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલ રાજકોટ. સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલું એક અત્યંત ઝડપથી વિકાસ પામતું શહેર છે.

સૌરાષ્ટ્રમાં એક પ્રગતિશીલ અને શ્રેષ્ઠ નગર તરીકેની પ્રતિષ્ઠા સંપાદન કરી ચૂકેલું આ શહેર જિલ્લાનું મુખ્ય મથક છે.

વર્ષ ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે રાજકોટ શહેરની વસ્તી દશ લાખ બે હજાર જેટલી હતી અને ભવિષ્યમાં વર્ષ ૨૦૧૧ માં રાજકોટની વસ્તી ૧૫ થી ૧૭ લાખ હોવાનું અનુમાન બંધાઈ રહ્યું છે. દેશના મારા તારણો પૈકી રાજકોટ મહાનગર સૌથી નાનું મહાનગર છે. તાજેતરમાં જ સૂર્યશક્તિ શહેર તરીકે રાજકોટ શહેર પસંદ પામ્યું છે. એ આપણા માટે ગૌરવની બાબત છે. એ જ રીતે ભારત સરકારે ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ માટે પણ રાજકોટ શહેર પસંદ કરેલ છે.

રાજકોટ રંગીન તબીયતનું શહેર છે. આ શહેર પાસે મગરના આંસુ નથી પણ રાજી થયા પછીનું મીઠું સ્મીત છે. અને અહિ તો માનવી મનથી મોકળો છે. ગુજરાત બહારના તમામ ગુજરાતીઓ રાજકોટના આશિકો છે. કારણ કે અહીં સુરત જેવું ક્રાઈમ, મુંબઈ જેવો રઘઘાટ, કે અમદાવાદ જેવી તંગદિલી નથી રાજકોટમાં શાંતિથી જીવી શકાય છે. અને અહીં જીવવાથી શાંતી મળે છે.૪

## ૨.૫.૨ રાજકોટનો ઐતિહાસિક પરિચય

ઈ.સ. ૧૬૧૦માં રાજકોટની સ્થાપના થઈ ત્યાર પહેલા રાજકોટથી ૪૦ કિલોમીટર દૂર સરધાર નામનું રજવાડું હતું. એકવાર સરધાર પર એક સુબાએ હુમલો કરી ગાદી પચાવી પાડી એટલે સરધારના રાજવી વિભાજી ગાદી પાછી મેળવવા માટે પોતાના બે મિત્રો મુળુ લાંગા અને રાજુ સંધી સાથે દિલ્હી ગયા. તે વખતે દિલ્હીમાં જહાંગીરનું રાજ હતું. એમ

કહેવાય છે કે વિભાજીને કેટલોક સમય જહાંગીરના મહેલમાં નોકરી કરવી પડેલી તેઓએ પોતાની ફરજ, નીતિમત્તા, પ્રમાણિકતા અને સચ્ચાઈથી બજાવી તેથી જહાંગીર પ્રસન્ન થયો અને વિભાજીને જે માંગવું હોય તે માંગવા કહ્યું. વિભાજીને આટલુ જ જોઈતું હતું. તેણે દિલ્હીની સફર એક જ મકસદથી ખેડી હતી એ મકસદ પાર પાડવા માટે જ તેઓએ બાદશાહની નોકરી સ્વીકારી હતી. તેથી વિભાજીએ સરધારની ગાદી પાછી મેળવવા માટે સનદ આપવાની વિનંતી કરી, બાદશાહે ખુશ થઈને સરધાર કબજે કરનાર સુબાને કાગળ લખીને રાજ પાછુ સોંપી દેવાનું જણાવ્યું. સરધાર પાછા આવીને વિભાજી ગાદી પર બેઠા ત્યારે દિલ્હીથી સાથે આવેલા તેમના મિત્ર રાજુસંધી પર ખુશ થઈને સરધારથી થોડે દૂર જમીન આપી હતી. એ જમીનના ટૂકડા પર રાજુ અને તેના કબીલાએ વસવાટ કરવા માંડયો. એટલે તેણે  રાજુનો નેશ  ગણવામાં આવતો. થોડા વર્ષો બાદ રાજધાની વસાવવાનો નિર્ણય લાગતા હાલનું રાજકોટ શહેર અસ્તિત્વમાં આવેલું છે. તે જમીન ધંધા ઉદ્યોગ માટે અનુકુળ લાગતા તેની રાજધાની તરીકે પસંદગી થઈ હતી. આ જગ્યામાં રાજુ સંધીનો નેશ વસતો હોવાથી તેની યાદગીરી હંમેશા જળવાઈ રહે તે હેતુથી નવી ઉભી કરાયેલી રાજધાનીને રાજકોટનું નામાભિધાન મળેલું છે.

ઈ.સ. ૧૭૨૦માં માસુમખાન નામના સરધારે રાજકોટ પર આક્રમણ કર્યુ. માસુમખાનનાં આક્રમણ સામે રક્ષણ કરતાં મહેરામણજીએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે. માસુમખાને રાજકોટને માસુમબાદ નામ આપ્યું. મેરામણજીનાં કુંવરોએ માસુમખાન સાથે બહારવટુ પોકાર્યુ. છેવટે ૧૨ વર્ષ પછી ૧૭૩૨ની સાલમાં પાટવી કુંવર રણમલજીએ માસુમખાનને મારી રાજકોટ પાછું જીતી લીધું અને રાજકોટનું માસુમાબાદ નામ ભુંસાઈ ગયું  ૬ ત્યારથી આજ પર્યંત આ શહરે રાજકોટનાં નામે ઓળખાય છે.

રાજકોટ જિલ્લામાં ૧૪ તાલુકાઓ અને ૮૫૫ ગામડાઓ આવેલાં છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં ૧૧ વિધાનસભાની બેઠકો આવેલી છે. અને શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક

શાળાઓની સુવિધા છે. રાજકોટ જિલ્લામાં આવેલ તાલુકાઓ જોઈએ.

૧. રાજકોટ

૨ માળિયા મિયાણા

૩ મોરબી

૪ ટંકારા

૫ વાંકાનેર

૬ પડધરી

૭ લોધીકા

૮ કોટડા સાંગાણી

૯ જસદણ

૧૦ ગોંડલ

૧૧ જામ કંડોરણા

૧૨ ઉપલેટા

૧૩ જેતપુર

૧૪ ધોરાજી

## ૨.૫.૩ ભૌગોલિક વિસ્તાર તેમજ હવામાન

રાજકોટ શહેર ૨૦.૧૮૦ ઉત્તર અક્ષાંશ અને ૭૦.૫૧૦ પૂર્વ રેખાંશ પર આવેલું છે. સમુદ્રથી તેની ઉંચાઈ ૧૩૮ મીટર છે. વિસ્તાર ૬૯ ચોરસ કીલોમીટર છે.

આ હદ મુજબ રાજકોટ શહેર પૂર્વ પશ્ચિમ અને ઉત્તર દક્ષિણ ૮ થી ૯ કિલોમીટર અંતર ધરાવે છે. હાલનું રાજકોટ શહેર તેની વૈજ્ઞાનિક મ્યુનિસિપલ હદ વટાવી અન્ય મોટા શહેરની જેમ વસવાટમાં અને વિસ્તારમાં ઘણું આગળ નીકળી ગયું છે. રાજકોટનો પશ્ચિમ સિમાડો નિર્મલા કોન્વેટ રોડ પર આવેલો છે. પણ હાલનું રાજકોટ તેનાથી આગળ વધી

સૌરાષ્ટ્ર કલાકેન્દ્રથી શરૂ કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સુધી વિસ્તરી ગયેલા છે. રાજકોટનો દક્ષિણ સિમાડો જે કોઠારીયા ગામ તે આંબી ગયો છે. રાજકોટનો ઉત્તર સિમાડો પણ દશ્યમાન નથી. કારણ કે નવાગામ, નલીયાસણ અને કુવાડવા સુધી વિસ્તરેલ છે. આમ રાજકોટ શહેરની વૈજ્ઞાનિક અને વાસ્તવિક સરહદ એક રહી નથી. જે સાબિત કરે છે કે રાજકોટ દિન ગુના, રાત ચોગુના વિસ્તરતું જાય છે.

હવામાનની દૃષ્ટિએ જોઈએ તો સામાન્ય રીતે ઉષ્ણ તાપમાન ૨૬ ડિગ્રી અને વધુમાં વધુ તાપમાન ૪૫ ડિગ્રી હવામાં ભેજનું પ્રમાણ સામાન્ય વરસાદ સરેરાશ વાર્ષિક ૬૨૦ મીલીમીટર છે.

## ૨.૫.૪ ઉદ્યોગો

આયોજન અને વિકાસના આજના યુગમાં અન્ય પ્રદેશોની સાથોસાથ ગુજરાત જે નોંધપાત્ર પ્રગતિ સાધી રહ્યું છે તેમાં રાજકોટ શહેરનો ફાળો સવિશેષ છે. સૌરાષ્ટ્રમાં રાજકોટનું જે ભૌગોલિક સ્થાન છે તેની દૃષ્ટિએ છેલ્લા કેટલાક દાયકાઓથી રાજકોટ સૌરાષ્ટ્રનું કેન્દ્રવર્તી મથક બની રહ્યું છે. વ્યાપાર વાણિજ્ય અને ઉદ્યોગના ક્ષેત્રે રાજકોટ અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રાજકોટ શહેરનાં નાના ઉદ્યોગો અને ખાસ કરીને એન્જીનીયરીંગ ઉદ્યોગોના અગ્રીમ કેન્દ્ર તરીકે આજે તો દેશભરમાં નામના પ્રાપ્ત કરી ચૂક્યું છે. ઓઈલ એન્જીનનાં ઉત્પાદનમાં ભારતમાં રાજકોટ પ્રથમ નંબરે છે. અહીં ઓઈલ એન્જીન ઓટોમોબાઈલ્સ પાર્ટસ ઉપરાંત મશીનરી ઉદ્યોગના અનેક નાના મોટા બે હજાર એકમો છે. સ્કૂટરના ઓટો પાર્ટસનું ઉત્પાદન પણ રાજકોટમાં બહોળા પ્રમાણમાં થાય છે. શહેરની નજીક પૂર્વ બાજુ ૨૮ કી.મી.ના અંતરે આવેલ બામણબોર પાસે કેટલાક મહા ઉદ્યોગો પણ સ્થપાયા છે. તે જ રીતે રાજકોટની દક્ષિણ બાજુ ૧૫ કિલોમીટર દૂર અન્ય નાની ઔદ્યોગિક વસાહત વિકસી છે. જે શાપર નામે જાણીતી છે. તથા મૌઝેક ટાઈલ્સ, પ્લાસ્ટીક ઉદ્યોગો અને અન્ય નાના-મોટા અનેક

ઉદ્યોગો ચાલે છે.

રાજકોટમાં રાષ્ટ્રીય શાળામાં હાથ વણાટના પટોળા બનાવવાનો ઉદ્યોગ પણ ચાલે છે. જેમ પાટણના પટોળા વખણાય છે તેમ રાજકોટના પટોળા એ પણ સારી એવી નામના મેળવી છે.

રાજકોટમાં ચાંદીની કલાત્મક કારીગરીનું શિક્ષણ આપતી હુન્નર શાળાઓ પણ ચાલે છે. ગુજરાતમાં આ પ્રકારની તાલીમ આપતી હુન્નર શાળાઓ માત્ર  રાજકોટમાં જ છે.

## ૨.૫.૫ વિશેષતા

૧૯૩૮ થી શરૂ થયેલી અને અત્યારે ઓટોમેટીક હાઈપ્રેશર વાળો ઈટાલીયન ટેકનોલોજીથી બનતી રોયલ બ્રાન્ડની મોઝેક ટાઈલ્સનું નામ મોટું છે.

રાજકોટમાં જુદી-જુદી એક ડઝન બ્રાન્કની ઘરઘંટી બને છે. મિલોન બ્રાન્કની ઘરઘંટી પરદેશના પાવર વોલ્ટેજને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. કારણ કે વિદેશમાં તેની ખપત છે. મ્યુઝીક સિસ્ટમ વાળી  ઈલાઈટ  ઘંટી પણ અહીં બને છે.

સંચાર માધ્યમો અને સંદેશા વ્યવહારની દષ્ટિએ વિચારીએ તો રાજકોટમાં પ્રાઈવેટ ટેલીફોન એક્સચેન્જ ખુલી રહ્યા છે. અને સ્પર્ધા કરી રહ્યા છે.

મનોરંજનની દષ્ટિએ જોઈએ તો અમદાવાદની સાયા કંપનીના માલિકો અને મુંબઈના અરૂણભાઈ મુંછાળા એ બનાવેલ ફનવર્લ્ડ ૧૯૯૦ માં શરૂ થયેલું. ફનવર્લ્ડ સૌરાષ્ટ્રમાં એક માત્ર છે. જુદી જુદી એક ડઝન રાઈડઝનો આ દિલ ધડકાવનારો અનુભવ રાજકોટને ગમ્યો છે. એ વાત સાબિત કરે છે કે રાજકોટ પરિવર્તન પોષ્યું છે.

## ૨.૫.૬ રાજકોટની હોસ્પિટલો

રાજકોટમાં સરકારી સહાય આપતી ખૂબ મોટી સિવિલ હોસ્પિટલ છે. તેમજ આ ઉપરાંત અનેક નાની-મોટી હોસ્પિટલો રાજકોટમાં વિકસતી જાય છે. રાજકોટની ખૂબ પ્રખ્યાત એવી વોકહાર્ટ હોસ્પિટલ, મધુરમ હોસ્પિટલ, દોષી હોસ્પિટલ, જનાના હોસ્પિટલ

જેવી અનેક હોસ્પિટલ છે. આ ઉપરાંત રાજકોટમાં અનેક હોસ્પિટલ બની રહી છે. પહેલા જે ઈલાજ માટે મુંબઈ, અમદાવાદ જેવા શહેરોમાં જવું પડતું તે હવે બધી જ સવલતો રાજકોટમાં મળી રહે છે. તાજેતરમાં જ રાજકોટ ખાતે અત્યાધુનિક સારવાર માટે સ્ટર્લીન નામની હોસ્પિટલ શરૂ કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્રના રાજકોટ શહેરમાં સૌથી વધારે હોસ્પિટલો આવેલી છે અને દિવસે ને દિવસે રાજકોટ શહેરમાં હોસ્પિટલોની સંખ્યા વધતી જાય છે.

### ૨.૫.૭ રાજકોટની સરકારી હોસ્પિટલ

૧. રાજકોટ જનરલ હોસ્પિટલ

૨. રાજકોટ જિલ્લા આરોગ્ય શાખા

૩. પદ્મકુંવરબા હોસ્પિટલ

૪. રસુલખાન ઝનાનાં હોસ્પિટલ

૫. જી.ટી. શેઠ આંખની હોસ્પિટલ

૬. કે.ટી. શેઠ બાળકોની હોસ્પિટલ

૭. કામદાર રાજ્ય વિમા હોસ્પિટલ

૮. વેસ્ટર્ન રેલ્વે હોસ્પિટલ

૯. રાજકોટ મ્યુનિસિપલ આરોગ્ય શાખા

### ૨.૫.૮ રાજકોટના પુસ્તકાલયો

રાજકોટની પ્રજા વાંચનની શોખીન છે. નવું જ્ઞાન મેળવનારી તૃષા ધરાવે છે તો તૃષા સંતોષવા માટે રાજકોટમાં જાહેર પુસ્તકાલયો જેવા કે જિલ્લા લાઈબ્રેરી, સર લાખાજીરાજ લાઈબ્રેરી, લેંગ લાઈબ્રેરી, જી.ટી. શેઠ શ્રીમતી પ્રભાદેવી, જયપ્રકાશ નારાયણ પુસ્તકાલય તથા વાચનાંલય એ મ્યુનિસિપલ સંચાલિત છે. બાળકો માટે ટોયઝ લાઈબ્રેરી પણ ચાલે છે.

ઉપરોક્ત દર્શાવેલ લાઈબ્રેરીઓમાં લેંગ લાઈબ્રેરી સૌથી જુની અને વિશાળ લાઈબ્રેરી છે. છેલ્લા ૧૨૫ વર્ષોથી રાજકોટ અને સૌરાષ્ટ્રના જીજ્ઞાસુ વાચકોની વાંચન તૃષા સંતોષતી

આ લાયબ્રેરી પ્રત્યે આદરભાવ પ્રગટે એવી એની સેવા છે. ગુજરાત રાજ્ય તરફથી રાજ્યની શ્રેષ્ઠ લાઈબ્રેરી તરીકેનું પ્રમાણપત્ર પ્રાપ્ત અને મોતિભાઈ અમીનને એવોર્ડ પ્રાપ્ત થયો છે.

## ૨.૫.૯ રાજકોટની યાદગાર ઐતિહાસિક તવારીખ

ઈતિહાસ અને સંસ્કૃતિ આ બંને બાબતો પ્રત્યેક રાષ્ટ્ર માટે મહામુલી ગણવામાં આવે છે.

અત્યારે વિકાસના પંથે હરણફાળ ભરી રહેલા રાજકોટની જ વાત કરીએ તો તેનો પ્રાચીન તેમજ મધ્યકાલીન ઈતિહાસ આપણી પાસે છે જ નહીં છતાંયે ઈતિહાસની વિવિધ બાબતોને પુર્વાપર સંબંધ બાંધી ભવ્ય ભૂતકાળના થોડા તાંતણે બાંધવાના પ્રયત્ન કરીએ.

- ૧૬૧૦ માં ઠાકોર વિભાજીએ રાજકોટની સ્થાપના કરી સૌરાષ્ટ્રના હૃદયસ્થાને રહેલ આ નગરોને પોતાના કાલ પ્રવાહના આરોહણ અવરોહણો નિહાળ્યા છે.
- ૧૭૨૦ માં માસુમખાને રાજકોટને જીતી તેને માસુમબાદ નામ આપ્યું.
- ૧૯૩૨ માં રણમલજીએ માસુમખાનને મારી ફરી રાજકોટને જુનું નામ આપ્યું.
- ૧૮૨૦ માં અંગ્રેજ શાસને રાજકોટમાં કોઠી તથા લશ્કરી છાવણી નાખી.
- ૧૮૮૯ માં વાંકાનેર સાથે રાજકોટનું રેલ્વે જોડાણ થયું.
- ૧૯૨૧ માં કાઠીયાવાડ રાજકીય પરીષદનું પ્રથમ અધીવેશન રાજકોટમાં ભરાયું.
- ૧૯૨૪ માં રવીન્દ્રનાથ ટાગોરે રાજકોટની મુલાકાત લીધી.
- ૧૯૨૫ માં રાષ્ટ્રીય શાળાના ઉદઘાટન સમારંભમાં મહાત્મા ગાંધી ઉપસ્થિત રહ્યા.
- ૧૯૪૯ માં ૧ લી ઓકટોમ્બરે રાજકોટની પ્રજાએ ચુંટેલી સુધરાઈ અસ્તિત્વમાં આવી.
- ૧૯૫૫ માં રાજકોટને રેડીયા સ્ટેશન સ્થાપવાનો લાભ મળ્યો.

- ૦ ૧૯૮૪ માં રાજકોટમાં ટી.વી. કેન્દ્રનું આગમન થયું.
- ૦ ૧૯૯૬ માં પ્રથમ વખત વન-ડે ઈન્ટરનેશનલ મેચ યોજાઈ.

### ૨.૫.૧૦ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉદ્‌ભવ

રાજકોટમાં લોકશાહીનો પાયો નાખાનાર સ્વ-લાખાજીરાજ દુરેદેશી પ્રજા પ્રત્યેની મમતા અને વિકાસની ભાવના ધરાવતા રાજવી હતા તેઓની વિચારસરણી લોકશાહી ઢબની હતી તે વખતે ૧૯૨૩ સાલમાં રાજકોટ સુધરાઈની રચના કરી પ્રજાના પ્રતિનિધિઓને સુધરાઈની કામગીરી સોંપી હતી. તેમના રાજ્યકાળ દરમ્યાન તેઓએ વિકાસના અને લોક કલ્યાણના કાર્યો બદલ સારી એવી ચાહના મેળવેલી હતી.

૧૯૪૭ માં દેશ આઝાદ થતા સૌરાષ્ટ્ર સરકારે ૧૯૪૯ માં સુધરાઈ રચવાનો વટહુકમ પ્રસિધ્ધ કર્યો. આ વટ હુકમના ફળ સ્વરૂપે રાજકોટની પ્રથમ લોકનિયુક્તિ સુધરાઈ તા. ૨૭/૯/૪૯ ના રોજ અસ્તિત્વમાં આવી.

૧૯૪૯ ની પહેલી ઓકટોમ્બરે રાજકોટની પ્રજાએ ચુંટેલી સુધરાઈ અસ્તિત્વમાં આવી. આમ રાજકોટની જનતાને પોતાને જ ચુંટેલી સુધરાઈ મળી પરંતુ કમનસીબે એ પછી સુધરાઈ બે વખત સુપરસીડ થવા પામી. ૧૯૫૭ માં ફરી સુધરાઈની પુનઃ ચુંટણી થતા ફરી સુધરાઈ કાર્યરત બની. ૧૨

કોર્પોરેશનના પ્રથમ મેયર થવાનું સૌભાગ્ય શ્રી રમેશભાઈ એમ. છાંયાને મળ્યું હતું.

૧૯૫૫ ની કોર્પોરેશનની ચુંટણી થતા તેમાં ભાતીય જનતા પક્ષને બહુમતી પ્રાપ્ત થયેલ છે. ૬૦ માંથી ૫૯ બેઠકો તેઓને મળેલ છે. આ ચુંટાયેલ કોર્પોરેટરમાંથી મેયર પદે શ્રીમતિ ભાવનાબેન જોષીપુરા નિયુક્ત થયેલા છે. સ્ત્રી મેયર તરીકે તેઓ રાજકોટમાં પ્રથમ છે.

રાજકોટ સાંસ્કૃતિક, ઔદ્યોગિક તેમજ વેપાર વાણિજ્યના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય આદાન-પ્રદાનમાં આગળ પડતું છે. સાથોસાથ ઈગ્લેન્ડના લેસ્ટર શહેર રાજકોટને ભગિનીનગર તરીકે સ્વીકારી મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે સાંસ્કૃતિક આદાન-પ્રદાન કરવાના કરાર કર્યા છે.

કોર્પોરેશન દ્વારા અવાર-નવાર જાહેર જનતા માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન થાય છે. રાજકોટમાં પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થા છે. તેમજ શિક્ષણ જગતમાં પણ રાજકોટ શહેરની હાર્દ સમાન ગણના થાય છે. રાજકોટ સૌરાષ્ટ્રનું મુખ્ય મથક હોવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની સ્થાપના પણ થયેલ છે.

## ૨.૬ સંશોધનની પ્રવિધિઓ

કોઈપણ સંશોધન માટે વિષય વસ્તુ જેટલું મહત્ત્વ અભ્યાસ પદ્ધતિનું છે. સંશોધનમાં પ્રવિધિઓની ખુબ અગત્યતા હોય છે. સામાજિક તથ્યોને જાણવા માટે કેટલીક પદ્ધતિઓની મદદ લેવામાં આવે છે. આ બધી માહિતી વેરવિખેર પડી હોય છે. આ માહિતી એકત્રીકરણ કરવામાં આવે છે. ત્યાર બાદ તેના ઉપરથી તેના તારણ કાઢવામાં આવે છે. સંશોધન કરતી વખતે જુદા જુદા તબક્કાને જુદી જુદી પ્રક્રિયાઓમાંથી સંશોધકને પસાર થવું પડે છે.

### ૦ ગ્રંથાલય પદ્ધતિ

અભ્યાસ વિષય પસંદગી મોટેભાગે દરેક સંશોધન માટે અટપટો પ્રશ્ન હોય છે. તેવા સંજોગોમાં અભ્યાસ વિષેની પસંદગી કરવા તેમજ પૂર્વે થયેલા સંશોધનો જાણવા સમજવા અને અભ્યાસ કરવા તથા વિષયને લગતુ સાહિત્ય તપાસવા સંશોધનને નવી દિશા આપવા સાહિત્યની સમીક્ષા માટે સંશોધનને અને સંશોધકને સંશોધનનો રાહ સ્પષ્ટ થાય તે માટે ગ્રંથાલયનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, સહાયક પદ્ધતિ તરીકે ગ્રંથાલય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

### ૦ વર્ણનાત્મક પદ્ધતિ

‘સંશોધક સામાજીક ઘટના શું છે તે વિષે પર્યાપ્ત જાણકારી ધરાવતો હોય અને તે અંગે વિશેષ જાણકારી મેળવવાના હેતુથી અને તેનું વર્ણન કરવાના હેતુથી કરવામાં આવતા સંશોધનને વર્ણનાત્મક સંશોધન કહેવાય તેમાં ઘટનાના વિભિન્ન પાસા તથા તેની વિશિષ્ટ વિગતોનું ચિત્ર રજુઆતપૂર્વક પરિભાષિત કરી તેનું વર્ણન કરવમાં આવે છે. આ રીતના સંશોધનથી અભ્યાસ

હેઠળની ઘટનાનું વિગતવાર ચિત્ર ઉપલબ્ધ બને છે.'

ο જી.જે.મોલેના અનુસાર 'વર્ણનાત્મક અથવા સર્વેક્ષણ સંબંધી સંશોધનનો ઉપયોગ શિક્ષણના ક્ષેત્રમાં સૌથી વધુ કરવામાં આવે છે તેના સર્વે નોર્મેટીવ સર્વે સ્ટેટસ અને વર્ણનાત્મક સંશોધન વગેરે નામોથી ઓળખવામાં આવે છે.'

આ અભ્યાસ વર્ણનાત્મક સંશોધન ઉપર રચાયેલું છે. સ્વૈચ્છીક સંસ્થા દ્વારા ગ્રામ્ય સમુદાયમાં આવેલ પરિવર્તનના હેતુને ધ્યાનમાં રાખીને સ્વૈચ્છીક સંસ્થા કેવી-કેવી પ્રવૃતિ કરે છે તે અમુક બાબત વિશે કેટલા ટકા લોકો કેવા અભિપ્રાયો ધરાવે છે વગેરે વિગતોનું વર્ણન કરવામાં આવે છે. તેમાં લોકોની સામાજીક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક વગેરે પ્રવૃતિઓને આવરી લઈને ગ્રામ્ય સમુદાયના જીવનશૈલીનું વિગતપૂર્ણ વર્ણન કરવામાં આવે છે.

**ο મુલાકાત-અનૂસૂચિ**

મુલાકાત અનુસૂચિ સર્વેક્ષણનું મહત્વનું સાધન છે. તે રચિત મુલાકાતમાં ઉપયોગમાં લેવાય છે. મુલાકાત અનુસૂચિએ પ્રશ્નોનો સંકુલ છે તે શ્રેણીબદ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. મુલાકાત લેનાર અભ્યાસ હેઠળની વ્યક્તિને રૂબરૂ મળીને પત્રક અનુસાર પ્રશ્નો પૂછે છે અને મળતા જવાબો આ પત્રકમાં મુલાકાત લેનાર પોતે જ ભરે છે આથી જણાશે કે મુલાકાત અનુસૂચિ પ્રશ્નાવલીની જેમ પ્રશ્નોનું બનેલું પત્રક છે પરંતુ તે મુલાકાત લેનાર જાતે ભારે છે.

પ્રો. ગોપાલના મતે ''એક અર્થમાં અનુસૂચિએ જોઈતી માહિતીને લગતી વિગતોની વિગતવાર વર્ગીકૃત આયોજન અને ક્રમબદ્ધ યાદી છે.'' સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી ઉતરદાતા પાસેથી યોગ્ય માહિતી મેળવવા અનુસૂચિ બનાવવામાં આવે છે. આ સંશોધનમાં લોકોને સ્પર્શે તેવા ગ્રામીણ પરિવર્તન પ્રશ્નના જવાબ મેળવવા માટે સરળ અનુસૂચિ તૈયાર કરવામાં આવી છે. ગ્રામ્ય સમુદાયમાં સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા કેટલાક પરિવર્તનો આવ્યા છે તે અંગેના તેના સામાજીક અને આર્થિક જીવન પર કઈ અસર પડી છે તે પ્રશ્નોને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. કુટુંબની માહિતી, સામાજીક માન્યતાઓ, આર્થિક પરિસ્થિતિ,

સ્વૈચ્છીક સંસ્થાની સહાય અને માર્ગદર્શન વગેરેની માહિતી મેળવવા અનુસૂચિ દ્વારા પ્રત્યક્ષ મુલાકાત કરીને પરસ્પર આંતર સંબંધોને જાણાવવા પ્રયાસ કરી પ્રશ્નો પણ પુછી શકયા હતા.

## ૨.૭ ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધન આયોજન અંગેના વિવિધ પાસાઓની વિસ્તૃત સમજુતિ આપવામાં આવેલી છે. સંશોધનમાં કોઈ એક પદ્ધતિને અનુસરવું તે વર્તમાન સમયમાં કઠીન કાર્ય છે. પરિણામ સ્વરૂપ અનેકવિધ સંશોધન પદ્ધતિઓનો સહિયારો ઉપયોગ કરીને સમગ્ર સંશોધનકાર્ય કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સંશોધનમાં પ્રવર્તમાન પદ્ધતિઓનો ઉપયોગ સિવાય યાંત્રિક પદ્ધતિઓનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

સંશોધનમાં જે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે સામાન્ય રીતે આયોજનના સંદર્ભમાં જ છે, અને સર્વગ્રાહી રીતે સંશોધન માટે એ જરૂરી પણ હોય છે.

## સંદર્ભસૂચિ


| | | | |
|---|---|---|---|
| ૧ | સંશોધન પદ્ધતિઓ | : | એ. જી. શાહ અને જે. કે. દવે અનડા પ્રકાશન, અમદાવાદ. |
| ૨ | Muller & Schussler | : | Statistical Resoning in Society (1960) |
| ૩ | સમાજશાસ્ત્રીય અભ્યાસ પદ્ધતિઓ | : | પ્રો. એ.આર. શાહ, પ્રો. આર. ચુડાસમા, પ્રો. એસ.ટી. જોષી, મે.બી.એ. પ્રકાશન, અમદાવાદ. |
| ૪ | M. H. Gopal | : | An Introduction to Research Procedure in Social Sciences, 1964. |
| ૫ | ગુડે અને હાટ | : | મેથડ ઈન સોશ્યોલોજી |
| ૬ | Selltiz Jahoda & Others | : | Research Method In Social Relation |
| ૭ | વિમળ પી. શાહ | : | સંશોધન ડિઝાઈન |
| ૮ | Johan Madge | : | Tools of Social Sciences |

# પ્રકરણ-૩

# સંદર્ભ સાહિત્ય

૩.૧ પ્રસ્તાવના

૩.૨ પૂર્વ અભ્યાસો

૩.૨.૧ આદિવાસીઓમાં સ્તરીકરણ અંગેના અભ્યાસો

૩.૨.૨ મીણા જનજાતિ સમૂહ મે ઉભરતે મધ્યમવર્ગ કે પ્રતિમાન

૩.૩.૩ આદિવાસી અગ્ર વર્ગ : સંતરામપૂર તાલુકાના સંદર્ભમાં સમાજશાસ્ત્ર અભ્યાસ

૩.૨.૪ જ્ઞાતિ વ્યવસ્થા પર શહેરીકરણનો અભ્યાસ

૩.૨.૫ ગુજરાતમાં જ્ઞાતિ, શિક્ષણ અને વ્યવસાય વીસમી સદીનું સમાજશાસ્ત્ર અવલોકન

૩.૨.૬ ભારતીય મધ્યમ વર્ગ

૩.૨.૭ આહિર જ્ઞાતીમાં ઉભરતો મધ્યમવર્ગ

૩.૩ વર્ગનો અભ્યાસ

૩.૩.૧ વર્ગનો ઉદ્‌ભવ વિકાસ

૩.૩.૨ વર્ગના પ્રકાર

૧. ઉચ્ચવર્ગ

૨. મધ્યમવર્ગ

૩. નિમ્નવર્ગ

૩.૪ સમાપન

# પ્રકરણ-૩

# સંદર્ભ સાહિત્ય

## ૩.૧ પ્રસ્તાવના

વર્તમાન (સમકાલીન) સમયમાં સમાજશાસ્ત્રના અભ્યાસનો પ્રવાહ આર્થિક વ્યવસ્થા અને સામાન્ય વિજ્ઞાનમાં શરૂ થયો છે. બદલાતા જતા આર્થિક સ્વરૂપને સમજવા માટેનાં પ્રવાહનો પ્રારંભ થયો છે. સમગ્ર ભારતમાં અને વિશેષ કરીને ગુજરાતમાં સમગ્રતયા મધ્યમવર્ગની વ્યવસ્થા સમાજજીવનમાં પ્રભાવી થઈ રહી છે. મધ્યમવર્ગને પોતાની એક આગવી જીવનશૈલી છે. આ જીવનશૈલી સમાજનાં અનેકવિધ પાસાઓને પ્રભાવિત કરે છે.

મધ્યમવર્ગનાં લોકો માટે ગુજરાતમાં એક સંક્રાંતિકાળનો સમયગાળો પસાર થઈ રહ્યો છે. મધ્યમવર્ગની જીવનશૈલીમાં લોકોનો જીવનવ્યવહાર અને શૈલી એક અલગ જ ભાત પાડી રહે છે અને આ બાબતનો અભ્યાસ સમાજશાસ્ત્રનાં વિવિધ અભ્યાસો તરફ દોરી જાય છે.

ભારતીય સમાજનાં સંદર્ભમાં સામાજિક સ્તરીકરણ અને અસામનતા અંગેના અભ્યાસો યોગેન્દ્રસિંહે (૧૯૯૬), કે.એલ.શર્મા (૧૯૮૬), ટી.કે.ઓમાન (૧૯૭૨) એ.આર.દેસાઈ બોમ્બેના મધ્યમ વર્ગનો અભ્યાસ (૧૯૬૮) તથા અન્ય સમાજશાસ્ત્રીઓએ કર્યા છે અને મધ્યમવર્ગના સંદર્ભમાં ખ્યાલાત્મક સ્પષ્ટતાઓ પ્રસ્તુત કરેલી છે. મધ્યમવર્ગ પર મહત્વપૂર્ણ પુસ્તકો બોટોમોર (૧૯૬૯) સી.રાઈટ મીલ્સ (૧૯૫૧) તથા ટ્યુમિન (૧૯૬૯) એ લખેલા છે. આ પુસ્તકોમાં મુખ્યત્વે મધ્યમવર્ગનો વિકાસ અને તેની લાક્ષણિકતા તથા સમીક્ષાઓ રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભારતીય મધ્યમવર્ગની લાક્ષણિકતાઓ અને સમીક્ષાના સંદર્ભમાં આન્દ્રેબેટેઈલી જાણાવે છે કે મધ્યમવર્ગોના વ્યવસાય બિનશારિરીક અને ઔપચારિક શિક્ષણ સાથે જોડાયેલ છે. નવીન મધ્યમવર્ગોનો ફેલાવો શિક્ષણની વિકસીત નવી વ્યવસ્થાઓ સાથે જોડાયેલ છે. શિક્ષણના ફેલાવામાં છેલ્લા ૫૦ વર્ષોમાં પોતાના ઉદેશ્યોને માત્ર મધ્યમવર્ગીય વ્યવસાયો પુરતો સિમિત

કર્યો છે. મધ્યમવર્ગોમાં પણ અનેકવિધ અસમાનતાઓ રહેલી છે. કેટલાક સમાજશાસ્ત્રીઓ દ્વારા એવું દર્શાવાયું છે કે જો વિકાસની પરિસ્થિતીઓ આવી જ રહી તો ધીમે ધીમે આ અસમાનતાઓ વધતી જશે. વ્યવસાય, આવક અને શિક્ષણનાં વર્તમાન ઉદ્દેશ્યો જૂની પરંપરાઓથી અલગ છે એટલે મધ્યમવર્ગના લક્ષ્ય પણ જૂની પરંપરાઓથી અલગ છે. જૂની સામાજિક વ્યવસ્થાથી જુદા મધ્યમવર્ગોની વિચારધારા સ્થાપિત સ્તરીકરણનાં આધાર પર નથી. પરંતુ સ્પર્ધાત્મક આધાર પર છે. એ ન ભૂલવું જોઈએ. સ્પર્ધાત્મક આધાર અસમાનતા ઉત્પન્ન કરે છે. ભારતમાં માનવીની પરંપરાગત અને મૂળભૂત ઓળખ સામાજિક સંસ્થા સાથે જોડાયેલી છે. પરિણામ સ્વરૂપ વર્ગની સાથે આ દરેક બાબતો જેવી કે કુટુંબ, જ્ઞાતિ, ધર્મ પણ ઉલ્લેખનીય છે.

ધીમે ધીમે જ્ઞાતિ વ્યવસ્થાના આધાર, શુદ્ધતા અને અશુદ્ધતાની અવધારણામાં ઉણપ આવવા લાગી છે અને તેના લીધે આંતરજ્ઞાતિય સંબંધો અને સ્ત્રી-પુરૂષોનાં સંબંધોમાં પરિવર્તન આવવા લાગ્યું છે. પરિણામ સ્વરૂપ એક એવી વિચારધારા ઉત્પન્ન થવા લાગી છે. જેમાં લોકો મધ્યમવર્ગીય વ્યવસ્થાને અપનાવવા લાગ્યા છે.

ભારતનાં મધ્યમવર્ગનાં સંદર્ભમાં બે પ્રકારની વિચારધારાઓ છે. એક વિચારધારા નકારાત્મક પરિણામોનો સંકેત કરે છે તો બીજી બાજુ ભારતીય સમાજમાં મધ્યમવર્ગનાં યોગદાનની હકારાત્મક ચર્ચા પણ કરેલી છે. આ વિચારધારા મુજબ મધ્યમવર્ગ આ દેશ માટે અને સમાજમાં મહત્વની ભૂમિકા- યોગદાન આપેલ છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મધ્યમવર્ગ રાજકિય નેતૃત્વ સંભાળ્યું હતું અને સામાજિક, રાજનૈતિક ક્રાંતિને પ્રોત્સાહિત કરી હતી. વૈજ્ઞાનિક વિકાસ અને તેના લાભોને સૌથી પહેલા મધ્યમવર્ગે જ અપનાવ્યા હતા. આ વિચારનું એવું પણ માનવું છે કે આ દેશમાં માહિતીક્રાંતિ લાવવાનો શ્રેય પણ આ મધ્યમવર્ગને જ જાય છે. ઔદ્યોગિક ઉત્પાદન, તેનો પ્રબંધ, રાજનૈતિક પ્રશ્નોમાં બૌદ્ધિક નેતૃત્વ, જનસંચારના માધ્યમોનો વિકાસ અને નવા મૂલ્યોના નિર્માણમાં મધ્યમવર્ગનો ખૂબ મોટો

હાથ રહ્યો છે. આધુનિક સમાજના નિર્માણમાં મધ્યમવર્ગની ક્ષમતાઓના યોગદાનની પણ ઉપેક્ષા થઈ શકતી નથી.

## ૩.૨ પૂર્વ અભ્યાસો

મધ્યમવર્ગ પરનો અભ્યાસ સા.વિજ્ઞાનમાં અભ્યાસનો નવો વિષય છે. ભારતમાં નવો વિષય છે એ.આર.દેસાઈ (૧૯૯૩) તથા પ્રો. એમ.એન.શ્રીનિવાસ (૧૯૭૯) યોગેન્દ્રસિંહ (૧૯૯૬) તથા પ્રો. એમ.એન.શ્રીનિવાસ (૧૯૭૨) વગેરેએ મધ્યમવર્ગ પર અભ્યાસો કરેલા છે. તેમના અભ્યાસો મધ્યમવર્ગનો વિકાસ અને મધ્યમવર્ગના અસ્તિત્વના સંદર્ભમાં જોવા મળે છે. મધ્યમવર્ગની આધુનિક માનસિકતા પર મહત્વપૂર્ણ ચર્ચા દિયાંકર ગુપ્તા (૨૦૦૦) એ કરી છે. બે ઈતિહાસકારો બી.બી.મિશ્રા (૧૯૬૨) અને સંજય જોષી (૨૦૦૧) એ એવી પરિસ્થિતિઓનો ઉલ્લેખ કરેલો છે જે મધ્યમવર્ગના નિર્માણ માટે જવાબદાર હતી. મધ્યમવર્ગના સંદર્ભમાં થયેલ કેટલાક મહત્વના અભ્યાસોનો અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

### ૩.૨.૧ આદિવાસીઓમાં સ્તરીકરણ અંગેના અભ્યાસો

ખાસ કરીને રાજસ્થાનના આદિવાસીઓમાં સ્તરીકરણ અંગેના અભ્યાસો રાજોરા (૧૯૮૭) રાવ (૧૯૮૮) કોઠારી (૧૯૮૫) દોશી (૧૯૯૨) અને મેનારિયા (૧૯૯૦) એ હાથ ધરેલા છે. આ અભ્યાસો આદિવાસી સામાજિક વ્યવસ્થામાં સ્તરીકરણના ઉદભવ બાબતે પ્રકાશ પાડે છે. વિકાસકાર્ય અને આદિવાસીઓની સ્તરરચનામાં પરિવર્તન અંગે મહત્વની કૃતિ જૈન (૨૦૦૧)ની છે.

**૩.૨.૨ રમેશચંદ્ર મંગલ :** (૨૦૦૨) મીણા જનજાતિ સમુહ મેં ઉજારતે મધ્યમવર્ગ અને પ્રતિમાન

**૩.૨.૩ મનોજ એન. પંડ્યા** : 'આદિવાસી અગ્રવર્ગ સંતરામપુર તાલુકાના સંદર્ભમાં સમાજશાસ્ત્રીય અભ્યાસ.

સ.પ.યુનિ., વિદ્યાનગર, માર્ચ ૨૦૦૦

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે મધ્યમવર્ગની વિભાવના અગ્રવર્ગ સાથે કરેલ છે તેમજ આદિવાસીની સામાજિક, આર્થિક, પાશ્વ ભૂમિકા તપાસવી, આદિવાસી અગ્રવર્ગમાં શિક્ષણનું પ્રમાણ તપાસવુ. આદિવાસી અગ્ર વર્ગના પોતાના સમાજ સાથેના અન્ય અધિકારીઓ સાથેનાં સંબંધો તપાસવા આ દરેક બાબતોનો અભ્યાસ કરેલો છે.

**૩.૨.૪ પ્રા.યજ્ઞેશ એમ.જોષી :** (૨૦૦૧) 'જ્ઞાતિ વ્યવસ્થા પર શહેરીકરણનો પ્રભાવ

પ્રો. જોશીએ શહેરીકરણની અસરથી જ્ઞાતિમાં કઈ રીતે વર્ગ ઉદભવે છે અને તેની અસરો તેમજ પરિવર્તનની ચર્ચા કરેલ છે.

**૩.૨.૫ પ્રા. ગૌરાંગ ટી. જાની** (૨૦૦૦) 'ગુજરાતમાં જ્ઞાતિ, શિક્ષણ અને વ્યવસાય વિસમી સદીનું સમાજશાસ્ત્રીય અવલોકન'

**૩.૨.૬ ડૉ. શ્યામસુંદર ઘોષ,** ગોડ્ડા સંતાલ પરગના ''ભારતીય મધ્યમ વર્ગ''

પ્રસ્તુત અભ્યાસમાં ભારતીય મધ્યમવર્ગની ચર્ચા કરવામાં આવેલી છે કે જે પ્રાચિન સમયથી લઈને જયારથી વર્ગનો ઉદ્‌ભવ થયો હતો અને સમાજમાં પ્રવર્તમાન વર્ગો વિશે ચર્ચા કરવામાં આવેલી છે.

**૩.૨.૭ રામસાહેબ** ''આહિર જ્ઞાતિમાં ઉભરતો મધ્યમવર્ગ-એક સમાજશાસ્ત્રીય અભ્યાસ'' (ગુજરાતના સૌરાષ્ટ્ર, માંગરોળ, તાલુકાના સંદર્ભમાં)

પ્રસ્તુત અભ્યાસમાં આહિર જ્ઞાતિમાં ઉદ્‌ભવ પામતો મધ્યમવર્ગ વિશે અને આહિર જ્ઞાતિમાં આવતા પરિવર્તનો અંગેનો અભ્યાસ કરવામાં આવેલ છે.

ગુજરાતમાં મધ્યમ વર્ગના વ્યાપક સમજૂતી આપવામાં પ્રા. ગૌરાંગ જાનીનો અભ્યાસ ઉલ્લેખનીય અભ્યાસ છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતનાં વિવિધ સમૂહોમાં શિક્ષણનું પ્રમાણ

રજૂ કરેલ છે. અનુ.જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગોમાં શિક્ષણના ઈતિહાસને વીસમી સદીના સંદર્ભમાં વર્ણવવા અને તેનું સમાજશાસ્ત્રીય અવલોકન કરવું, શિક્ષણના ફેલાવા માટે બંધારણ અને કાયદાની અસરકારકતાનું મૂલ્યાંકન કરવું, જ્ઞાતિ અને વ્યવસાયના સંબંધનું સ્વરૂપ અને પરિવર્તન દર્શાવવું. આ દરેક બાબતોનો અભ્યાસ કરવામાં આવેલ છે.

## ૩.૩ વર્ગના અર્થ

કોઈપણ સમાજશાસ્ત્રીય કે આર્થિક ખ્યાલની સમજુતી માટે આવશ્યક છે કે તેમની વ્યાખ્યા નક્કિ કરી લેવી જોઈએ. ‘સામાન્ય રીતે સમાજને અનેક રીતે વિભાજીત કરવામાં આવે છે. જેવા કે લીંગ આધારીત, વય આધારીત, જાતિ અને પ્રજાતિ આધારિત તેમજ ધર્મ આધારિત’ પરંતુ આ બધા આધારો આજના સમયમાં ખૂબજ જુના મનાય છે. અત્યારના સમયમાં સમાજનું વિભાજન વર્ગનાં આધાર પર કરવામાં આવે છે. વર્ગ એક પ્રકારનો સામાજિક એકમ છે.

કોઈપણ વર્ગમાં તે વર્ગના લોકોનો દરજ્જો અને હોદો મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વિશેષ તેનાથી જ લોકોનો વર્ગ નિર્ધારિત થાય છે. વ્યક્તિની આર્થિક, સામાજીક અને વ્યવસાય સ્થિતિ વર્ગ માટે મહત્વના પરિબળ છે. જેનાથી જ કોઈપણ વ્યક્તિનો હોદો બને છે. અને તેનાથીજ તેનો વર્ગ નક્કિ થાય છે. વ્યક્તિનું પદ અને તેમની સામાજિક સ્થિતિ અને આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને કિટસની આ પ્રસિદ્ધ પંક્તિઓનો દુરઉપયોગ કરીને કહેવામાં આવ્યું છે કે

**पद हि वेतन वेतन ही पद बस यही**

**जानते हम जग मे बस यहि अलम**

વર્ગના સંદર્ભમાં અનેક વિદ્વાનોએ પોતપોતાના ખ્યાલો રજૂ કરેલા છે જે આ મુજબ છે.

## ૧. કાર્લ માર્ક્સ

વર્ગના સંદર્ભમાં કાર્લ માર્ક્સ પોતાનો ખ્યાલ આપતા જણાવે છે કે વર્ગનું નિર્માણ 'ભૌતિક વિભાજનને આધારિત છે. તેમજ શારિરીક લક્ષણ, બૌધ્ધિક વિશેષતાઓ, ધર્મ, જાતિ, સંપ્રદાય વગેરે વર્ગ માટે આધારભૂત પરિબળો છે. વર્ગના ખ્યાલમાં આર્થિક વર્ગ (Economic Classes) છે જે ઉત્પાદનની પ્રણાલી પર વિકાસ પામે છે.

## ૨. મેકાઈવર

મેકાઈવર અને પેજના મત અનુસાર વર્ગનો આધાર ફકત આર્થિક સ્થિતિ જ નહિ પરંતુ સામાજિક સ્થિતિ પર પણ આધારિત છે.

## ૩. રોબર્ટ બસ્ટીડ

રોબર્ટ બસ્ટીડે વર્ગના આધાર તરીકે સાત પરીબળો જણાવ્યા છે જેમકે (૧) સંપતિ, આવક (૨) કુટુંબનો રકતસંબંધીત સમુહ (૩) રહેઠાણનું સ્થાન (૪) રહેઠાણનો સમય (૫) વ્યવસાય (૬) શિક્ષણ (૭) ધર્મ.

આમ વર્ગનાં સંદર્ભમાં જુદા જુદા સમાજશાસ્ત્રીઓએ પોતપોતાના ખ્યાલ રજૂ કરેલા છે. જેના પરથી જાણી શકાય છે કે વર્ગ માટે આર્થિક અને સામાજિક સ્થિતિ વધુ જવાબદાર માનવામાં આવે છે. આદિમ સમયમાં વર્ગ ભેદ વધારે પ્રમાણમાં ન હતો. કારણ કે મનુષ્યની આવશ્યકતાઓ પ્રકૃતિ દ્વારા જ પુરી થઈ જતી હતી. તેમજ વસ્તુઓનું સમાન વિતરણ હોવાથી કોઈજ વર્ગવિભાજન ન હતું. પરંતુ જેમ જેમ મનુષ્યએ પોતાના બૌધ્ધિક વિકાસ દ્વારા વસ્તુઓનું સ્વયં ઉત્પાદન કરવાનું શરૂ કર્યું તેથી શ્રમવિભાજન થયું અને વિતરણમાં પણ અંતર વધતું ગયું.

કાર્લ માર્કસના મત અનુસાર સમાજમાં મુખ્ય બે વિભાજો જોવા મળે છે. જેમનો આધાર ઉત્પાદનની પ્રણાલી પર છે, જેમાં એક એવો વર્ગ હોય છે જેમની પાસે ઉત્પાદનના

સાધનો હોય તેમજ આર્થિક, સામાજિક અને રાજકિય રીતે સધ્ધર હોય છે. જ્યારે બીજો વર્ગ એવો છે જે મજદૂર વર્ગ તરીકે ઓળખાય છે અને તે ઉત્પાદનનું કાર્ય કરે છે અને જે માલિક વર્ગ છે તેમના સહારે મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આર્થિક રીતે આ વર્ગ ખૂબજ ગરીબ અને સામાજિક રીતે શોષિત હોય છે. આમ માનવ ઈતિહાસમાં પ્રથમ યુગમાં (૧) માલિક અને (૨) નોકર અથવા દાસ આવા બે જ વર્ગો હતા.

સમાજશાસ્ત્ર અને વિવિધ સામાજિક વિજ્ઞાનમાં મધ્યમવર્ગ એ હંમેશા સંશોધન માટે રસનો અને પડકાર રૂપ વિષય બની રહ્યો છે. સંશોધક પાસે મધ્યમવર્ગના સંદર્ભમાં કેટલાક મુદ્દાઓ સમાજવિજ્ઞાનના સંદર્ભમાં વ્યાપક રીતે અભ્યાસ પ્રશ્નો બની રહ્યા છે જે નીચે પ્રમાણે છે.

(૧) વર્ગના ઉદ્‌ભવની પ્રક્રિયા અને તેની સાથે સંબંધિત પરિબળો

(૨) મધ્યમવર્ગની પરિભાષા અને તેનો ખ્યાલ

(૩) મધ્યમવર્ગના પેટા વિભાગો અને તેના પર અસર કરતા પરિબળો

ઉપર્યુક્ત બાબતોને પ્રસ્તુત અભ્યાસમાં ક્રમશ: સમજવાનો પ્રયાસ કરીશું.

### ૩.૩.૧ વર્ગનો ઉદભવ વિકાસ

સમાજ વ્યવસ્થામાં વ્યક્તિ દ્વારા કરવામાં આવતા કાર્યને આધારે વર્ગ વ્યવસ્થા ઉભી થઈ છે તેમ કિન્સલે ડેવીસ જણાવે છે. તેમના મતે માનવીએ જીવન ગુજારવા માટે વિવિધ પ્રવૃતિઓ કરવી પડે છે. કેટલીક પ્રવૃતિઓ માટે ખૂબજ ઓછા શિક્ષણની જરૂરીયાત છે અને આવી પ્રવૃતિનાં બદલામાં પ્રાપ્ત થતું વળતર ઓછુ હોય છે, કેટલીક પ્રવૃતિમાં ખૂબજ શિક્ષણની જરૂરિયાત છે અને આવી પ્રવૃતિનાં બદલામાં પ્રાપ્ત થતું વળતર ઉચ્ચ હોય છે ઓછું વળતર મેળવનાર અને ઉચ્ચ વળતર મેળવનાર એવા બે સમુહ સમાજમાં જોવા મળે છે. આ બન્ને સમૂહને કેવિસ વર્ગ તરીકે ઓળખાવે છે.

પ્રાચિન સમયમાં સમાજમાં આવા બે વર્ગ જોવા મળતા હતા. નિમ્ન વર્ગમાં ભૂદાસ, ખેતમજુરી, ગણોતિયા વિગેરેનો સમાવેશ થતો હતો જ્યારે ઉચ્ચ વર્ગમાં રાજા, પ્રધાનો, શાહુકાર અને મહાજનનો સમાવેશ થતો હતો. આ બન્ને વર્ગની સમૂહોની જીવનશૈલી અલગ અલગ જોવા મળતી. વિશ્વનો ઈતિહાસ વર્ગો વચ્ચેનાં સંઘર્ષનો ઈતિહાસ છે, તેમ કાર્લ માર્કસ જણાવે છે. માર્કસ જણાવે છે કે સમાજ વ્યવસ્થાનાં પાયામાં બે વર્ગો છે એક એવો વર્ગ છે કે જેની પાસે ઉત્પાદન સાધનોની માલીકી છે, અને બીજો એવો વર્ગ છે કે જેની પાસે શ્રમ છે. માલિકી ધરાવતા વર્ગનાં લોકોનું માનવું એવું છે કે સાધનોની માલિકી અમારી હોવાથી વધુમાં વધુ નફો અને મળવો જોઈએ. જ્યારે શ્રમિક વર્ગનું માનવું એવું છે કે ઉત્પાદન કરનાર ખરો વર્ગ અમે છીએ તેથી વધારેમાં વધારે વળતર અમને મળવું જોઈએ, આમ આ બન્ને વચ્ચેનો સંઘર્ષ એ વિશ્વનાં વર્ગ સંઘર્ષનો પાયો છે.

સમાજ વ્યવસ્થામાં માલિક અને મજૂર આવા બે વર્ગો ઉદભવ્યા, બન્ને વર્ગની પ્રવૃતિ અને જીવનશૈલી જુદી જુદી છે. સમય જતાં આ બન્ને વર્ગોને સાંકળતી કડી તરીકે એક નવા જ વર્ગનો ઉદભવ શરૂ થયો જે મધ્યમવર્ગ તરીકે ઓળખાવવા લાગ્યો.

પ્રાચિન સમયમાં સમાજમાં માત્ર ઉચ્ચ અને નિમ્ન એવા બે જ વર્ગોનું અસ્તિત્વ હતું. પરંતુ ૧૮મી સદીમાં વિશ્વમાં બનેલ ઘટનાઓને લીધે ત્રીજા મધ્યમવર્ગનો ઉદભવ અને વિકાસ થયો.

અંગ્રેજોનાં આધિપત્ય ધરાવતા દેશોમાં ઉચ્ચ અને નિમ્ન વર્ગનાં લોકો હતા. અંગ્રેજોની વ્યવસ્થા અને નિતીને કારણે આવા દેશોમાં ધીમે ધીમે મધ્યમવર્ગનો વિકાસ થવા લાગ્યો. ભારતમાં જ્ઞાતિ આધારિત સમાજ વ્યવસ્થા હોવાથી ભારતની વર્ગ વ્યવસ્થા પર જ્ઞાતિની અસર પણ જોવા મળે છે. ભારતમાં અંગ્રેજોનાં શાસન દરમ્યાન જે વર્ગ વ્યવસ્થા જોવા મળતી તે નીચે મુજબ છે.

૧. બ્રિટીશ સરકાર જમીનદાર વર્ગ

૨. અનિવાસી જમીનદાર વર્ગ

૩. જમીનદાર અને અનિવાસી જમીનદાર વર્ગ નીચેનો ગણોતીયા વર્ગ

૪. ઉપલા, વચલા અને નીચલા એવા ત્રણ સ્તરમાં વહેચાયેલા ખેડ જમીન માલીક વર્ગ

૫. ખેત મનહર વર્ગ

૬. વેપારી વર્ગ

૭. વ્યાજખોર અને શાહુકાર વર્ગ

ઉપરોક્ત વર્ગો બ્રિટીશ સરકારની નિતીઓ, મૂડીવાદી બાહ્ય જગતનાં વ્યાપારી અને ઈતર પરીબળોનો ભારતીય સમાજમાં થયેલો અંત પ્રવેશ અને ભારતમાં થયેલા આધુનિક ઉદ્યોગોનાં આરંભના કારણે અસ્તિત્વમાં આવ્યા હતા.

ભારતમાં અસમાનતાનાં આધાર પર વર્ગો ઉભા થયેલા જોવા મળે છે એવું માનવામાં આવે છે. વૈદિક કાળમાં દુનિયામાં ઘણા બધા સ્થાનોથી લોકો આવીને આ દેશમાં વસ્યા હતા તેની ઓળખને ભૂમિ સાથે જોડાયેલી હતી કે જે જ્યાંથી આવ્યા હતા. સંભવત: ભારતીય સામાજિક વ્યવસ્થામાં વર્ગોનાં નિર્માણની એ શરૂઆતની પ્રક્રિયા હતી, ત્યારપછી મધ્યમયુગમાં ભૂમિનું પ્રદાન કરવા, આધિપત્ય સ્થાપિત કરવા અને સેવાના વર્ગો સ્થાપિત કરવાથી જ્ઞાતિવાદી અસમાનતાનાં સોપાનોની સ્થાપના થઈ એમ પણ માનવામાં આવે છે કે ધાર્મિક આધાર પર ભેદભાવનાં લીધે પણ અસમાનતા ઉભી થઈ છે જેની સમક્ષ મેક્સ વેબર કરી છે.

આપણે જ્યારે ઉચ્ચવર્ગ, મધ્યમવર્ગ, નિમ્નવર્ગ જેવા શબ્દો ઉપયોગમાં લઈએ છીએ ત્યારે એક વર્ગ બીજા વર્ગથી દરજ્જાની બાબતમાં ઉંચો કે નીચો ગણીએ છીએ તેજ રીતે જુદી જુદી જ્ઞાતિઓને તેમના દરજ્જાની બાબતમાં એકબીજાથી ઉંચી કે નીચી ગણીયે છીએ.

અહિ ઉંચા કે નીચા જેવા ભેદભાવમાં સામાજિક અસમાનતા વ્યક્ત થતી જોવા મળે છે. આવા ઉંચનીચનાં ભેદભાવવાળા દરજ્જા જૂથોને સમાજશાસ્ત્રીય પરિભાષામાં ‘સ્તરજૂથો’ કહેવામાં આવે છે.

માનવ સમાજમાં સ્તરીકરણ સાર્વત્રિક ઘટના છે. કોઈપણ સમાજમાં લોકોનું ચઢતા કે ઉતરતાં ક્રમમાં વિભાજન થયેલું હોય છે. આ વિભાજન સમાજનો કોટીક્રમ માનવામાં આવે છે. વર્તમાન સમાજમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનું સ્તરીકરણ જોવા મળે છે જેની સમજૂતી હવે પછીનાં મુદ્દામાં આપવામાં આવી છે.

### ૩.૩.૨ વર્ગનાં પ્રકારો

સમાજ વ્યવસ્થામાં જોવા મળતા વિવિધ સ્તરોને આધારે સમાજ વ્યવસ્થાને ત્રણ સ્તરમાં વર્ગિત કરવામાં આવી છે. આ પણ સ્તર નીચે મુજબ છે.

૧. ઉચ્ચવર્ગ

૨. મધ્યમવર્ગ

૩. નિમ્નવર્ગ

ઉપરનાં ત્રણ વર્ગો દરેક સમાજમાં જોવા મળષ છે. આધુનિક સમાજમાં કોઈપણ સમાજ એવો જોવા મળતો નથી કે જેમાં કોઈ પ્રકારનાં સામાજિક સ્તર ન હોય. વર્ગવિહિન સમાજની કલ્પના જ અશક્ય છે.

સમનર જાણાવે છે કે મે મહેનત કરીને ઈતિહાસમાં શોધવાનો પ્રયત્ન કર્યો કે જ્યારે વર્ગ ધૃણા જોવા ન મળે હું એવો યુગ શોધી શક્યો નહી.

વિવિધ આધારો લઈને વર્ગ નક્કી થાય છે. પશ્ચિમ મિલ્કત દરજ્જો, લિંગ, જ્ઞાતિ, રક્તસંબંધો વગેરેને આધારે વર્ગ નક્કિ થાય છે. ભારતમાં જનમ જ વર્ગભેદનો આધાર બની રહે છે. કોઈ વિશિષ્ટ સમાજ અથવા સમુદાયમાં સમાન ‘સામાજિક દરજ્જો’ ધરાવવા વ્યક્તિઓનો

એક વિશિષ્ટ વર્ગ બને છે.

ઓગબર્ન નીમકોફના મતે 'એક સામાજિક વર્ગ સમાન સામાજિક દરજ્જાવાળા વ્યક્તિઓનો બને છે.' આ દરજ્જો શું છે? ઓગબર્ન નીમકોફ જાણાવે છે. એક વ્યક્તિનો દરજ્જો તેના સમુહમાં સ્થાન અને બીજાનાં સંદર્ભમાં તેનો ક્રમ છે.

આર્થિક દ્રષ્ટિએ નિર્મીત સામાજીક વર્ગોની ચર્ચા સૌ પ્રથમ કાર્લ માર્કસે કરી હતી. તેમના મત મુજબ અત્યાર સુધીના સ્થિત સમાજોમાં જે પણ સમાજ સ્થાપિત થયા છે તે બધાનો ઈતિહાસ આર્થિક આધારોને લીધે ઉત્પન્ન થતો વર્ગ તેમના પરસ્પર વિરોધી હિતોથી ઉત્પન્ન થતો સંઘર્ષ અને આ સંઘર્ષથી નિર્મિત થયેલ સામાજિક વ્યવસ્થાનો ઈતિહાસ છે. પરંતુ વર્ગના કેટલાય પ્રકારનાં વિશ્લેષણ પણ આપણી સામે આપવા લાગ્યા છે રેમન્ડે આ વિશ્લેષણોને બે પ્રકારની પરિભાષાઓથી પરિભાષિત કર્યો છે. પહેલી પરિભાષા પ્રમાણે વર્ગો એવા સામાજિક સમૂહ છે કે જે ઉત્પાદનની પ્રક્રિયાઓમાંથી ઉત્પન્ન થયેલ સ્થાનથી નિર્મિત થાય છે અને તે સ્થાનનું નિર્માણ ઉત્પાદનની પ્રક્રિયામાં કુશળ ભૂમિકા અને ઉત્પાદનના સાધનો સાથેના સંબંધોનાં આધારે બને છે. બીજી પરિભાષા મુજબ સામાજિક વર્ગ મૂળ વિસ્તૃત વ્યાપકતાનાં સંદર્ભમાં એક બીજાને આધારિત સમૂહ છે, જેની એકતા વ્યવસ્થાના આધારે નિર્મિત થાય છે અને તે એક સામાજિક ચેતનાના આધારે પોતપોતાને સંબંધોમાં જોડે છે. વર્ગ સ્તરીકરણ અન્ય પ્રકારનાં સ્તરીકરણોથી વિવિધ અર્થોમાં જુદા પડે છે. આધુનિક પરિભાષાઓ મુજબ વર્ગ એવા વ્યક્તિનો સમૂહ છે. જે આર્થિક સ્રોતોને લીધે અધિકારોની દ્રષ્ટિએ અલગ અલગ છે અને તેઓએ એક વિશિષ્ટ જીવનશૈલી અપનાવવી પડે છે. તેના લીધે વ્યવસાયની સાથે સંપતિના પણ અલગ ભાગ પડે છે અને તેમાંથી વર્ગ ઉભા થાય છે.

યંગ અને મેક લખે છે કે, સામાજિક વર્ગ દરજ્જાઓનું બનેલું જૂથ છે જે લગભગ સમાજ પ્રતિષ્ઠા ધરાવે છે અને એક વર્ગ બીજા વર્ગ કરતા દરજ્જાની બાબતમાં ઉંચો કે નીચો ગણાતો હોય છે.

મેકાઈવર અને પેજ જાણાવે છે કે સામાજિક વર્ગ સમાજનો એવો ભાગ છે જે સમાજનાં બીજા ભાગોથી દરજ્જાનાં સંદર્ભમાં જુદા પડે છે.

કાર્લ માર્કસ જાણાવે છે કે માત્ર શ્રમ શક્તિનાં માલીક મૂડી સ્વામી અને જમીનના માલીક જેમની આવકનો સ્રોત મંજુર લાભ અને જમીનનું ભાડુ છે તે આધુનિક સમાજમાં મૂડીવાદી ઉત્પાનની રીતો પર આધારીત છે જે ત્રણ વર્ગોનું નિર્માણ કરે છે.

માર્કસનાં મતે સમાજમાં લોકોનો આર્થિક આધારજ વર્ગોની વ્યવસ્થાનું નિર્માણ કરે છે. પરંતુ વેબર તેમના આ કથન સાથે સહમત નથી વેલર જાણાવે છે કે, વર્ગનો અર્થ વ્યક્તિઓ તથા સમુહો દ્વારા એક પ્રકારની પરિસ્થિતિમાં રહેવા સાથે સંબંધીત છે.

અમેરિકન સમાજશાસ્ત્રી ઈ.ઓ.રાઈટ, માર્કસ અને વેબરને જોડી એક સિદ્ધાંત સ્થાપવાનો પ્રયત્ન કરે છે. તેમના મત મુજબ આધુનિક મૂડીવાદમાં ત્રણ પક્ષ છે. જે આર્થિક સ્રોત પર પોતાનું નિયંત્રણ રાખે છે. આ પક્ષોથી ત્રણ પ્રકારનાં વર્ગો નિર્મિત થાય છે.

વર્તમાન સંશોધનોમાં વર્ગ પર આધારિત અસમાનતાઓને સમજવા માટે ગોલ્ડથોર્પનાં દ્રષ્ટિકોણનો પણ સ્વિકાર થવા લાગ્યો છે. તેમનો માપદંડ મહત્વનો છે. ખાસ કરીને આરોગ્ય, શિક્ષણ, ચુંટણીમાં મતદાનની પ્રક્રિયા માટે સામાજિક મનોવૃતિઓને સ્પષ્ટ કરવા માટે આ માપદંડ ખૂબજ મહત્વના છે. વ્યવસાયનાં આધાર ઉપરથી અહિ આપણે તેમની આર્તિક પરિસ્થિતિનો ચિતાર મેળવીને મધ્યમવર્ગમાં સમાવેશ પામતા ઘરોનો અભ્યાસ કરવાનો છે.

## ૧.૪ મધ્યમવર્ગ :

### ૧.૪.૧ પ્રસ્તાવના

કોઈપણ વિષયનો અભ્યાસ કરવા માટે સૌ પ્રથમ તેની પરિભાષા નક્કિ કરવી જરૂરી છે. આ દ્રષ્ટિએ મધ્યમવર્ગની પરિભાષા નક્કિ કરવી યોગ્ય છે. સામાન્ય રીતે સમાજને ઉંમર,

જાતિ અને ધર્મ વગરેના આધારે વિભાજીત કરવામાં આવે છે. પરંતુ આજે આ બધા આધારો જુના લાગે છે. અત્યારે સામાજીક વિભાજનનું કાર્ય વર્ગનાં આધારે કરવામાં આવે છે. આ વિભાજન પ્રાચીનરીતીથી થયેલ વિભાજન લાગે છે. આ રીતથી કરવામાં આવતા વિભાજનમાં ત્રણ વર્ગ રજુ થાય છે જેમાં

૧. ઉચ્ચ વર્ગ

૨. મધ્યમ વર્ગ

૩. નિમ્ન વર્ગ

આ વિભાજનમાં જે મધ્યનો ભાગ છે તે મધ્યમ વર્ગ તરીકે ઓળખાય છે. દરેક વર્ગોનાં દરજ્જાને આધારે તે વર્ગની પ્રવૃતિઓ નક્કિ થાય છે, મધ્યમ વર્ગની પ્રવૃતિઓ પણ તેનાં વર્ગનાં દરજ્જાને આધારે નક્કિ થાય છે. મધ્યમ વર્ગ એવો સમૂહ છે કે જેમાં એક જ પ્રકારનાં અનેક લોકોનો સમાવેશ થાય છે. જેમાં વ્યાપારી, ઉદ્યોગપતિ, બુદ્ધિજીવી અને અન્ય નોકરીયાત લોકોનો સમાવેશ થાય છે. આ બધાજ સમૂહોમાં મૂળભૂત સમાનતાઓ હોય છે, જેને કારણે તેઓ એક સૂત્રમાં બંધાય છે.

કોઈપણ વર્ગમાં તે વર્ગનાં લોકોનો દરજ્જો ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જેના આધારે તેમનો વર્ગ નક્કિ થાય છે. આ દરજ્જો આપમેળે નિર્માણ પામતો નથી, પરંતુ તેમની સામાજિક અને આર્થિક સ્થિતિ પ્રમાણે તે બને છે તેથી વર્ગ માટે વ્યક્તિની સામાજિક અને આર્થિક સ્થિતિ ખૂબજ મહત્વની માનવામાં આવે છે. કોઈપણ વ્યક્તિનો દરજ્જો તેની આર્થિક સ્થિતિ ઉપરાંત વ્યક્તિની આવક, વ્યવસાય, શિક્ષણ, વેશ અને પરમ્પરા જેવી બાબતો પર પણ આધાર રાખે છે. આ બધી બાબતોને આધારે મધ્યમવર્ગની વ્યવસ્થા આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### ૧.૪.૨ અર્થ

મધ્યમવર્ગનો અર્થ નીચે મુજબ આપી શકાય.

મધ્યમ વર્ગ સમાજનો વચ્ચેનો ભાગ છે. જે સમાજ પ્રાચિન રીતથી વિભાજીત કરતા બને છે. જેમાં એક જ પ્રકારનો દરજ્જો ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. જેમની આર્થિક અને સામાજિક સ્થિતિ વિશેષ હોય છે. જે તેમની ઉંમર, વ્યવસાય, શિક્ષણ અને વંશ પરંપરા પર આધારિત હોય છે.

પરિભાષા કોઈપણ બાબતને સ્પષ્ટ કરવા માટે જરૂરી છે, પરંતુ જે વસ્તુઓ ગતિશીલ હોય તેની સ્પષ્ટ પરિભાષા આપવી મુશ્કેલ છે. આવી મુશ્કેલીનો ઉકેલ બે રીતે પ્રાપ્ત થાય છે. એક તો એ મુશ્કેલીઓને સહીને પરિભાષા નક્કિ કરી લેવી, અને બીજુ તેની બદલાતી જતી ગતિનાં સંદર્ભમાં અલગ અલગ પરિભાષાઓ આપવી. બીજુ કાર્ય ખૂબજ વિશાળ છે. પરંતુ તે સચોટ છે. સામાન્ય રીતે તો પરિભાષા સંપૂર્ણ નથી હોતી, તેની સંપૂર્ણ બનાવવા માટે અન્ય સંદર્ભની જરૂરિયાત રહેતી જ હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ મધ્યમ વર્ગની પરિભાષા નક્કિ કરવામાં આવી છે.

### ૧.૪.૩ મધ્યમવર્ગનો ઉદય

મધ્યમવર્ગ શબ્દ અનેક અર્થોમાં ઈતિહાસનાં વિવિધ સોપાનોમાં સ્વીકારવામાં આવ્યો છે. આધુનિક સંદર્ભે તેનો અર્થ ગમે તે હોય પરંતુ ઈતિહાસની દ્રષ્ટિએ આ શબ્દની વ્યાખ્યા અલગ અલગ રહી છે. ૧૮મી સદીમાં મધ્યમવર્ગને વ્યવસ્થામાં મધ્યસ્થનાં રૂપમાં સમજવામાં આવતો હતો. રોમન અને ગ્રીક ભાષાઓમાં આ શબ્દની વ્યાખ્યા આજના સામાજિક સ્તરીકરણની જેમજ કરવામાં આવતી હતી. આ સદીમાં મધ્યમવર્ગ સાધારણ માનવીની ગતિશીલતાનો પથ દર્શક બની ગયો હતો. આ સમયે યુરોપીયન સમાજોમાં નવા પ્રકારનાં વ્યવસાય ઉભરી રહ્યા હતા જે યુરોપની પ્રગતિ અને સંપન્નતાને સૂચિત કરતા હતા.

૧૯મી સદીમાં મધ્યમવર્ગનો આકાર નિશ્ચિત કરવાનું ખૂબ મુશ્કેલ હતું. પરંતુ એવું સ્વીકારવામાં આવતું હતું કે, તેનો વિસ્તાર ખૂબ વધી ગયો હતો. સાથે સાથે મૂડીવાદી સ્તરીકરણથી વ્યાખ્યામાં તેને જોવાનું કાર્ય કઠીન ન હતું. ૧૯૪૫માં સી.ડબલ્યુ.મીલ્સ દ્વારા પોતાના એક અભ્યાસમાં મધ્યમવર્ગનાં ચાર સ્વરૂપોની ચર્ચા કરેલી છે જે નીચે મુજબ દર્શાવી શકાય.

૧. મોટા વ્યવસાય અને કાર્યકારી સંપતિ માલિક

૨. નાના વ્યવસાયી અને સ્વતંત્ર કાર્ય કરવાવાળા લોકો

૩. ઉચ્ચ ઉજળીયાત

૪. નિમ્ન ઉજળીયાત

મધ્યમ વર્ગનાં નિર્માણ સમયે ઘણી બધી વિચારસરણીઓ જોડાતી રહી છે. વેપારનો એકાધિકાર અને સર્વપ્રધાન સતાધારી સમયના પરિવર્તન સાથે નાના રોકાણકાર અને ઉદ્યમીઓનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. મૂડીવાદી સામંતવાદી તથા પ્રાચીન સામાજીક વ્યવસ્થા ઉપરનાં પ્રકારથી મધ્યમવર્ગનાં નિર્માણનો પ્રારંભ થયો.

મધ્યમવર્ગનાં નિર્માણનો ઈતિહાસ વાસ્તવમાં આધુનિક સમાજની નવી વ્યવસ્થાઓને સૂચિત કરે છે. વિશ્વમાં અન્ય ભાગોમાં પણ જ્યાં જયાં મૂડીવાદ અને સંસ્થાનવાદની સ્થાપના થઈ તેની સાથે મધ્યમ વર્ગ પણ ઉભરી આવ્યો છે.

### ૧.૪.૧ મધ્યમવર્ગનું વર્ગીકરણ

કોઈપણ વિષયને વધારે સારી રીતે સમજવા માટે તેનું વર્ગીકરણ કરવું જરૂરી બને છે. તેથી અહિ મધ્યમવર્ગને સમજવા માટે તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. વર્ગીકરણ વિવિધ આધારો પર કરવામાં આવે છે. આથી મધ્યમવર્ગનું વર્ગીકરણ ચાર બાબતોને આધારે કરવામાં આવ્યું છે.

૧. સમયની દ્રષ્ટિએ

૨. સ્થાનની દ્રષ્ટિએ

૩. આજીવિકાની દ્રષ્ટિએ

૪. સ્તરની દ્રષ્ટિએ

ઐતિહાસિક દ્રષ્ટિએ વિચાર કરતા મધ્યમ વર્ગને બે ભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. એક ઐતિહાસિક રૂપ અને બીજું આધુનિક રૂપ જેને કેટલાક લોકોએ પ્રાચિન મધ્યમવર્ગ અને આધુનિક મધ્યમ વર્ગ એવા નામ આપ્યા છે જેની સમજૂતી નીચે મુજબ છે.

**૧. પ્રાચિન મધ્યમ વર્ગ**

મધ્યમ વર્ગનાં પ્રાચિન રૂપને ઐતિહાસિક મધ્યમવર્ગ કહેવામાં આવે છે. આ અંગે ધૂર્યે જણાવે છે કે 'ઐતિહાસિક મધ્યમ વર્ગ, જે મુખ્યત્વે વેપારીઓ, વ્યવસાયિકોથી બનેલો છે. પંદરમી સદીમાં અંગ્રેજોનાં સમયમાં આ વર્ગ જણાય છે જેમ જેમ પગાર ધારકોની સંખ્યામાં વધારો થતો ગયો તેમ તેમ મધ્યમ વર્ગમાં અગાઉના સમૂહોનું પ્રમાણ ઘટતું ગયું છે.

મિલ્સ અમેરિકાનાં મધ્યમવર્ગનો અભ્યાસ કરતા જણાવે છે કે પ્રાચીન મધ્યમવર્ગ અને આધુનિક મધ્યમ વર્ગનું પ્રમાણ ઈ.સ.૧૮૭૦માં ૩૩:૦૬નું હતું. પરંતુ ઈ.સ.૧૯૪૦માં આ પ્રમાણ ૨૦:૨૪ થયું. આમ આ સ્પષ્ટ કરે છે કે સમય સાથે પ્રાચિન મધ્યમવર્ગનું પ્રમાણ ઘટતું ગયું છે. અને આધુનિક મધ્યમવર્ગનું પ્રમાણ વધ્યું છે.

મધ્યમવર્ગ સંબંધી આ વિચારો યુરોપીય દેશોનાં મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખી રજૂ કરવામાં આવ્યા છે. પરંતુ જો ભારતનાં પ્રાચિન મધ્યમવર્ગને ધ્યાનમાં રાખવામાં આવે તો જોવા મળે છે કે, ભારતમાં મધ્યમવર્ગનો વિકાસ યુરોપીય દેશો જેવો નથી. ભારતમાં મધ્યમવર્ગનો વિકાસ યુરોપીય દેશોની અપેક્ષાએ પહેલો થયો છે. તેનો સંબંધ ઉદ્યોગો, વ્યવસાય અને સાર્વત્રિક સેવાઓ સાથે છે. ભારતીય મધ્યમ વર્ગમાં મહાજન, શાહુકાર,

વેપારીઓ અને સેવા સાથે સંકળાયેલા લોકોનો સમાવેશ થાય છે.

### ૨. આધુનિક મધ્યમ વર્ગ

આધુનિક મધ્યમ વર્ગનો ઉદભવ પ્રાચિન મધ્યમવર્ગ પરિવર્તન કાળમાં થયો છે. ધૂર્યે તેને વેતન સંબંધી મધ્યમ વર્ગ કહે છે, તેઓ કહે છે કે વેતનધારકો પાસે ઉત્પાદનનાં સાધનો હોતા નથી, પોતાની સેવા વહેચીને તેઓ જીવે છે. આ અર્થમાં તેઓ મજૂર સાથે સમાનતા ધરાવે છે, તેઓ મૂડીવાદીઓથી અલગ હોય છે. પ્રવૃતિઓ, વિચારી અને આદર્શોની દ્રષ્ટિએ તેમનો સંબંધ બધા વર્ગો સાથે હોય છે. મૂડીવાદીઓની જેમ તેઓ પણ બૌદ્ધિક શ્રમ કરે છે, મજૂરોની જેમ શારીરિક શ્રમ તેઓ કરવા નથી. આ વર્ગનો એક ભાગ મૂડીપતિઓની હિમાયત કરે છે. જયારે બીજો ભાગ તેમનો વિરોધ કરે છે. અહિ વિકાસ માટે સતત તક હોવાથી સુરક્ષાનું વાતાવરણ નિર્માણ પામે છે, અને આયોજન પૂર્વકનું જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે.

મિલ્સે પોતાના પુસ્તક 'The White Coller' માં વેતનધારીઓને બે ભાગમાં વહેચ્યા છે. એક એવા લોકો કે જેઓ યુ.કે.માં બ્લેક કોર્ટેડ કહેવાય છે અને બીજા મજુરો પ્રાચિન મધ્યમવર્ગની તુલનામાં આધુનિક સમયમાં આ નવિન મધ્યમનું પ્રમાણ વધી રહ્યું છે.

મધ્યમ વર્ગ સંબંધી આ વિચારો યુરોપીય દેશોને ધ્યાનમાં રાખી રજૂ કરવામાં આવ્યા છે. જે દેશોમાં ઉદ્યોગીકરણની પ્રક્રિયા ઝડપથી થતી હોય તેવા દેશોમાં આ વર્ગનો વિકાસ ઝડપી બને છે. ભારતીય સમાજ વ્યવસ્થાનાં સંદર્ભમાં વિચાર કરીએ તો અહિયા એવા લોકો મળે કે જે યુરોપિય વેતનધારીઓ કરતા અલગ છે.

આમ, સમયને આધારે મધ્યમ વર્ગને બે વર્ગમાં વર્ગિકૃત કરવામાં આવ્યા છે.

### ૦ સ્થાનની દૃષ્ટિએ

મધ્યમ વર્ગને સ્થાનની દૃષ્ટિએ વિવિધ વર્ગોમાં વિભાજીત કરવામાં આવે છે. આ

વર્ગિકરણમાં મધ્યમવર્ગને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે.

### ૧. શહેરી મધ્યમ વર્ગ

શહેરી મધ્યમ વર્ગ તરીકે એવા વર્ગને ઓળખવામાં આવે છે કે જે શહેરોમાં વસવાટ કરે છે. જેમાં મુખ્યત્વે નોકરી, વેપાર અને ઉદ્યોગાનાં ક્ષેત્રોમાં મધ્યમવર્ગીય લોકોનો સમાવેશ થાય છે.

ઉદ્યોગો મુખ્યત્વે શહેરોમાં જ વિકાસ પામે છે. કેમકે શહેરમાં ઉદ્યોગો માટે આવશ્યક બધી જ સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. જયારે અમુક મોટા ઉદ્યોગો શહેરની ગીચવસ્તીમાં સ્થાયી નથી શકાતા તેથી તે શહેરોની આજુબાજુ આવેલ ગ્રામ્ય વિસ્તારમાં સ્થાપવામાં આવે છે અને તે જ ઉદ્યોગ વિકાસ પામે ત્યારે તે ગ્રામ્ય વિસ્તાર પણ શહેરી વિસ્તારમાં સમાવેશ પામતો હોય છે.

શહેરી મધ્યમવર્ગીય લોકોમાં મુખ્યત્વે શહેરી, વેપાર અને ઉદ્યોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારની સરખામણીમાં શહેરી મધ્યમવર્ગના લોકો વધુ સગવડતાભર્યુ જીવન જીવતા હોય છે અને પોતાના  બાળકોના શિક્ષણ માટે પણ વધુ સજાગ હોય છે.

શહેરી મધ્યમવર્ગીય લોકોનો એક બીજા સાથેનો સંપર્ક પણ નહિવત હોય છે અને ત્યા સામુહિકતાથી નહિ પરંતુ લોકો વૈયક્તિકતામાં વધુ રસ ધરાવે છે. ભારતમાં શહેરી મધ્યમવર્ગનો વિકાસ મુખ્યત્વે અંગ્રેજોના આગમન પછી થયો. અંગ્રેજોએ ભારતમાં આવીને શરૂ શરૂમાં સમુદ્રતટના શહેરોનો વધુ વિકાસ કર્યો જેવા કે કલકતા, મદ્રાસ ત્યારબાદ જેમ જેમ અંગ્રેજો દેશની અંદર પ્રગટશે તેમ તેમ શહેરોના વિકાસનો ક્રમ આગળ વધતો ગયો અને તેની સાથે આધુનિક શહેરીમધ્યમવર્ગનો વિકાસ થતો ગયો.

### ૨. ગ્રામીણ મધ્યમવર્ગ

ગ્રામીણ મધ્યમવર્ગ તરીકે એવા વર્ગને ઓળખવામાં આવે છે કે જે ગ્રામ્ય વિસ્તારમાં

વસવાટ કરે છે અને તેમનો મુખ્ય વ્યવસાય ખેતી, વેપાર હોય છે. ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા હોવા છતા તેમના જીવન પર શહેરીજીવન શૈલીનો પ્રભાવ જોવા મળે છે. ગ્રામીણ મધ્યવર્ગીય લોકો પોતાના બાળકોને અભ્યાસ કરાવવા માટે શહેરમાં રાખવાનું વધારે પસંદ કરે છે.

તેમજ ગ્રામીણ મધ્યમવર્ગીય લોકો પોતાની સગવડતા માટે શહેરોમાં પોતાનાજ માલીકીના મકાન પણ વસાવે છે. જેથી તે પોતાના બાળકોને પણ શહેરોમાં અભ્યાસ કરાવી શકે.

### ૦ આજીવિકાની દ્રષ્ટિએ

મધ્યમવર્ગને આજીવિકાની દ્રષ્ટિએ મુખ્ય ત્રણ વિભાગોમાં વિભાજીત કરવામાં આવે છે જેની સમજૂતી નીચે મુજબ છે.

### ૧. ઉચ્ચમધ્યમવર્ગ

મધ્યમવર્ગના મુખ્ય ત્રણ પેટાપ્રકારોમાં સૌપ્રથમ ઉચ્ચ મધ્યમવર્ગનો સમાવેશ થાય છે. આ વર્ગમાં સમાવેશ પામતા લોકોમાં ડોકટર, વકીલ, સરકારી કર્મચારી તેમજ કંપનીઓના ડાયરેકટર તેમજ વેપારીઓનો સમાવેશ થાય છે તેમજ ઉચ્ચ મધ્યમવર્ગને મહદઅંશે ઉચ્ચ વર્ગની સમાન માનવામાં આવે છે. કેમકે ઉચ્ચ મધ્યમવર્ગની જીવનશૈલી અને તેમની રીતભાત પણ સમાજમાં ઉચ્ચવર્ગને મળતી આવતી હોય છે. કેમકે સમાજમાં ભલે મધ્યમવર્ગમાં સમાવેશ પામતા હોય પરંતુ તેમ છતાં આ વર્ગના લોકો પોતાનો ઉચ્ચવર્ગ તરીકેની છાપ ઉભી કરવા માંગતા હોય છે. આર્થિક રીતે પણ તે મધ્યમ મધ્યમવર્ગીય અને નિમ્નમધ્યમવર્ગીય લોકોની સરખામણીમાં વધુ સદ્ધર હોય છે. તેમને સમાજમાં પણ આગવું સ્થાન હોય છે. પરંતુ તેમ છતાં તે પોતાની સરખામણી સમાજમાં ઉચ્ચવર્ગ સાથે કરવા માંગતા હોય છે.

## ૨. મધ્યમ-મધ્ય વર્ગ

મધ્યમ-મધ્ય વર્ગ સમાજ વિજ્ઞાન અને અર્થશાસ્ત્રમાં લોકપ્રિય પરિભાષા છે. આ વિભાજનનો (પ્રકાર) આધાર આર્થિક માપદંડો અને આવક પર રહેલો છે.

મધ્યમ-મધ્યમ વર્ગમાં સામાન્ય રીતે ઉચ્ચ કક્ષાના નોકરીયાત, વકીલ, ડોક્ટર, અધ્યાપકનો સમાવેશ કરવામાં આવે છે.

સામાન્ય રીતે આ વર્ગની વાર્ષિક આવક (કુટુંબના ૧, સભ્ય પ્રમાણે) ૧.૨૫ જેટલી થવા જાય છે. અંદાજીત આંકડો એન, એસ, એસ, પર (National Sample) આધારિત છે.

જો કે, મધ્યમ-મધ્ય વર્ગ માટેનું મોડલ હંમેશા ફરતુ રહે છે તેઓની જીવનશૈલીમાં ક્યારેક ઉચ્ચ વર્ગનું પ્રતિબિંબિત થાય છે, ક્યારેક નિમ્ન વર્ગ મધ્યમ-મધ્ય વર્ગ સામાન્ય રીતે ઉચ્ચ વર્ગ અને  નિમ્નવર્ગ કરતા વ્યાપક રીતે સંક્રાંતિકાળનો સામનો કરતા હોય છે.

કેટલાક વિવેચકો અને સમાજવૈજ્ઞાનિકોએ મધ્યમ-મધ્ય વર્ગને ઉચ્ચ વર્ગ તરફ જતો પરંતુ અંતે મધ્યમ-નિમ્ન અથવા તો ઉચ્ચ-નિમ્ન તરફ ગરકાવ થઈ જતા વર્ગ તરીકે પરિભાષિત કરેલ છે.

## ૩. નિમ્ન-મધ્યમવર્ગ

નિમ્ન મધ્યમવર્ગનો ખ્યાલ વાસ્તવમાં 'નોકરશાહી' સાથે જોડાયેલો ખ્યાલ (વર્ગ) છે. મૂડીપતિ વર્ગ વ્યવસ્થામાં આ સ્વરૂપનો નિમ્ન-મધ્યમ વર્ગ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. નિમ્ન મધ્યમવર્ગમાં નાના કારખાનેદાર, દુકાનદાર, મધ્યમ ખેડુત, ચોથા વર્ગના કર્મચારીનો સમાવેશ થાય છે.

આ વર્ગમાં સામાજીક વ્યવસ્થાના વિવિધ પાસાઓ રૂઢિ પરત્વેનું વલણ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

કાર્લમાર્કસે, નિમ્ન-મધ્યમ વર્ગ અને નિમ્ન વર્ગને એક જ શ્રેણીમાં મુકેલ હતા. આ સ્વરૂપનો વર્ગ નાના ગામડા, તાલુકા, કસ્બાથી લઈને મહાનગરો સુધી વિસ્તરેલો હોય છે.

નિમ્ન મધ્યમવર્ગમાં સમાવેશ થતા લોકોનું જીવન સામાન્ય રીતે અસુવિધાપૂર્ણ, તનાવ અને કચડાયેલુ હોય છે તેઓ સામાન્ય રીતે હર-હંમેશ દરેક સામાજીક આર્થિક જરૂરિયાતો માટે સંઘર્ષ કરતા રહેતા હોય છે.

## ૩.૪ સમાપન

મધ્યમવર્ગનો ખ્યાલ અને તેની પરિભાષા સમાજવિજ્ઞાનના પ્રારંભીક તબકકાઓમાંથી પસાર થઈ રહી છે, તેને પરિણામે વ્યાપક પ્રમાણમાં સંદર્ભ સાહીત્ય ઉપલબ્ધ બની શકતુ નથી.

ક્યારેક, એવુ પણ બને છે કે સંશોધકે સંદર્ભ સાહીત્યને તૈયાર કરવુ પડે છે. પ્રસ્તુત સંશોધનમાં કેટલાક પી.એચ.ડી. કક્ષાના મહાનિબંધ અને એમ.ફીલ કક્ષાના લઘુશોધ નિબંધનો સમાવેશ કરેલ છે.

સમાજશાસ્ત્રના આંદ્રેબેટેઈલી, એમ.એસ.ગોરે, એ.આર.દેસાઈ, પી.આર.સકસેના એ મધ્યમવર્ગના સંદર્ભમાં અમુક સભ્યોઓ વિકસાવેલા છે. પ્રસ્તુત મહાનિબંધમાં તેનો ઉપયોગ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત હિન્દી સાહિત્યના ભાગ રૂપે જે અમુક કૃતિઓ પ્રાપ્ય છે તેમાંથી સંદર્ભ સાહીત્યનો આધાર લેવામાં આવ્યો છે.

વિશેષત: મધ્યમવર્ગની વિભાવના માટે પ્રશિષ્ટ સમાજશાસ્ત્રીઓના સાહીત્યનો ઉપયોગ કરીને સંશોધનમાં તેના વિવિધ પ્રકારોની ચર્ચા કરવામાં આવેલી છે.

# સંદર્ભસૂચિ


| | | | |
|---|---|---|---|
| ૧ | રમેશચંદ્ર મંગલ (૨૦૦૨) | : | મીણા જનજાતિ સમુહ મેં ઉજારતે મધ્યમવર્ગ અને પ્રતિમાન |
| ૨ | મનોજ એન. પંડ્યા | : | 'આદિવાસી અગ્રવર્ગ સંતરામપુર તાલુકાના સંદર્ભમાં સમાજશાસ્ત્રીય અભ્યાસ.<br>સ.પ.યુનિ., વિદ્યાનગર, માર્ચ ૨૦૦૦ |
| ૩ | પ્રા.યજ્ઞેશ એમ.જોષી (૨૦૦૧) | : | 'જ્ઞાતિ વ્યવસ્થા પર શહેરીકરણનો પ્રભાવ' |
| ૪ | પ્રા. ગૌરાંગ ટી. જાની (૨૦૦૦) | : | 'ગુજરાતમાં જ્ઞાતિ, શિક્ષણ અને વ્યવસાય વિસમી સદીનું સમાજશાસ્ત્રીય અવલોકન' |
| ૫ | ડૉ. શ્યામસુંદર ઘોષ | : | ગોડ્ડા સંતાલ પરગના ''ભારતીય મધ્યમ વર્ગ'' |
| ૬ | રામસાહેબ | : | ''આહિર જ્ઞાતિમાં ઉભરતો મધ્યમવર્ગ-એક સમાજશાસ્ત્રીય અભ્યાસ'' (ગુજરાતના સૌરાષ્ટ્ર, માંગરોળ, તાલુકાના સંદર્ભમાં) |
| ૭ | प्रज्ञा शर्मा | : | प्रमुख समाजशास्त्रीय विचारक |
| ૮ | રાજકોટ મહાનગરપાલિકા અંદાજપત્ર વર્ષ ૨૦૦૭-૦૮ | | |

# પ્રકરણ-૪
# વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક માહિતીનું વિશ્લેષણ


૪.૧ પ્રસ્તાવના

૪.૨ વ્યક્તિગત-કૌટુંબિક અને સામાજિક માહિતીનું વિશ્લેષણ

૪.૨.૧ ઉત્તરદાતાની સંખ્યા દર્શાવતી માહિતી

૪.૨.૨ ઉત્તરદાતાની જ્ઞાતિ અંગેની માહિતી

૪.૨.૩ ઉત્તરદાતાની ઉંમર અંગેની માહિતી

૪.૨.૪ ઉત્તરદાતાના વ્યવસાય અંગેની માહિતી

૪.૨.૫ કુટુંબનો પ્રકાર

૪.૨.૬ પરિવારના સભ્યોની માહિતી

૪.૨.૭ પરિવારમાં જાતિ પ્રમાણે બાળકોની સંખ્યા

૪.૨.૮ તમે જીવનસાથીનીપસંદગી કેવી રીતે કરેલી કે કરશો ?

૪.૨.૯ આંતરજ્ઞાતીય લગ્નમાં માન્યતા ધરાવો છો ?

૪.૨.૧૦ અસ્પૃશ્યતામાં માનો છો

૪.૨.૧૧ આધુનિક પહેરવેશ સ્વીકારો છો

૪.૨.૧૨ લગ્નનાં કયા પાસાને સ્વીકારો છો ?

૪.૨.૧૩ તમારા કુટુંબ વિશે તમારો મત શો છો

૪.૨.૧૪ વાતચીત કરવામાં તમને કઈ ભાષા ગમે છે.

૪.૨.૧૫ મોજશોખનાં માધ્યમોની વિગત

૪.૩ ઉપસંહાર

# પ્રકરણ-૪
# વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક માહિતીનું વિશ્લેષણ

## ૪.૧ પ્રસ્તાવના

આપણે અત્યાર સુધીમાં આગળના પ્રકરણો મુજબ વિષયપ્રવેશ, સંશોધન આયોજન અને પૂર્વ અભ્યાસો વિશે જોયું. હવે આ પ્રકરણમાં આપણે ઉત્તરદાતા પાસેથી મુલાકાત અનુસુચિ દ્વારા જે માહિતી મેળવેલ છે. તેમનું વિશ્લેષણ કરીશું. આ સંશોધન માટે સંશોધન ક્ષેત્ર તરીકે રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવેલ છે અને રાજકોટ શહેરના મુખ્ય પાંચ વિસ્તારો પસંદ કરીને તે દરેક વિસ્તારમાંથી ૫૦ મુલાકાત અનુસુચિમાં માહિતી મેળવેલ છે. આમ કુલ ૨૫૦ ઉત્તરદાતા પાસેથી 'રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકોની જીવનશૈલી - સમાજશાસ્ત્રીય અભ્યાસ' સંશોધન માટે માહિતી એકત્રીત કરવામાં આવેલ છે. જેને આપણે નીચે પ્રમાણે કોષ્ટક દ્વારા વ્યક્તિગત-કૌટુંબિક અને સામાજિક માહિતી મેળવેલ છે તે રજૂ કરવામાં આવેલ છે.

## ૪.૨ વ્યક્તિગત-કૌટુંબિક અને સામાજિક માહિતીનું વિશ્લેષણ :

### વિભાગ : ૧

### (અ) વ્યક્તિગત માહિતી

### ૪.૨.૧ ઉત્તરદાતાની સંખ્યા દર્શાવતી માહિતી

**કોષ્ટક નં. ૪.૧**

ઉત્તરદાતાની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રી ઉત્તરદાતા | ૧૨૫ | ૫૦ |
| ૨ | પુરુષ ઉત્તરદાતા | ૧૨૫ | ૫૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાની સંખ્યા અંગે માહિતી મેળવ્યા બાદ હવે ઉત્તરદાતાની જ્ઞાતિ અંગે માહિતી મેળવીશું.

### ૪.૨.૨ ઉત્તરદાતાની જ્ઞાતિ અંગેની માહિતી

ઉત્તરદાતાની જ્ઞાતિ અંગેની માહિતીની વિસ્તૃત રજૂઆત નીચેના કોષ્ટકમાં કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. ૪.૨**

**ઉત્તરદાતાની જ્ઞાતિ અંગે માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પટેલ | ૧૪૦ | ૫૬.૦૦ |
| ૨ | બ્રાહ્મણ | ૧૭ | ૬.૮૦ |
| ૩ | વાણિયા | ૧૭ | ૬.૮૦ |
| ૪ | લોહાણા | ૧૫ | ૬.૦૦ |
| ૫ | સોની | ૦૯ | ૩.૬૦ |
| ૬ | દરબાર | ૦૮ | ૩.૨૦ |
| ૭ | શીખ | ૦૨ | ૦.૮૦ |
| ૮ | મુસ્લિમ | ૧૨ | ૪.૮૦ |
| ૯ | ખોજા | ૦૩ | ૧.૨૦ |
| ૧૦ | ભરવાડ | ૦૩ | ૧.૨૦ |
| ૧૧ | કડિયા | ૦૨ | ૦.૮૦ |
| ૧૨ | આહિર | ૦૮ | ૩.૨૦ |
| ૧૩ | વણકર | ૦૭ | ૨.૮૦ |
| ૧૪ | સુથાર | ૦૩ | ૧.૨૦ |
| ૧૫ | ભીલ | ૦૪ | ૧.૬૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા ઉત્તરદાતાની જ્ઞાતિ દર્શાવવામાં આવેલ છે. જેમાં કુલ ૧૫ જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવેલો છે.

### ૪.૨.૩ ઉત્તરદાતાની ઉંમર અંગેની માહિતી

ઉત્તરદાતાની ઉંમર અંગેની માહિતીનીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. ૪.૩**

**ઉત્તરદાતાની ઉંમર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૨૦ થી ૩૫ વર્ષ | ૧૦૩ | ૪૧.૨૦ |
| ૨ | ૩૬ થી ૫૦ વર્ષ | ૧૦૦ | ૪૦.૦૦ |
| ૩ | ૫૧ થી ૬૦ વર્ષ | ૪૭ | ૧૮.૮૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં ૨૦ થી ૩૬ વર્ષની ઉંમર ધરાવતા ૧૦૩ ઉત્તરદાતાઓ છે. જ્યારે ૧૦૦ ઉત્તરદાતા ૩૬ થી ૫૦ વર્ષની ઉંમર ધરાવે છે. તેમજ ૫૧ થી ૬૦ વર્ષની ઉંમરના ૪૭ ઉત્તરદાતાઓ છે.

## ૪.૨.૪ ઉત્તરદાતાના વ્યવસાય અંગેની માહિતી

ઉત્તરદાતાના વ્યવસાય અંગેની માહિતી નીચે મુજબના કોષ્ટકમાં રજૂ કરવામાં આવેલ છે.

### કોષ્ટક નં. ૪.૪

### ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | વેપાર | ૮૦ | ૩૨.૦૦ |
| ૨ | નોકરી | ૬૦ | ૨૪.૦૦ |
| ૩ | મજુરી | ૩૦ | ૧૨.૦૦ |
| ૪ | અભ્યાસ | ૧૫ | ૦૬.૦૦ |
| ૫ | ગૃહિણી | ૬૫ | ૨૬.૦૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવવામાં આવેલ છે. જેમાં ૮૦ ઉત્તરદાતા વેપાર કરે છે. જ્યારે નોકરી કરતા ઉત્તરદાતાની સંખ્યા ૬૦ છે. મજૂરી કરતા ઉત્તરદાતા ૩૦ છે. કુલ ઉત્તરદાતાઓ પૈકી ૬૫ ઉત્તરદાતાઓ અભ્યાસ કરે છે અને ૬૫ ઉત્તરદાતા ગૃહિણી છે. આમ કુલ ઉત્તરદાતાઓ પૈકી વેપાર અને નોકરીનો વ્યવસાય ધરાવે છે.

## વિભાગ : ૧

## (બ) કૌટુંબિક અને સામાજિક માહિતી

ઉત્તરદાતાઓની કૌટુંબિક અને સામાજિક માહિતી નીચે મુજબના કોષ્ટક દ્વારા આપવામાં આવેલી છે.

### ૪.૨.૫ કુટુંબનો પ્રકાર

કોષ્ટક નં. ૪.૫ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકોના કુટુંબના પ્રકારની માહિતી રજૂ કરે છે. રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય પરિવારો કેવા પ્રકારના કુટુંબમાં રહેવું પસંદ કરે છે તે નીચેના કોષ્ટક દ્વારા જોઈ શકાય છે.

**કોષ્ટક નં. ૪.૫**

**ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સંયુક્ત | ૧૦૭ | ૪૨.૮૦ |
| ૨ | વિભક્ત | ૧૪૩ | ૫૭.૨૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો કેવા પ્રકારનાં કુટુંબમાં રહેવાનું પસંદ કરે છે તેની માહિતી રજૂ કરવામાં આવી છે. આ કુટુંબો પૈકી ૧૦૭ કુટુંબો સંયુક્ત કુટુંબ ધરાવે છે. જ્યારે ૧૪૩ કુટુંબો વિભક્ત કુટુંબ ધરાવે છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકોના કુટુંબનાં પ્રકારની માહિતી રજૂ કરે છે.

## o **આલેખની સમજુતી :**

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકોનાં કુટુંબના પ્રકારની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર કુટુંબનો પ્રકાર અને OY ધરી પર કુટુંબની સંખ્યા રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૪૨.૮૦ ટકા કુટુંબો સંયુક્ત કુટુંબમાં વસવાટ કરે છે જ્યારે ૫૭.૨૦ ટકા કુટુંબો વિભક્ત કુટુંબમાં વસવાટ કરે છે.

આમ મધ્યમવર્ગીય કુટુંબોમાં વિભક્ત કુટુંબ વ્યવસ્થા વધુ પસંદ કરવામાં આવે છે. જયારે તેના પ્રમાણમાં સંયુક્ત કુટુંબમાં વસવાટ કરવાનું પ્રમાણ થોડું ઓછું જોવા મળે છે. આમ અત્યારના સમયમાં મધ્યમવર્ગમાં પણ સ્વતંત્ર રીતે વસવાટ કરવાનું વલણ દર્શાવે છે.

### ૪.૨.૬ પરિવારના સભ્યોની માહિતી :

રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકોની શૈક્ષણિક પરિસ્થિતિ કેવી છે તે બાબતનો ખ્યાલ મેળવવા માટે નીચે મુજબના પ્રશ્નોથી મધ્યમવર્ગીય કુટુંબોની શૈક્ષણિક પરિસ્થિતિનો ચિતાર મેળવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

કોષ્ટક નં. ૪.૬ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોના સભ્યોની માહિતી રજૂ કરે છે. મધ્યમવર્ગીય પરિવારોમાં મોટાભાગે કેટલા સભ્યોનો સમાવેશ થતો હોય છે. અથવા કુટુંબની કેટલી સભ્ય સંખ્યા હોય છે તે અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં. ૪.૬**

**ઉત્તરદાતાના પરિવારનાં સભ્યોની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | બે | ૪૬ | ૧૮.૪૦ |
| ૨ | ત્રણ | ૭૭ | ૩૦.૮૦ |
| ૩ | ચાર | ૫૮ | ૨૧.૭૦ |
| ૪ | પાંચ | ૪૪ | ૧૯.૩૦ |
| ૫ | પાંચથી વધુ | ૨૫ | ૯.૮૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય પરિવારોની સભ્ય સંખ્યાની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૪૬ કુટુંબોમાં બે વ્યકિતઓની સભ્યસંખ્યા છે.

આ કુટુંબો પૈકી ૭૭ કુટુંબોમાં ત્રણ સભ્યોની સંખ્યા છે, જ્યારે ૫૮ કુટુંબોમાં ચાર સભ્ય સંખ્યા છે. કુલ કુટુંબો પૈકી ૪૪ કુટુંબોમાં પાંચ સભ્ય સંખ્યા છે. જ્યારે ૨૫ કુટુંબોમાં પાંચથી વધુની સંખ્યામાં સભ્યો છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગના લોકોના પરિવારની સભ્ય સંખ્યાની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજૂતી :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબોના સભ્ય સંખ્યાની ટકાવારીને રજૂ કરે છે. જેમાં OX ધરી પર સભ્ય સંખ્યા અને OY ધરી પર કુટુંબોની સંખ્યાની ટકાવારી રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૧૮.૪૦ ટકા કુટુંબો એવા છે જેમાં બે સભ્ય સંખ્યા ધરાવે છે. જ્યારે ૩૦.૮૦ ટકા કુટુંબો એવા છે કે જેમાં ત્રણ સભ્ય સંખ્યા છે. કુલ કુટુંબો પૈકી ૨૧.૭૦ ટકા કુટુંબોમાં ચાર સભ્ય સંખ્યા છે જ્યારે ૧૯.૩૦ ટકા કુટુંબો પાંચ સભ્ય સંખ્યા ધરાવે છે. અભ્યાસમાં સમાવિષ્ટ કુલ કુટુંબો પૈકી ૯.૮૦ ટકા કુટુંબોમાં પાંચ કરતા વધારે સભ્ય સંખ્યા છે.

આમ ઉપરનાં આલેખ દ્વારા રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકોના પરિવારમાં કેટલી સભ્ય સંખ્યા જોવા મળે છે તેનો ખ્યાલ આવે છે. મોટાભાગે મધ્યમવર્ગીય પરિવારોમાં ત્રણની સંખ્યામાં અને ચારની સંખ્યામાં પરિવારનાં સભ્યો હોય તેવું જોવા મળે છે.

## ૪.૨.૭પરિવારમાં જાતિ પ્રમાણે બાળકોની સંખ્યા :

કોષ્ટક નં. ૪.૭ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોનાં કુટુંબમાં જાતિ પ્રમાણે બાળકોની સંખ્યાની માહિતી રજૂ કરે છે. રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકોના કુટુંબમાં જાતિ પ્રમાણે બાળકોની કેટલી સંખ્યા જોવા મળે છે તે અંગેની માહિતી નીચેનાં કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

### કોષ્ટક નં. ૪.૭

### જાતિ પ્રમાણે બાળકોની સંખ્યા

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પુરૂષ | ૧૯૫ | ૭૮.૦૦ |
| ૨ | સ્ત્રી | ૧૭૨ | ૬૮.૮૦ |

નોંધ : એક કરતાં વધુ પ્રત્યુત્તર મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોના પરિવારમાં જાતિ પ્રમાણે બાળકોની સંખ્યાની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી પુરૂષ સભ્યોની સંખ્યા ૧૯૫ છે જ્યારે સ્ત્રી સભ્યોની સંખ્યા ૧૭૨ છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગના લોકોના પરિવારમાં જાતિ પ્રમાણે બાળકોની માહિતીને રજૂ કરે છે.

## ૦ આલેખની સમજૂતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરમાં મધ્યમવર્ગીય પરિવારમાં જાતિ પ્રમાણે બાળકોની ટકાવારીને રજૂ કરે છે જેમાં OX ધરી પર જાતિ પ્રમાણે બાળકો અને OY ધરી પર જાતિ પ્રમાણેના બાળકોની ટકાવારી રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબોમાં આપણા અભ્યાસક્ષેત્ર તરીકે લીધેલા કુલ કુટુંબો પૈકી જાતિ પ્રમાણે બાળકોની સંખ્યામાં ૭૮ ટકા પુરૂષ બાળકો જોવા મળેલ છે. જ્યારે ૬૮.૮૦ ટકા સ્ત્રી બાળકો જોવા મળેલ છે.

આમ, ઉપરના આલેખ દ્વારા રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય પરિવારોમાં જાતિ પ્રમાણે બાળકોની કેટલી સંખ્યા છે તેનો ખ્યાલ આવે છે. મોટાભાગે મધ્યમવર્ગીય પરિવારોમાં સ્ત્રી બાળકોની સરખામણીમાં પુરૂષ બાળકો વધારે જોવા મળે છે.

ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે બાળ-પુરુષોની સંખ્યા ૯% જેટલી વધારે છે. તે નિર્દેશ આપે છે કે ભવિષ્યમાં મહિલાની સરખામણીમાં પુરુષોનું પ્રમાણ વધારે છે. આ બાબત અનેક સામાજિક સૂચિતાર્થો ઉભા કરે છે. જો કે એ અલગ સંશોધનનો વિષય છે કે મધ્યમવર્ગમાં ઘટતું મહિલાઓનું પ્રમાણ કયા પ્રકારની સમસ્યાઓનો નિર્દેશ કરે છે.

### ૪.૨.૮ તમે જીવનસાથીનીપસંદગી કેવી રીતે કરેલી કે કરશો ?

રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોમાં જીવનસાથીની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે તેની માહિતી નીચે મુજબના કોષ્ટકમાં જોઈએ.

**કોષ્ટક નં. ૪.૮**

**જીવનસાથીની પસંદગીની રીત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | માતા-પિતાની પસંદગી | ૧૦૨ | ૪૦.૮૦ |
| ૨ | સ્વ-પસંદગી | ૭૨ | ૨૮.૮૦ |
| ૩ | બંનેની પસંદગી | ૬૧ | ૨૪.૪૦ |
| ૪ | અન્ય | ૧૫ | ૦૬.૦૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં જીવનસાથીની પસંદગી કઈ રીતે વધુ પસંદ કરવામાં આવે છે. અભ્યાસ પૈકીના ૨૫૦ કુટુંબોમાંથી ૧૦૨ કુટુંબમાં માતા-પિતાની પસંદગી દ્વારા તેમજ ૭૨ કુટુંબોમાં સ્વ-પસંદગીથી જીવનસાથીની પસંદગી કરવામાં આવે છે. જયારે ૬૧ કુટુંબોમાં માતા-પિતાની અને સ્વ-પસંદગી આ બંનેના મતથી જીવનસાથીની પસંદગી કરવામાં માને છે. અને ૧૫ કુટુંબો અન્ય કારાણસર જીવનસાથીની પસંદગી કરે છે.

## ૦ આલેખની સમજૂતિ

પ્રસ્તુત આલેખમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો જીવનસાથીની પસંદગી કઈ રીતે વધુ પસંદ કરે છે તેની ટકાવારી રજૂ કરે છે જેમાં એક્સ ધરી પર જીવનસાથીની પસંદગીની રીત અને વાય ધરી પર ટકાવારી રજૂ કરવામાં આવેલ છે.

આલેખ જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોમાં ૪૦.૮૦ ટકા માતા-પિતાની પસંદગીથી જીવનસાથીની પસંદગી કરે છે. જ્યારે ૨૮.૮૦ ટકા કુટુંબમાં સ્વપસંદગીથી અને ૨૪.૪૦ ટકા કુટુંબોમાં બંનેની પસંદગીથી અને ૬ ટકા કુટુંબોમાં અન્ય કારણસર જીવનસાથીની પસંદગી કરવામાં આવે છે.

આમ, રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોમાં મહદઅંશે માતા-પિતાની પસંદગી થાય છે. પરંતુ તેમ છતાં ૭૨% લોકો સ્વપસંદગીથી પોતાના જીવનસાથીની પસંદગી કરે છે. તે આધુનિકતાની નિશાની સમાન ગણાય છે. આમ સમયાંતરે જીવનસાથીની પસંદગીમાં પણ સ્વતંત્રતા આવતી જતી હોવાનું જાણવા મળે છે.

### ૪.૨.૯ આંતરજ્ઞાતીય લગ્નમાં માન્યતા ધરાવો છો ?

કોષ્ટક નં.૪.૯ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો આંતરજ્ઞાતીય લગ્નપ્રથામાં માને છે કે નહી તે અંગેની માહિતીને રજૂ કરે છે.

**કોષ્ટક નં. ૪.૯**

**ઉત્તરદાતા આંતરજ્ઞાતીય લગ્નમાં માન્યતા ધરાવો છો ? તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૬૮ | ૬૭.૨૦ |
| ૨ | ના | ૮૨ | ૩૨.૮૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો આંતરજ્ઞાતીય લગ્નમાં માને છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૧૬૮ કુટુંબો આંતરજ્ઞાતીય લગ્નમાં માને છે જ્યારે ૮૨ કુટુંબો આંતરજ્ઞાતીય લગ્નમાં માનતા નથી.

આમ ઉપર્યુકત કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગનાં લોકો આંતરજ્ઞાતીય લગ્નમાં માને છે કે નહીં તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબોમાં આંતરજ્ઞાતિય લગ્નમાં માને છે કે નહી તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર હા અને ના દર્શાવવામાં આવેલ છે. જ્યારે OY ધરી પર કુટુંબોની સંખ્યા દર્શાવવામાં આવી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૬૭.૨૦ ટકા કુટુંબો આંતરજ્ઞાતીય લગ્નમાં માને છે. જ્યારે ૩૨.૮૦ ટકા કુટુંબો આંતરજ્ઞાતીય લગ્નમાં માનતા નથી.

આંતરજ્ઞાતીય લગ્નની તરફેણ કરવી એ બાબત મધ્યમવર્ગની સામાજિક સંસ્થાઓ પરત્વે બદલાવનો નિર્દેશ કરે છે.

### ૪.૨.૧૦ અસ્પૃશ્યતામાં માનો છો :

કોષ્ટક નં.૪.૧૦ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકો અસ્પૃશ્યતામાં માને છે કે નહી તે અંગેની માહિતી રજૂ કરે છે.

**કોષ્ટક નં. ૪.૧૦**

**ઉત્તરદાતા અસ્પૃશ્યતામાં માને છે ? તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૯૨ | ૩૬.૮૦ |
| ૨ | ના | ૧૫૮ | ૬૩.૨૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો અસ્પૃશ્યતામાં માને છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલ છે. તે પૈકી ૯૨ કુટુંબો અસ્પૃશ્યતામાં માને છે. જ્યારે ૧૫૮ કુટુંબો અશ્પૃશ્યતામાં માનતા નથી.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગના લોકો અસ્પૃશ્યતામાં માને છે કે નહિ તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો અસ્પૃશ્યતામાં માને છે કે નહી તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં એક્સ ધરી પર હા અને વાય ધરીમાં બે વિકલ્પો આપેલ છે અને વાય ધરી પર કુટુંબની ટકાવારી દર્શાવવામાં આવેલ છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૩૬.૮૦ ટકા કુટુંબો અસ્પૃશ્યતામાં માને છે જ્યારે ૬૩.૨૦ ટકા કુટુંબો અસ્પૃશ્યતામાં માનતા નથી.

### ૪.૨.૧૧ આધુનિક પહેરવેશ સ્વીકારો છો :

કોષ્ટક નં.૪.૧૧ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકો આધુનિક પહેરવેશ સ્વીકારે છે કે નહિ તેની માહિતી રજૂ કરે છે.

**કોષ્ટક નં. ૪.૧૧**

**ઉત્તરદાતા આધુનિક પહેરવેશ સ્વીકારે છે ? તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૫૬ | ૬૨.૪૦ |
| ૨ | ના | ૯૪ | ૩૭.૬૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો આધુનિક પહેરવેશ સ્વીકારે છે કે નહિ તેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલો છે તે પૈકી ૧૫૬ કુટુંબો આધુનિક પહેરવેશને સ્વીકારે છે જ્યારે ૯૪ કુટુંબો આધુનિક પહેરવેશને સ્વીકારતા નથી.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનો મધ્યમવર્ગનાં લોકો આધુનિક પહેરવેશ સ્વીકારે છે કે નહિ તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો આધુનિક પહેરવેશ સ્વીકારે છે કે નહિ તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર હા અને ના દર્શાવવામાં આવેલ છે. જ્યારે OY ધરી પર કુટુંબની ટકાવારી દર્શાવવામાં આવેલ છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૬૨.૪૦ ટકા કુટુંબો આધુનિક પહેરવેશ સ્વીકારે છે જ્યારે ૩૭.૬૦ ટકા કુટુંબો આધુનિક પહેરવેશનો સ્વીકાર કરતા નથી.

આમ રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય લોકો સમયની સાથે કદમ મીલાવીને ચાલવા માંડે છે. અને આધુનિકરણની સાથે તે પોતાના પહેરવેશમાં પણ બદલાવ લાવેલ જોવા મળે છે અને આમ મધ્યમવર્ગના લોકો પણ સમાજના ઉચ્ચ વર્ગ સાથે પોતાની સરખામણી કરવા માંગે છે. અને આધુનિક પોષાકથી પોતાની એક આગવી ઓળખ ઉભી કરવા માંગે છે.

### ૪.૨.૧૨ લગ્નનાં કયા પાસાને સ્વીકારો છો ?

કોષ્ટક નં.૪.૧૨ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો લગ્નનાં કયા પાસાને સ્વીકારે છે તે અંગેની માહિતી રજૂ કરે છે.

**કોષ્ટક નં. ૪.૧૨**

**ઉત્તરદાતા લગ્નના કયા પાસાને સ્વીકારે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ધામધૂમથી | ૧૧૬ | ૪૬.૪૦ |
| ૨ | સમૂહલગ્ન | ૩૨ | ૧૨.૮૦ |
| ૩ | કોર્ટ દ્વારા | ૫૩ | ૨૧.૨૦ |
| ૪ | અન્ય | ૪૯ | ૧૯.૬૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો લગ્નમાં કયા પાસાને સ્વીકારે છે તેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલ છે જે પૈકી ૧૧૬ કુટુંબો ધામધૂમથી લગ્ન કરવામાં માને છે. જ્યારે ૩૨ કુટુંબો સમૂહલગ્ન સ્વિકારે છે. કુલ કુટુંબો પૈકી ૫૩ કુટુંબો કોર્ટ દ્વારા લગ્નને પ્રાધાન્ય આપે છે જ્યારે ૪૯ કુટુંબો અન્ય રીતે લગ્નને સ્વીકારે છે.

આમ ઉપરનું  કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગના લોકો લગ્નનાં કયા પાસાને સ્વીકારે છે તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો લગ્નનાં કયા પાસાને સ્વીકારે છે તેની  ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર લગ્નના દરેક પાસા અને OY ધરી પર કુટુંબની સંખ્યા દર્શાવવામાં આવેલ છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૪૬.૪૦ ટકા કુટુંબો એવા છે જે ધામધૂમથી લગ્ન કરવામાં માને છે. જ્યારે ૧૨.૮૦ ટકા કુટુંબો સમૂહ લગ્નનો સ્વીકાર કરે છે તેમજ ૨૧.૨૦ ટકા કુટુંબો કોર્ટ દ્વારા લગ્ન કરવાનું સ્વીકારે છે. અને ૧૯.૬૦ ટકા કુટુંબો અન્ય રીતે લગ્ન કરવાનું પસંદ કરે છે.

આમ, મધ્યમવર્ગીય કુટુંબો લગ્નના કયા પાસાને વધુ સ્વીકારે છે તે જોતા જાણાય છે કે મહદઅંશે લોકો ધામધૂમથી લગ્ન કરવાનું વધારે પસંદ કરે છે. જે સૂચિત કરે છે કે મધ્યમવર્ગ પણ ખૂબ ખર્ચાળ હોવા છતાં ધામધૂમથી લગ્નથી સમાજમાં પોતાનું એક સ્ટેટસ ઊભું કરવા માંગે છે.

## ૪.૨.૧૩ તમારા કુટુંબ વિશે તમારો મત શો છો :

રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકોનો પોતાના કુટુંબની જીવનશૈલીની વિવિધ બાબતોના સંદર્ભમાં શો મત છે તે બાબતનો ખ્યાલ મેળવવા માટે નીચે મુજબના કોષ્ટકમાં માહિતી દર્શાવવામાં આવેલ છે.

### કોષ્ટક નં. ૪.૧૩

### ઉત્તરદાતાનો કુટુંબ વિશેના મતની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | રૂઢિગત | ૯૮ | ૩૯.૨૦ |
| ૨ | આધુનિક | ૧૦૩ | ૪૧.૨૦ |
| ૩ | મધ્યમ | ૪૯ | ૧૯.૬૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોમાં પોતાના પરિવાર વિશે જીવનશૈલીની બાબતમાં શો મત છે તે અંગેની માહિતી રજૂ કરે છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૯૮ કુટુંબો રૂઢિગત હોવાનું જાણવા મળેલ છે. જ્યારે ૧૦૩ કુટુંબો આધુનિક વિચારસરણી ધરાવે છે. તેમજ કુલ કુટુંબો પૈકી ૪૯ કુટુંબો મધ્યમ વિચારસરણીમાં માન્યતા ધરાવે છે.

આમ, ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોની વિચારસરણી દર્શાવતી માહિતી રજૂ કરે છે.

**૦ આલેખની સમજૂતિ :**

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો કેવી વિચારસરણી ધરાવે છે તે અંગેની માહિતીની ટકાવારીને રજૂ કરે છે. જેમાં એક્સ ધરી પર કુટુંબોની વિચારસરણીની અને વાય ધરી પર ટકાવારી દર્શાવવામાં આવેલ છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબોમાં ૩૯.૨૦% કુટુંબો રૂઢિગત વિચારસરણી ધરાવે છે. જ્યારે કુલ કુટુંબો પૈકી ૪૧.૨૦% કુટુંબો આધુનિક વિચારસરણી ધરાવે છે. તેમજ ૧૯.૬૦% કુટુંબો મધ્યમસરની વિચારસરણીમાં માન્યતા ધરાવે છે.

આમ, ઉપરના આલેખ દ્વારા જાણી શકાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોમાં આધુનિક વિચારસરણી ધરાવતા હોવાનું વધારે જોવા મળેલ છે. આધુનિકતાનો પ્રવાહ  મુખ્યત્વે નીચેની બાબતોમાં જોવા મળે છે.

**(૧) શિક્ષણ :**

અંગ્રેજી માધ્યમમાં બાળકોને અભ્યાસ કરવાનું વલણ શિક્ષણમાં પરિવર્તન અને આધુનિક બાબતોનું સૂચક છે, વાતચીતની ભાષા તરીકે અંગ્રેજીને પસંદ કરે છે.

**(૨) મનોરંજન :**

મનોરંજન માટે પરિવારના સભ્યો મહિનામાં એક વાર બહાર ભોજન માટે જાય છે, જ્યારે એક વાર ચલચિત્ર માટે બહાર જાય છે. આધુનિક જીવનશૈલીના કેટલાક લક્ષાણો માહેનું આ મહત્વનું લક્ષાણ છે.

### ૪.૨.૧૪ વાતચીત કરવામાં તમને કઈ ભાષા ગમે છે.

કોષ્ટક નં. ૪.૧૪ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકો રોજીંદા વ્યવહારમાં વાતચિત કરવામાં કઇ ભાષા ગમે છે. તે અંગેની માહિતી રજૂ કરે છે. મધ્યમવર્ગીય લોકો પોતાની જીવનશૈલીમાં કઇ ભાષા વધારે પસંદ કરે છે તે અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં. ૪.૧૪**

**ઉત્તરદાતાને વાતચિત કરવામાં કઇ ભાષા ગમે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૧૫૦ | ૬૦.૮૦ |
| ૨ | હિન્દી | ૨૬ | ૧૦.૪૦ |
| ૩ | અંગ્રેજી | ૭૦ | ૨૮.૩૦ |
| ૪ | અન્ય | ૦૪ | ૧.૬૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમ વર્ગનાં લોકો વાત-ચિત કરવામાં કઇ ભાષા વધારે પસંદ કરે છે. તે અંગેની માહિતી રજૂ કરે છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૧૫૦ કુટુંબો ગુજરાતીમાં વાત-ચિત કરવાનું વધારે પસંદ કરે છે. જયારે ૨૬ કુટુંબો વાત-ચિત કરવામાં હિન્દી ભાષા વધુ પસંદ કરે છે. તેમજ ૭૦ કુટુંબો વાત-ચિત કરવામાં અંગ્રેજી ભાષા વધુ પસંદ કરે છે. અને ૪ કુટુંબો એવા છે જે અન્ય ભાષાનો ઉપયોગ વાતચિત કરવામાં વધારે પસંદ કરે છે.

આમ, ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો વાત-ચિત દરમ્યાન કઇ ભાષા વધુ પસંદ કરે છે તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજૂતિ :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો વાત-ચિત કરવામાં કઈ ભાષા વધુ પસંદ કરે છે. તે અંગેની ટકાવારી રજૂ કરે છે. જેમાં એક્સ ધરી પર ભાષા અને વાય ધરી પર કુટુંબોની ટકાવારી દર્શાવવામાં આવેલ છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબોમાં ૬૦.૦૦% કુટુંબો વાતચિત કરવામાં ગુજરાતી ભાષા વધુ પસંદ કરે છે. જયારે કુલ કુટુંબો પૈકી ૧૦.૪૦% કુટુંબો વાતચિત કરવામાં હિન્દી ભાષા વધુ પસંદ કરે છે. જયારે ૨૮% કુટુંબો એવા છે જે વાતચિત કરવામાં અંગ્રેજી ભાષા વધુ પસંદ કરે છે. તેમજ ૧.૬૦% કુટુંબો અન્ય ભાષા વાતચિત કરવામાં પસંદ કરે છે.

આમ ઉપરનાં આલેખ દ્વારા રાજકોટ શહેરમાં મધ્યમવર્ગીય લોકો વાતચિત કરવામાં કઈ ભાષા વધુ પસંદ કરે છે તેનો ખ્યાલ આવે છે.

ઉપર્યુક્ત બાબત ભાષાકીય બાબતોમાં આધુનિક અને વૈશ્વિક વલણ દર્શાવે છે.

### ૪.૨.૧૫ મોજશોખનાં માધ્યમોની વિગત :

કોષ્ટક નં. ૪.૧૫ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોના મોજશોખ માટે કયા માધ્યમો પસંદ કરે છે તે અંગેની માહિતી રજૂ કરે છે.

**કોષ્ટક નં. ૪.૧૫**

**ઉત્તરદાતા મોજશોખનાંની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ૧. | બહાર શહેરમાં ફરવા જવું | | |
|---|---|---|---|
| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકાવારી** |
| ૧ | સપ્તાહમાં એક વખત | ૧૨ | ૪.૮૦ |
| ૨ | દરરોજ | ૦૦ | ૦૦ |
| ૩ | મહિનામાં એક વખત | ૧૦૩ | ૪૧.૨૦ |
| ૪ | તહેવારોમાં | ૧૩૫ | ૫૪.૦૦ |
| ૨. | હોટલ-રેસ્ટોરન્ટમાં જમવું જવું | | |
| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકાવારી** |
| ૧ | અઠવાડીયે | ૧ | ૦.૪ |
| ૨ | પંદર દિવસે | ૫૯ | ૨૩.૬૦ |
| ૩ | મહિને | ૧૨૫ | ૫૦.૦૦ |
| ૪ | તહેવારોમાં | ૬૫ | ૨૬.૦૦ |
| ૩. | ફિલ્મ જોવા જવું | | |
| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકાવારી** |
| ૧ | અઠવાડીયે | ૧ | ૦.૪૦ |
| ૨ | પંદર દિવસે | ૨૯ | ૧૧.૬૦ |
| ૩ | મહિને | ૯૯ | ૩૯.૬૦ |
| ૪ | તહેવારોમાં | ૧૨૧ | ૪૮.૪૦ |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોના મોજશોખના માધ્યમ દર્શાવતી માહિતી રજૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલ છે. મધ્યમવર્ગીય કુટુંબોમાં મોજશોખ માટે શહેર બહાર ફરવા જવું આ પ્રશ્નના જવાબમાં ૧૨ કુટુંબો સપ્તાહમાં એક વખત શહેરબહાર ફરવા જવાનું પસંદ કરે છે. જયારે દરરોજ શહેર બહાર ફરવા જવા માટે એક પણ કુટુંબ સંમત નથી કુલ પૈકી ૧૦૩ કુટુંબો મહિનામાં એક વખત શહેર બહાર ફરવા જવાનું પસંદ કરે છે. જયારે ૧૩૫ કુટુંબો તહેવારોના સમયમાં શહેર બાર ફરવા જવાનું પસંદ કરે છે.

રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો પોતાના મોજશોખ માટેના માધ્યમની પસંદગીમાં હોટલ રેસ્ટોરન્ટમાં જમવા જવું આ પ્રશ્ન જવાબમાં કુટુંબો અઠવાડિયામાં એક વખત બહાર જમવાનું પસંદ કરે છે. જયારે ૫૯ કુટુંબો પંદર દિવસે હોટલ-રેસ્ટોરન્ટમાં જમવાનું પસંદ કરે છે. કુલ કુટુંબો પૈકી ૧૨૫ કુટુંબો મહિનામાં એક વખત હોટલ-રેસ્ટોરન્ટમાં જમવાનું પસંદ કરે છે. જયારે ૬૫ કુટુંબો તહેવારોમાં હોટલ કે રેસ્ટોરન્ટમાં જમવાનું પસંદ કરે છે.

રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો પોતાના મોજશોખ માટે ફિલ્મ જોવા જવાનું કયારે પસંદ કરે છે. તેના જવાબમાં અઠવાડિયે ફિલ્મ જોવા માટે ૧ કુટુંબો પસંદ કરે છે. જયારે કુટુંબો પંદર દિવસે ફિલ્મ જોવા જવાનું પસંદ કરે છે. કુલ કુટુંબો પૈકી ૯૯ કુટુંબો મહિને ફિલ્મ જોવાનું પસંદ કરે છે. જયારે ૧૨૧ કુટુંબો તહેવારો નિમિતે ફિલ્મ જોવા જવાનું પસંદ કરે છે.

આમ ઉપર્યુક્ત કોષ્ટક રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો પોતાના મોજશોખ માટે કયા માધ્યમો પસંદ કરે છે તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજૂતિ :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો પોતાના મોજશોખ માટે કયા માધ્યમો પસંદ કરે છે તે અંગેની ટકાવારી રજૂ કરે છે. જેમાં એક્સ ધરી પર મધ્યમવર્ગીય લોકોના મોજશોખનું માધ્યમ અને વાય ધરી પર ટકાવારી દર્શાવવામાં આવેલ છે.

આલેખ જોતા જાણાય છે કે મધ્યમવર્ગીય લોકો શહેર બહાર ફરવા જવા માટે ૪.૮૦ ટકા લોકો સપ્તાહમાં એક વખત જવાનું પસંદ કરે છે. જયારે દરરોજ શહેર બહાર ફરવા જવું મધ્યમવર્ગના લોકો પસંદ કરતા નથી. કુલ કુટુંબો પૈકી ૪૧.૨૦ ટકા કુટુંબો મહિનામાં એક વખત શહેર બહાર ફરવા જવાનું પસંદ કરે છે. જયારે ૫૪% લોકો તહેવારોમાં શહેર બહાર ફરવા જવાનું પસંદ કરે છે.

રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો પોતાના મોજશોખ માટે હોટલ-રેસ્ટોરન્ટમાં જમવા જવાનું કયારેક પસંદ કરે છે. તેના જવાબમાં ૦.૪૦% લોકો અઠવાડિયામાં એક વખત હોટલ-રેસ્ટોરન્ટમાં જમવાનું પસંદ કરે છે. જયારે ૨૩.૬૦ ટકા લોકો પંદર દિવસે હોટલ-રેસ્ટોરન્ટમાં જમવાનું પસંદ કરે છે. જયારે ૫૦% લોકો મહિનામાં એક વખત બહાર જવાનું પસંદ કરે છે અને ૨૬% ટકા લોકો તહેવારોમાં બહાર જવાનું પસંદ કરે છે.

રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય લોકોમાં પોતાના મોજશોખ માટે ફિલ્મ જોવા માટે ૦.૪% ટકા લોકો અઠવાડિયામાં એક વખત ફિલ્મ જોવાનું પસંદ કરે છે. જયારે ૧૧.૬૦ ટકા લોકો પંદર દિવસે ફિલ્મ જોવા માટે પસંદ કરે છે. ૩૯.૬૦% લોકો મહિનામાં એક વખત ફિલ્મ જોવાનું પસંદ કરે છે. જયારે ૪૮.૪૦ ટકા લોકો તહેવારોમાં ફિલ્મ જોવા માટેનું પસંદ કરે છે.

આમ, ઉપર્યુક્ત ઓળખ રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય લોકો પોતાના મોજશોખ માટે કયા માધ્યમો વધુ પસંદ કરે છે તે અંગેની ટકાવારી દર્શાવેલ છે.

આમ, રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય લોકો શહેર બહાર ફરવા જવામાં મહિનામાંએક વખત એક તહેવાર સમયે અચુક જાય જ છે. તે સૂચિત કરે છે કે પ્રવર્તમન સમયમાં લોકો પોતાના મોજશોખ માટે પણ ઘણો ખર્ચ કરે છે. તેમજ મહિને એક વખત હોટલ, રેસ્ટોરન્ટમાં જમવા પણ જાય છે. જે મધ્યમવર્ગની નિશાની છે. જયારે કેટલાક લોકો પંદર દિવસે હોટલ રેસ્ટોરન્ટમાં જમવા જાય છે અને ફિલ્મ જોવા જાય છે તે ઉચ્ચ મધ્યમવર્ગની નિશાની છે.

## ૪.૩ ઉપસંહાર

મધ્યમવર્ગનું પરિવારનું કદ સામાન્ય જોવા મળે છે. જેમાં વિશેષતઃ ત્રણ કે ચાર સભ્યોના કુટુંબને પ્રાધાન્યતા આપવામાં આવી છે. બાળકોની સંખ્યામાં ૧૦% બાળકીનું ઓછું પ્રમાણ અમુક સામાજિક નિર્દેશો-સૂચિતાર્થ કરે છે.

આંતરજ્ઞાતિય લગ્ન પ્રથાની પણ તરફેણ કરવામાં આવે છે. ૫૭% વિભક્ત કુટુંબમાં વસવાટ એ મધ્યમવર્ગની જીવનશૈલીનો મહત્વનો પ્રભાવ જોવા મળે છે. અસ્પૃશ્યતા અને આધુનિક પહેરવેશ એ બંને અલગ અલગ બાબત છે. પરંતુ બંનેમાં લગભગ એક સરખું પ્રમાણ (૬૮% થી ૭૦%) જોવા મળે છે.

સંક્ષિપ્તમાં મધ્યમવર્ગ એ કુટુંબનું સ્વરૂપ, લગ્નપ્રથા, અસ્પૃશ્યતા, આધુનિક પહેરવેશ, વાતચીત, મનોરંજન જેવી બાબતોમાં પરંપરાગત મૂલ્યો ધરાવતા નથી એ મૂલ્યોમાં વ્યાપક પરિવર્તન અને પશ્ચીમની આંશિક અસરો જોવા મળે છે.

# પ્રકરણ-૫
# આર્થિક તેમજ રાજકીય માહિતીનું વિશ્લેષણ

૫.૧ પ્રસ્તાવના

૫.૨ મધ્યમવર્ગની આર્થિક માહિતીનું વિશ્લેષણ

૫.૨.૧ ગૃહવપરાશની સામાન્ય ચીજવસ્તુઓનાં સંદર્ભે ટકાવારી

૫.૨.૨ પ્રત્યાયનનાં સાધનોનાં સંદર્ભમાં ટકાવારી

૫.૨.૩ વાહનોનાં સંદર્ભમાં ટકાવારી

૫.૨.૪ ફર્નિચરનાં સંદર્ભમાં

૫.૨.૫ મકાનનાં સંદર્ભમાં

૫.૨.૬ આવકનાં સંદર્ભે

૫.૨.૭ પરિવહનનાં માધ્યમ સંદર્ભે

૫.૨.૮ દાન આપવામાં માનો છો ?

૫.૩ રાજકીય માહિતીનું વિશ્લેષણ

૫.૩.૧ તમે ચૂંટણીમાં મત આપવા જાઓ છો?

૫.૩.૨ ઉમેદવારની પસંદગી કઈ રીતે કરો છો ?

૫.૩.૩ તમે જ્ઞાતિ મંડળનાં સભ્ય છો ?

૫.૪ ઉપસંહાર

# પ્રકરણ-૫

# આર્થિક તેમજ રાજકીય માહિતીનું વિશ્લેષણ

## ૫.૧ પ્રસ્તાવના

પ્રસ્તુત પ્રકરણમાં મધ્યમવર્ગના સંદર્ભમાં તેઓ ગૃહવપરાશની કઇ કઇ ચીજોને (વસ્તુ) પસંદ કરે છે, પ્રાધાન્ય આપે છે. તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બાબતમાં તેઓની જીવનશૈલી દષ્ટિગોચર થાય છે. આ બાબત મુખ્યત્વે મધ્યમવર્ગીય સભ્યો પોતાના જીવનને કઇ રીતે વ્યાપક સુગમતા, સરળતા અને આધુનિક બનાવે છે તે જોવા મળે છે.

## ૫.૨ મધ્યમવર્ગની આર્થિક માહિતીનું વિશ્લેષણ :

મધ્યમવર્ગની આર્થિક માહિતીનું વિશ્લેષણ નીચે મુજબ વિસ્તૃતથી આપવામાં આવેલ છે.

## ૫.૨.૧ ગૃહવપરાશની ભૌતિક ચીજવસ્તુઓની માહિતી

કોષ્ટક નં. ૫.૧ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો ગૃહવપરાશમાં સામાન્ય રીતે કઇ કઇ ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે તે અંગેની માહિતી રજૂ કરેલ છે.

### કોષ્ટક નં. ૫.૧

### ઉત્તરદાતાના ગૃહવપરાશની ભૌતિક ચીજવસ્તુઓની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | હા | ટકાવારી | ના | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | રેડીયો | ૧૭૦ | (૬૮.૦૦) | ૮૦ | (૩૨.૦૦) |
| ૨ | ટી. વી. | ૨૩૯ | (૯૫.૬૦) | ૧૧ | (૪.૬૦) |
| ૩ | સી. ડી. પ્લેયર | ૧૫૬ | (૬૨.૪૦) | ૯૪ | (૩૭.૪૦) |
| ૪ | ફ્રીઝ | ૧૪૩ | (૫૭.૨૦) | ૧૦૭ | (૪૨.૬૦) |
| ૫ | પંખા | ૨૫૦ | (૧૦૦.૦૦) | | |
| ૬ | એરકુલર | ૧૨૨ | (૪૮.૮૦) | ૧૨૮ | (૫૧.૫૦) |
| ૭ | એરકન્ડીશન | ૪૭ | (૧૮.૮૦) | ૨૦૩ | (૮૧.૪૦) |
| ૮ | વોશીંગ મશીન | ૫૨ | (૨૦.૮૦) | ૧૯૮ | (૭૯.૩૦) |
| ૯ | મીક્ષ્ચર | ૧૯૮ | (૭૯.૨૦) | ૫૨ | (૨૦.૬૦) |
| ૧૦ | ઓવન | ૨૪ | (૯.૬૦) | ૨૨૬ | (૯૦.૭૦) |
| ૧૧ | ગીઝર | ૬૨ | (૨૪.૮૦) | ૧૮૮ | (૭૫.૧) |
| ૧૨ | વોટર પ્યુરી ફિકેશન | ૪૬ | (૧૮.૪૦) | ૨૦૪ | (૮૧.૭૦) |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો

ગૃહવપરાશમાં કઈ કઈ ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે તેની માહિતી રજૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કુટુંબો પૈકી ૧૭૦ કુટુંબોમાં રેડિયો છે. ૨૩૯ કુટુંબો એવા છે કે જેમના ઘેર ટેલીવીઝન છે. કુલ કુટુંબો પૈકી ૧૫૬ કુટુંબો એવા છે કે જેમની પાસે સી.ડી. પ્લેયર છે. તેમજ ૧૪૩ કુટુંબો પાસે રેફ્રિજરેટર છે. કુલ ૨૫૦ કુટુંબો પૈકી દરેક કુટુંબના ભૌતિક સાધન તરીકે પંખો જોવા મળે છે. ૧૨૨ કુટુંબ એવા છે કે જેમની પાસે એરકુલર છે. અને ૪૭ કુટુંબો એવા છે કે જેમની પાસે એરકન્ડીશન છે. અભ્યાસમાં સમાવિષ્ટ ૨૫૦ કુટુંબ પૈકી ૫૨ કુટુંબો પાસે વોશીંગ મશીન છે. ૧૯૮ કુંટુંબમાં મિક્ષ્ચરનો ઉપયોગ કરવામાં આવે છે. ઓવનનો ઉપયોગ કરતા કુટુંબની સંખ્યા ૨૪ છે અને કુલ કુટુંબો પૈકી ૬૨ કુટુંબો પાસે ગીઝર છે. પાણી ફિલ્ટર કરવા માટે વોટર પ્યુરીફિકેશન પ્લાનના સંદર્ભે જોવા મળ્યું છે કે ૪૬ કુટુંબો પાસે આ પ્લાન છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરના મધ્યમવર્ગના લોકો પોતાની જીવનશૈલીમાં કેવા કેવા સાધનોનો ઉપયોગ કરે છે તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજૂતિ :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકોના ગૃહવપરાશની ચીજવસ્તુઓની ટકાવારી રજૂ કરે છે. જેમાં એક્સ ધરી પર સાધનનું નામ તેમજ વાય ધરી પર વપરાશકર્તાની ટકાવારી દર્શાવવામાં આવેલ છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૬૮.૦૦ ટકા કુટુંબો પાસે રેડિયો છે. ૯૫.૬૦ ટકા કુટુંબ પાસે ટી.વી. છે. કુલ કુટુંબ પૈકી ૬૨.૪૦ ટકા કુટુંબ પાસે સી.ડી પ્લેયર છે. ૫૭.૨૦% કુટુંબ પાસે ફ્રિઝ છે. જયારે રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબોમાં અભ્યાસમાં સમાવિષ્ટ દરેક કુટુંબ પાસે પંખાની સુવિધા છે. જયારે ૪૮.૮૦ ટકા કુટુંબો પાસે એરકુલરની સુવિધા છે. મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૧૮.૮૦% કુટુંબો પાસે એરકન્ડીશન છે. કુલ કુટુંબો પૈકી ૭૯.૨૦ ટકા કુટુંબો પાસે મીક્ષચર છે. ૯.૬૦ ટકા કુટુંબે ઓવનની સુવિધા ધરાવે છે. અભ્યાસમાં સમાવિષ્ટ કુલ કુટુંબો પૈકી ૨૪.૮૦ ટકા કુટુંબો પાસે ગીઝર છે. અભ્યાસ પૈકીના ૧૮ ટકા કુટુંબો પાસેવોટર પ્યુરીફિકેશન પ્લાનની સુવિધા છે.

આમ, મધ્યમવર્ગીય કુટુંબો પાસે ભૌતિક સાધન તરીકે સામાન્ય ચીજવસ્તુ જેવી કે પંખો, ટી.વી., ફ્રિઝ વધુ પ્રમાણમાં જોવા મળે છે. જયારે આધુનિકરણની અસર હેઠળના સાધનો જેવા કે એરકુલર, એરકન્ડીશનર, વોટર પ્યુરીફિકેશન જેવા ઉચ્ચ કિંમત ધરાવતા સાધનોનો પણ ૫૦% થી વધારે પ્રમાણમાં ઉપયોગ થાય છે. તે સુચિત કરે છે કે મધ્યમવર્ગીય પરિવારો જીવનશૈલીમાં ભૌતિક સુવિધાઓની બાબતમાં પણ પરિવર્તનો આવેલા જોવા મળે છે.

## ૫.૨.૨ પ્રત્યાયનનાં સાધનોની માહિતી

કોષ્ટક નં. ૫.૨ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોનાં પ્રત્યાયનના સાધનોની માહિતી રજૂ કરે છે. રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો પોતાના જીવનમાં કયા કયા પ્રત્યાયનનાં સાધનોનો ઉપયોગ કરે છે તે અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં. ૫.૨**

**ઉત્તરદાતા પાસે પ્રત્યાયનના માધ્યમોની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | હા | ટકાવારી | ના | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ટેલીફોન | ૫૨ | ૫૨.૮ | ૧૯૮ | ૭૯.૨ |
| ૨ | મોબાઈલ ફોન | ૨૨૪ | ૨૨૪.૪૦ | ૨૬ | ૧૦.૬૦ |
| ૩ | કોમ્પ્યુટર | ૭૯ | ૭૯.૬૦ | ૧૭૧ | ૬૮.૪૦ |
| ૪ | ફેકસ | ૦૪ | ૦૪.૪૦ | ૨૪૬ | ૯૮.૬ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોનાં પ્રત્યાયનના સાધનોની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૫૨ કુટુંબોમાં ટેલીફોનની સુવિધા છે. આ કુટુંબો પૈકી ૨૨૪ કુટુંબ એવા છે જેમની પાસે મોબાઈલ ફોનની સુવિધા છે. કુલ કુટુંબો પૈકી ૭૯ કુટુંબોમાં કોમ્પ્યુટર છે તેમજ કુલ કુટુંબો પૈકી ૪ કુટુંબો ફેકસની સુવિધા ધરાવે છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરના મધ્યમવર્ગીય લોકો પ્રત્યાયનના કયા કયા સાધનોનો ઉપયોગ કરે છે તે માહિતી રજૂ કરે છે.

## o આલેખની સમજૂતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગનાં કુટુંબોમાં કેવા પ્રત્યાયનના સાધનોનો ઉપયોગ થાય છે. તેની ટકાવારીને રજૂ કરે છે જેમાં OX ધરી પર સાધનનું નામ અને OY ધરી પર ઉપયોગ કર્તાની ટકાવારી રજુ કરવામાં આવી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૨૦.૦૮ ટકા કુટુંબો એવા છે કે જે ટેલીફોનનો ઉપયોગ કરે છે. ૮૯.૪૦ ટકા કુટુંબો એવા છે કે જે મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. ૩૧.૬૦ ટકા કુટુંબો એવા છે કે જે કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. કુલ કુટુંબો પૈકી ૧.૪૦ ટકા કુટુંબો એવા છે કે જે ફેકસનો ઉપયોગ કરે છે.

રાજકોટનાં મધ્યમવર્ગની જીવનશૈલીમાં માહિતીના આ યુગમાં પ્રત્યાયનનાં વિવિધ સાધનોનો ઉપયોગ વ્યાપક રીતે કરવામાં આવે છે. સાથો સાથ એક સમયમાં ટેલીફોન કે જે ભૌતિક અને વૈભવી બાબત ગણાતી તેનો મધ્યમવર્ગમાં વપરાશ ઘટવા લાગ્યો છે. પ્રસ્તુત અભ્યાસ મુજબ માત્ર ૨૦ ટકા ઉતરદાતાઓ જ ટેલીફોનનો ઉપયોગ કરે છે. જયારે હાલમાં સામાન્ય માનવી પણ મોબાઈલ ફોન ધરાવતો થઈ ગયો છે અને રાજકોટનાં મધ્યમવર્ગીય વૈયક્તિક જીવનમાં મોબાઈલ ફોન એ અનિવાર્ય બની રહેલ છે. જો કે મોબાઈલ ફોન એ રાજકોટનાં તમામ પ્રકારનાં આર્થિક સમુહોમાં જોવા મળે છે.

પ્રત્યાયનનાં આધુનિક સાધનોમાં કોમ્પ્યુટર અને ફેકસનો સમાવેશ થાય છે. જો કે આ બંને પ્રત્યાયનના સાધનો હજુ મધ્યમવર્ગ સુધી પહોંચેલા નથી. પરંતુ વ્યવસાયિક જરૂરીયાતોનાં સંદર્ભમાં કોમ્પ્યુટર અને ફેકસનો ઉપયોગ કરવામાં આવે છે કોમ્પ્યુટર અને ફેકસ મધ્યમવર્ગનાં માનવીની અનિવાર્યતા જરૂરીયાત નથી.

આમ ઉપરનાં આલેખ દ્વારા રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો કેવા પ્રત્યાયનના સાધનોનો ઉપયોગ કરે છે તેનો ખ્યાલ આવે છે. મધ્યમવર્ગીય કુટુંબોમાં જીવન જરૂરીયાતની વધુ મહત્વ ધરાવતી વસ્તુઓનો ઉપયોગ મહતમ અંશે થતો હોવાનું જોવા મળેલ છે જ્યારે જે સાધનોનો ઉપયોગ અનિવાર્ય ન હોય અને કિંમતમાં પણ વધુ હોય તેવા સાધનોનો સુવિધા ઓછી જોવા મળે છે.

## ૫.૨.૩ઉત્તરદાતા પાસેના વાહનોની માહિતી

કોષ્ટક ૫.૩ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોનાં કુટુંબના વાહનોની માહિતીને રજૂ કરે છે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો પોતાની જીવનશૈલીમાં કયા કયા વાહનોનો ઉપયોગ કરે છે.

**કોષ્ટક નં.૫.૩**

**ઉત્તરદાતા પાસેના વાહનોની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | હા | ટકાવારી | ના | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | સાયકલ | ૧૯૮ | ૭૯.૩૦ | ૫૨ | ૨૦.૭૦ |
| ૨ | લ્યુના | ૯૫ | ૩૭.૯૦ | ૧૫૫ | ૬૧.૧૦ |
| ૩ | સ્કુટી | ૧૧૯ | ૪૭.૬૦ | ૧૩૧ | ૫૨.૪૦ |
| ૪ | બાઈક | ૧૪૯ | ૫૯.૪ | ૧૦૧ | ૪૦.૬૦ |
| ૫ | કાર | ૨૭ | ૧૦.૭૦ | ૨૨૩ | ૮૯.૩૦ |

કોષ્ટક ૫.૩ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોનાં કુટુંબના વાહનોની માહિતીને રજૂ કરે છે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો પોતાની જીવનશૈલીમાં કયા કયા વાહનોનો ઉપયોગ કરે છે.

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોના વાહનોની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબો લેવામાં આવેલા છે. આ કુટુંબો પૈકી ૧૯૮ કુટુંબોમાં સાયકલ છે. આ કુટુંબો પૈકી ૯૫ કુટુંબો પાસે લ્યુના છે, કુલ કુટુંબો પૈકી ૧૧૯ કુટુંબો પાસે સ્કુટી છે. કુલ કુટુંબો પૈકી ૧૪૯ કુટુંબો પાસે બાઈક છે. અભ્યાસમાં સમાવિષ્ટ ૨૫૦ કુટુંબો પૈકી ૨૭ કુટુંબો પાસે કારની સુવિધા છે.

આમ ઉપર્યુકત કોષ્ટક રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પોતાના જીવનમાં કેવા કેવા વાહનોનો ઉપયોગ કરે છે તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબોમાં કેવા પ્રકારનાં વાહનોનો ઉપયોગ થાય છે તેની ટકાવારીને રજૂ કરે છે જેમાં OX ધરી પર સાધનનું નામ અને OY ધરી પર ઉપયોગકર્તાની ટકાવારી રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૭૯.૩૦ ટકા કુટુંબો એવા છે કે જે સાયકલનો ઉપયોગ કરે છે. ૩૭.૯૦ ટકા કુટુંબો એવા છે કે જે લ્યૂનાનો ઉપયોગ કરે છે. ૪૭.૬૦ ટકા કુટુંબો એવા છે જે સ્કૂટીનો ઉપયોગ કરે છે. કુલ કુટુંબો પૈકી ૫૯.૪૦ ટકા કુટુંબો મોટર બાઈકનો ઉપયોગ કરે છે. જ્યારે ૧૦.૭૦ ટકા કુટુંબો એવા છે જે કારનો ઉપયોગ કરે છે.

આમ ઉપરના આલેખ દ્વારા રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો પોતાની જીવનજરૂરીયાત માટે કેવા પ્રકારના વાહનોનો ઉપયોગ કરે છે તેનો ખ્યાલ આવે છે. જેના પરથી કહિ શકાય કે મોટા ભાગના લોકો કિંમતમાં ઓછા હોય અને ઉપયોગીતા ખર્ચ પણ ઓછો હોય તેવા સાધનોનો મહતમ ઉપયોગ કરે છે જ્યારે કિંમતમાં વધારે હોય અને તે પાછળનો મેઈન્ટેન્સ ખર્ચ પણ વધારે હોય તેવા સાધનોનો ઓછા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે.

શહેરી જીવનશૈલીમાં ટ્રાન્સર્પોટેશનની સુવિધા પાયાની જરૂરિયાત છે. શહેરમાં મધ્યમવર્ગ પાસે સામાન્ય રીતે કોઈપણ પ્રકારનું દ્વિચક્રિ વાહન હોય જ છે. જો કે વાહનોની સાથે સાઈકલે પણ હજુ પોતાની ઉપયોગીતા ગુમાવી નથી. તેમ છતાં મોટાભાગના શહેરી મધ્યમવર્ગ પાસે બાઈક અને મોપેડ જેવા વાહનો હોય છે. સાથોસાથ મધ્યમવર્ગમાં પણ ૨૦% લોકો એવા છે કે જેઓ પાસે પોતાની માલિકીની કાર પણ છે. સંક્ષિપ્તમાં કોઈપણ સ્વરૂપનું વાહન એ મધ્યમવર્ગ માટે પાયાની જરૂરિયાત બની રહ્યું છે.

### ૫.૨.૪ઉત્તરદાતાના ઘરમાં ફર્નિચરની માહિતી :

કોષ્ટક નં. ૫.૪ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોના કુટુંબમાં ફર્નિચરની સુવિધા અંગેની માહિતીને રજૂ કરે છે. રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો પોતાના જીવનવપરાશમાં કયા કયા ફર્નિચરનો ઉપયોગ કરે છે. તે અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં.૫.૪**

**ઉત્તરદાતાના ઘરમાં ફર્નિચર અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | હા | ટકાવારી | ના | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ડાઈનીંગ ટેબલ | ૧૪૫ | ૫૭.૮૦ | ૧૦૫ | ૪૨.૨૦ |
| ૨ | ડ્રેસીંગ ટેબલ | ૧૫૦ | ૬૦.૩૦ | ૧૦૦ | ૩૯.૭૦ |
| ૩ | સોફાસેટ | ૧૨૪ | ૪૯.૫૦ | ૧૨૬ | ૫૦.૫૦ |
| ૪ | ગાર્ડન ઝૂલા | ૩૩ | ૧૨.૯ | ૨૧૭ | ૮૭.૧૦ |
| ૫ | અન્ય | ૨૫૨ | ૬૦.૮ | ૯૮ | ૩૯.૨૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોની ફર્નિચર સાધનોની માહિતી રજૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૧૪૫ કુટુંબો પાસે ડાઈનીંગ ટેબલ છે. આ પૈકી ૧૫૦ કુટુંબો પાસે ડ્રેસીગ ટેબલ છે, કુલ કુટુંબો પૈકી ૧૨૪ કુટુંબો સોફાસેટની સુવિધા ધરાવે છે. આ પૈકી ૩૩ કુટુંબો પાસે ગાર્ડન ઝુલાની સુવિધા છે, તેમજ અભ્યાસના કુલ કુટુંબો પૈકી ૨૫૨ કુટુંબો પાસે અન્ય સુવિધાઓના સાધનો છે.

આમ ઉપરનું કોષ્ટક મધ્યમવર્ગીય લોકો દ્વારા કેવા પ્રકારના ફર્નિચરનો ઉપયોગ કરવામાં આવે છે તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો પોતાના જીવનની સગવડતામાં કેવા પ્રકારના ફર્નિચરનો ઉપયોગ કરે છે. તેની ટકાવારીને રજૂ કરેલ છે જેમાં OX ધરી પર સાધનનું નામ અને OY ધરી પર ઉપયોગકર્તાની ટકાવારી રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૫૭.૮૦ ટકા કુટુંબો એવા છે કે જે ડાઈનીંગ ટેબલનો ઉપયોગ કરે છે. ૬૦.૩૦ ટકા કુટુંબો એવા છે કે જે ડ્રેસીંગ ટેબલનો ઉપયોગ કરે છે. કુલ કુટુંબો પૈકી ૪૯.૫૦ ટકા કુટુંબો સોફાસેટનો ઉપયોગ કરે છે જ્યારે ૧૨.૯૦ ટકા કુટુંબો ગાર્ડન ઝુલાની સુવિધા ધરાવે છે. તેમજ કુલ કુટુંબો પૈકી ૬૦.૮૦ ટકા કુટુંબો અન્ય ફર્નિચરના સાધનોનો ઉપયોગ કરે છે.

આમ ઉપરના આલેખ દ્વારા રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકોની જીવનશૈલીમાં પણ ફર્નિચરનાં વિવિધ સાધનોની સુવિધા જોવા મળે છે. સાથોસાથ ઘરના સુશોભનની જરૂરિયાત પણ સંતોષે છે. પ્રસ્તુત અભ્યાસમાં મધ્યમવર્ગમાં આવાસોમાં ડાઈનીંગ ટેબલ, ડ્રેસીંગ ટેબલની સુવિધા સામાન્ય રીતે જોવા મળે છે. સાથોસાથ આધુનિક આવાસોમાં સોફાસેટ અને ગાર્ડન ઝૂલાની સુવિધા પણ જોવા મળે છે. જયારે આ સિવાયના બીજા અન્ય ફર્નિચરનાં સાધનો પણ મધ્યમવર્ગીય કુટુંબો મહદ્અંશે સુવિધા ધરાવે છે.

**૫.૨.૫ ઉત્તરદાતાના રહેણાંકની માહિતી :**

કોષ્ટક નં. ૫.૫ માં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોના કુટુંબોની મકાનના સંદર્ભમાં માહિતી રજૂ કરે છે. રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો પોતાના જીવનમાં અથવા તો રહેવા માટે કેવા મકાનની સુવિધા ધરાવે છે તે અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં.૫.૫**

**ઉત્તરદાતાના રહેણાંક અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | હા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પોતાનું | ૧૩૬ | ૪૬.૩૦ |
| ૨ | ભાડાનું | ૧૧૪ | ૫૩.૭૦ |
| ૩ | બે-રૂમ | ૮૩ | ૨૪.૯૦ |
| ૪ | ત્રણ-રૂમ | ૩૩ | ૫૫.૦૦ |
| ૫ | ચાર રૂમ | ૨૦ | ૨૦.૧૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોની મકાનની સુવિધા અંગેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૧૩૬ કુટુંબો પાસે પોતાના મકાનની સુવિધા છે. કુલ કુટુંબો પૈકી ૧૧૪ કુટુંબો ભાડાનાં મકાનમાં વસવાટ કરે છે. કુલ કુટુંબો પૈકી ૮૩ કુટુંબો પાસે બે-રૂમવાળા મકાનની સુવિધા છે જ્યારે ૩૩ કુટુંબો પાસે ત્રણ રૂમવાળા મકાનની સુવિધા છે. કુલ કુટુંબો પૈકી ૨૦ કુટુંબો પાસે ચાર રૂમ વાળા મકાનની સુવિધા છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગના લોકો પાસે મકાનની કેવી સુવિધા છે અથવા તો રહેઠાણ માટે કેવા પ્રકારના મકાનનો ઉપયોગ કરે છે તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો કેવા પ્રકારના મકાનની સુવિધા ધરાવે છે. અથવા તો રહેઠાણ માટે કેવા પ્રકારનાં મકાનનો ઉપયોગ કરે છે તેની ટકાવારી રજૂ કરે છે જેમાં OX ધરી પર મકાનનો પ્રકાર અને OY ધરી પર ઉપયોગ કર્તાની ટકાવારી રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૪૬.૩૦ ટકા કુટુંબો એવા છે કે જે પોતાની માલિકીના મકાનમાં વસવાટ કરે છે જ્યારે ૫૩.૭૦ ટકા કુટુંબો એવા છે કે જે ભાડાનાં મકાનમાં વસવાટ કરે છે કુલ કુટુંબો પૈકી ૨૪.૯૦ ટકા કુટુંબો બે રૂમવાળા મકાનનો ઉપયોગ કરે છે જ્યારે ૫૫.૦૦ ટકા કુટુંબો ત્રણ-રૂમવાળા મકાનનો ઉપયોગ કરે છે કુલ કુટુંબો પૈકી ૨૦.૧૦ ટકા કુટુંબો ચાર રૂમવાળા મકાનનો ઉપયોગ કરે છે.

રાજકોટ શહેરમાં મધ્યમવર્ગમાં સ્વ-માલીકીનું મકાન અને ભાડાનાં મકાનમાં લગભગ અંતર જોવા મળતું નથી. સાથોસાથ ૫૦% થી પણ વધુ લોકો ત્રણ બેડરૂમવાળા મકાનનો ઉપયોગ કરતા હોય છે.

રાજકોટ શહેરમાં અન્ય શહેરો કરતા મધ્યમવર્ગનાં લોકો પાસે મકાનની સુવિધા વધુ સારી રીતે જોવા મળે છે.

**૫.૨.૬ ઉત્તરદાતાની વાર્ષિક આવકની માહિતી :**

કોષ્ટક નં. ૫.૬ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમ વર્ગનાં લોકોના કુટુંબની વાર્ષિક આવક અંગેની માહિતી રજૂ કરે છે રાજકોટ શહેરમાં વસતા મધ્યમ વર્ગનાં લોકોના કુટુંબની વાર્ષિક આવક અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં.૫.૬**

**ઉત્તરદાતાની વાર્ષિક આવકની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | રૂા. ૧૦૦૦૦૦ કે તેથી ઓછી | ૪૮ | ૧૯.૩૦ |
| ૨ | રૂા. ૧ લાખથી ૨ લાખ | ૯૯ | ૩૯.૫૦ |
| ૩ | રૂા. ૨ લાખથી ૩ લાખ | ૭૭ | ૩૦.૮ |
| ૪ | રૂા. ૩ લાખ કે તેથી વધુ | ૨૬ | ૧૦.૪૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોના કુટુંબની વાર્ષિક આવકની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં અભ્યાસનાં કુલ કુટુંબો પૈકી ૪૮ કુટુંબો રૂા. ૧ લાખથી ઓછી આવક ધરાવે છે. જ્યારે ૯૯ કુટુંબો રૂા. ૧ લાખથી બે લાખ સુધીની વાર્ષિક આવક ધરાવે છે. આ પૈકી કુલ કુટુંબોમાંથી ૭૭ કુટુંબો બે લાખ થી ત્રણ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવે છે. જ્યારે ૨૬ કુટુંબો રૂા. ૩ લાખથી વધુ વાર્ષિક આવક ધરાવતા કુટુંબો છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગના લોકોનાં કુટુંબની વાર્ષિક આવક દર્શાવતી માહિતીને રજૂ કરે છે.

## ○ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબોની વાર્ષિક આવકની ટકાવારીને રજૂ કરે છે. જેમાં OX ધરી પર વાર્ષિક આવક અને OY ધરી પર કેટલી આવક ધરાવતા કુટુંબોની સંખ્યા રજૂ કરવામાં આવેલ છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૧૯.૨૦ કુટુંબો એવા છે કે જે ૧ લાખથી પણ ઓછી વાર્ષિક આવક ધરાવે છે. જ્યારે ૩૯.૬૦ ટકા કુટુંબો ૧થી બે લાખ સુધીની વાર્ષિક આવક ધરાવે છે. કુલ કુટુંબો પૈકી ૩૦.૮૦ કુટુંબો બે લાખ થી ત્રણ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવે છે. જ્યારે ૧૦.૪૦ ટકા કુટુંબોની વાર્ષિક આવક ત્રણ લાખથી પણ વધુ છે.

આમ ઉપરનાં આલેખ દ્વારા રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકોના કુટુંબની વાર્ષિક આવક કેટલી કેટલી છે તેનો ખ્યાલ આવે છે. તેમજ મધ્યમવર્ગીય કુટુંબની વાર્ષિક આવક મહદ્અંશે રૂા. ૧ લાખથી ૨ લાખ સુધીની જોવા મળે છે. જે સુચિત કરે છે કે મધ્યમવર્ગમાં ત્રણથી ચાર વ્યક્તિના કુટુંબમાં રૂા. ૧ થી ૨ લાખની આવક હોય તેવું જોવા મળે છે. તેમજ રૂા. ૩ લાખથી પણ વધુ આવક હોય તેવા પણ ૧૦.૪૦ ટકા કુટુંબો જોવા મળે છે. જે ઉચ્ચ મધ્યમવર્ગની હરોળમાં મૂકી શકાય છે.

### ૫.૨.૭ઉત્તરદાતાના પરિવહનનાં માધ્યમની માહિતી :

કોષ્ટક નં. ૫.૭ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો પરિવહનના માધ્યમની માહિતીને રજૂ કરે છે. રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો પોતાના જીવનમાં પરિવહન માટે કયા કયા માધ્યમનો ઉપયોગ કરે છે તે અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવેલ છે.

**કોષ્ટક-૫.૭**

**ઉત્તરદાતાના પરિવાહનનાં માધ્યમ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સરકારી બસ | ૧૭૪ | ૬૯.૬૦ |
| ૨ | ખાનગી બસ | ૭૭ | ૩૦.૮૦ |
| ૩ | ભાડાની કાર | ૫૨ | ૨૦.૮૦ |
| ૪ | પોતાની કાર | ૨૭ | ૧૦.૮૦ |
| ૫ | રેલ્વે | ૧૪૯ | ૫૯.૬૦ |
| ૬ | વિમાન | ૪ | ૧.૬૦ |
| ૭ | અન્ય | ૫૧ | ૨૦.૪૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો પરિવહન માટે કયા કયા સાધનોનો ઉપયોગ કરે છે તે માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં ૧૭૪ લોકો સરકારી બસનો ઉપયોગ કરે છે. જ્યારે ૭૭ લોકો પરિવહન માટે ખાનગી બસનો ઉપયોગ કરે છે. તેમજ ૨૭ જેટલા લોકો પોતાની કારનો પરિવહન માટે ઉપયોગ કરે છે તો ૧૪૯ લોકો રેલ્વે દ્વારા પરિવહન કરવાનું પસંદ કરે છે અને ૧૪ જેટલા લોકો

વિમાનમાં પરિવહન કરે છે અને ૫૧ જેટલા લોકો અન્ય સાધનોનો ઉપયોગ કરે છે પરિવહન માટે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગના લોકો પરિવહન માટે કેવા સાધનોનો ઉપયોગ કરે છે તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો પરિવહન માટે કેવા પ્રકારના વાહનોનો ઉપયોગ કરે છે તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર પરિવહનનું માધ્યમ અને OY ધરી પર પરિવહન કરનારાઓની ટકાવારી રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબોમાં ૬૯.૬૦ ટકા લોકો પરિવહન માટે સરકારી બસનો ઉપયોગ કરે છે. જ્યારે ૩૦.૮૦ ટકા લોકો ખાનગી બસ દ્વારા પરિવહન કરવાનું પસંદ કરે છે. તેમજ ૨૦.૮૦ ટકા લોકો ભાડાની કાર દ્વારા પરિવહન કરે છે તો ૧૦.૮૦ ટકા લોકો પોતાની કારમાં પરિવહન કરવાનું પસંદ કરે છે. જ્યારે ૫૯.૬૦ ટકા લોકો રેલ્વેમાં મુસાફરી કરવી પસંદ કરે છે. આ કુલ વ્યકિત પૈકી ૧.૬૦ ટકા લોકો વિમાનમાં મુસાફરી કરે છે જ્યારે ૨૦.૪૦ ટકા લોકો અન્ય વાહનોનાં ઉપયોગ દ્વારા પરિવહન કરે છે.

આમ ઉપરનાં આલેખ દ્વારા રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો પરિવહન માટે કેવા સાધનોનો (માધ્યમ) ઉપયોગ કરે છે તેનો ખ્યાલ આવે છે. મોટાભાગે મધ્યમવર્ગીય લોકોમાં સરકારી બસ અને રેલ્વેમાં પરિવહન કરવાનું વધારે પસંદ કરે છે કેમ કે તેમાં ઓછા ભાડાથી મુસાફરી થતી હોવાથી મોટી સંખ્યામાં લોકો તે પસંદ કરે છે જ્યારે વિમાન અને પોતાની કારમાં પરિવહન કરવું ખૂબ જ ખર્ચાળ હોવાથી લોકોને તે પોસાય તેમ નથી હોતુ આથી આ બંને માધ્યમનો ઉપયોગ ખૂબજ ઓછા લોકો કરતા હોય તેવું જોવા મળે છે. જ્યારે ખાનગી બસ, ભાડાની કાર અને અન્ય માધ્યમ દ્વારા પણ ઘણા ખરા અંશે લોકો મુસાફરી કરવાનું પસંદ કરતા હોય તેવું આલેખ દ્વારા જોવા મળે છે.

## ૫.૩ રાજકીય માહિતીનું વિશ્લેષણ

રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોની રાજકિય માહિતીનું વિશ્લેષણ નીચે મુજબ વિસ્તૃતથી આપવામાં આવેલ છે.

### ૫.૩.૧ ઉત્તરદાતા ચુંટણીમાં મત આપવા જાય છે તે અંગેની માહિતી :

**કોષ્ટક નં. ૫.૮**

**ઉત્તરદાતા ચુંટણીમાં મત આપવા જાય છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૯૧ | ૭૬.૪૦ |
| ૨ | ના | ૫૯ | ૨૩.૬૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો ચુંટણી સમયે મત આપવા જાય છે કે નહીં તેની સંખ્યા રજૂ કરેલ છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવેલ છે. અભ્યાસ પૈકી ૧૯૧ ઉત્તરદાતા ચુંટણી સમયે મત આપવા જાય છે. જયારે ૫૯ ઉત્તરદાતા મત આપવા જતા નથી. ૭૬% લોકો મત આપવા માટે જાય છે તે બાબત મધ્યમવર્ગીય સભ્યોની રાજકીય સક્રિયતા સૂચવે છે.

## ૦ આલેખની સમજૂતિ :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો ચુંટણી સમયે મત આપવા જાય છે કે નહીં તે અંગેની ટકાવારી રજૂ કરે છે જેમાં એક્સ ધરી પર પ્રત્યુત્તર દર્શાવેલ છે જ્યારે વાય ધરી પર તેની ટકાવારી દર્શાવવામાં આવેલ છે. કુલ કુટુંબો પૈકી ૭૬.૪૦ ટકા કુટુંબો ચુંટણી સમયે મત આપવા જાય છે. જ્યારે ૨૫.૯૦ ટકા કુટુંબો મત આપવા જતા નથી.

### ૫.૩.૨ ઉત્તરદાતા ચુંટણીના ઉમેદવારની પસંદગી કઈ રીતે કરે છે તેની માહિતી

કોષ્ટક નં. ૫.૯ ની માહિતી રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો ચુંટાણી સમયે ઉમેદવારની પસંદગી કઇ રીતે કરે છે તે અંગેની માહિતી રજૂ કરેલ છે.

**કોષ્ટક નં. ૫.૯**

**ઉત્તરદાતા ચુંટણીના ઉમેદવારની પસંદગી કઈ રીતે કરે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પક્ષના આધારે | ૮૧ | ૩૨.૩૦ |
| ૨ | વ્યક્તિના આધારે | ૩૦ | ૧૧.૮૦ |
| ૩ | જ્ઞાતિના આધારે | ૧૦૧ | ૪૧.૬૦ |
| ૪ | ઘરના સભ્યોનાં કહેવાને આધારે | ૩૫ | ૧૪.૦૦ |
| ૫ | અન્ય | ૦૩ | ૦.૩૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટકમાં જાણાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકો ચુંટાણી સમયે ઉમેદવારની પસંદગી કઇ રીતે કરે છે તે અંગેની માહિતી રજૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ થાય છે. આ કુટુંબો પૈકી ૩૨૩ કુટુંબો પક્ષના આધારે ઉમેદવારની પસંદગી કરે છે. જ્યારે ૧૧૮ કુટુંબો વ્યક્તિના આધારે ઉમેદવારની પસંદગી કરે છે. કુલ કુટુંબો પૈકી ૪૧૬ કુટુંબો જ્ઞાતિના આધારે ઉમેદવારની પસંદગી કરે છે. જ્યારે ૧૪૦ કુટુંબો ઘરના સભ્યોના કહેવાના આધારે ઉમેદવારની પસંદગી કરે છે. જ્યારે અન્ય કારણસર ઉમેદવારની પસંદગી કરતા કુટુંબની સંખ્યા ૩ છે. મધ્યમ વર્ગીય લોકો મતદાન કરવામાં જ્ઞાતિને માપદંડ તરીકે ગણે છે. તે બાબત રાજકારણમાં જ્ઞાતિ મહત્ત્વનું પરિબળ સૂચવે છે.

## ૦ આલેખની સમજૂતિ :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો ચુંટણી સમયે ઉમેદવારની પસંદગી કઈ રીતે કરે છે તે અંગેની માહિતીની ટકાવારી રજુ કરે છે જેમાં એક્સ ધરી પર ઉમેદવારની પસંદગી અને વાય ધરી પર ઉત્તરદાતાની ટકાવારી દર્શાવવામાં આવેલ છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબો પૈકી ૩૨.૩૦ કુટુંબો પક્ષના આધારે ઉમેદવારની પસંદગી કરે છે. જયારે ૧૧.૮૦ ટકા લોકો વ્યક્તિના આધારે ઉમેદવારની પસંદગી કરે છે. જયારે ૪૧.૬૦ ટકા એવા મતદારો છે કે જે જ્ઞાતિના આધારે ઉમેદવારની પસંદગી કરે છે. જયારે ૧૪.૦૦ ટકા કુટુંબો ઘરના સભ્યોના કહેવાના આધારે ઉમેદવારોની પસંદગી કરે છે અને ૦.૮૦% કુટુંબો અન્ય કારણ ધ્યાનમાં રાખીને ઉમેદવારની પસંદગી કરે છે.

## ૫.૩.૩ ઉત્તરદાતા જ્ઞાતિ મંડળના સભ્ય છે તેની માહિતી

કોષ્ટક નં. ૫.૧૦ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોના સભ્ય તેમની જ્ઞાતિમંડળના સભ્યછે કે નહીં તેની માહિતી દર્શાવેલ છે.

### કોષ્ટક નં. ૫.૧૦

### ઉત્તરદાતા જ્ઞાતિ મંડળના સભ્ય છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૬૮ | ૬૭.૧૦ |
| ૨ | ના | ૮૨ | ૩૨.૯૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં મધ્યમવર્ગીય કુટુંબના લોકો પોતાની જ્ઞાતિ મંડળના સભ્ય છે કે નહીં તે અંગેની માહિતી રજૂ કરે છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલ છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબો પૈકી ૧૬૮ કુટુંબના સભ્યો પોતાની જ્ઞાતિમંડળમાં સભ્યપદ ધરાવે છે. જ્યારે ૮૨ કુટુંબના સભ્યો કોઈપણ જ્ઞાતિ મંડળનું સભ્યપદ ધરાવતા નથી.

## ૦ આલેખની સમજૂતિ :

પ્રસ્તુત આલેખ રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટંબના લોકો પોતાની જ્ઞાતિ મંડળના સભ્ય છે કે નહીં તે અંગેની ટકાવારી દર્શાવે છે. જેમાં એક્સ ધરી પર મંડળનાં સભ્ય છે કે નહીં તેના બે વિકલ્પો આપેલા છે અને વાય ધરી પર સભ્યોની ટકાવારી દર્શાવવામાં આવેલ છે. આલેખમાં જોતા જાણાય છે કે ૬૭.૧૦% કુટુંબને પોતાની જ્ઞાતિ મંડળના સભ્ય છે. જયારે ૩૨.૯૦% કુટુંબો જ્ઞાતિ મંડળમાં સભ્યપદ ધરાવતા નથી.

જ્ઞાતિ મંડળના સભ્ય હોવું તે બાબત મધ્યમવર્ગીય લોકો ગૌરવ અનુભવે છે. રાજકારણ અને જ્ઞાતિમંડળનું સભ્યપદ હોવું તે બંને બાબતો સૂચવે છે કે મધ્યમવર્ગના કુટુંબો સભ્યોમાં જ્ઞાતિ એક પ્રભાવી અને નિર્ણાયક પરિબળ છે.

જ્ઞાતિ એક મજબૂત અને અસરકારક પરિબળ તરીકે જોવા મળે છે.

## ૫.૪ ઉપસંહાર

મધ્યમવર્ગીય સમૂહ આર્થિક બાબતોમાં સામાન્ય રીતે અનેકવિધ સવલતો ધરાવતો હોય છે અને અનેકવિધ સવલતોની ઈચ્છા પણ રાખતો હોય છે કારણ કે આ વર્ગ સતત ઉચ્ચ વર્ગ તરફ જવાની મહેચ્છા ધરાવતો વર્ગ છે. ગૃહવપરાશની અત્યાધુનિક ચીજ-વસ્તુઓ રાજકોટના મધ્યમવર્ગ પાસે જોવા મળે છે. તે જ રીતે સંચાર-માધ્યમના સાધનોનો વ્યાપ પણ વધારે પ્રમાણમાં જોવા મળે છે. વાહન-વ્યવહારના સાધનોમાં પણ લગભગ આ જ પરિસ્થિતિ જોવા મળે છે. રહેઠાણની સુવિધા એક વાર્ષિક આવકમાં રાજકોટનો મધ્યમવર્ગ ભારતના સરેરાશ મધ્યમવર્ગ કરતા આગળ જોવા મળે છે.

રાજકીય બાબતોમાં કંઈક અંશે જ્ઞાતિ જે કેન્દ્રમાં રાખીને મતદાન કરવાની બાબત મધ્યમવર્ગની ચોક્કસ સ્વરૂપની માનસિકતા વ્યક્ત કરે છે. આ ઉપરાંત જ્ઞાતિમંડળનું સભ્યપદ પણ કંઈક અંશે પરંપરાગત મૂલ્યોનો સુચિતાર્થ કરે છે.

સંક્ષિપ્તમાં આર્થિક-રાજકીય અને જ્ઞાતિ વિષયક બાબતો એક આગવી નવીન્યતા ધરાવતો વર્ગ એ રાજકોટનો મધ્યમવર્ગીય સમૂહ છે, એ સ્વરૂપની એની આગવી ઓળખ છે.

# પ્રકરણ-૬
# આરોગ્ય અને શિક્ષણની માહિતીનું વિશ્લેષણ

૬.૧ પ્રસ્તાવના

૬.૨ આરોગ્ય અને શિક્ષણની માહિતીનું વિશ્લેષણ

૬.૨.૧ પરિવારમાં મુખ્ય વ્યક્તિનાં શિક્ષણની માહિતી

૬.૨.૨ બાળકોનાં શિક્ષણની માહિતી (માધ્યમનાં સંદર્ભે)

૬.૨.૩ શાળાનાં પ્રકાર સંદર્ભે

૬.૨.૪ બાળકોનાં કોમ્પ્યુટર શિક્ષણ સંદર્ભે

૬.૨.૫ બાળકોની અન્ય પ્રવૃતિ સંદર્ભે

૬.૨.૬ બાળકોનાં કોચિંગ સંદર્ભે

૬.૨.૭ પરિવારનાં સભ્યોની આરોગ્યની તપાસ સંબંધે

૬.૩ ધાર્મિક માહિતીનું વિશ્લેષણ

૬.૩.૧ આંતરધર્મીય લગ્નમાં માનો છો ?

૬.૩.૨ ધાર્મિક વિધિમાં માનો છો ?

૬.૩.૩ ધર્મનાં આચરણ સંદર્ભે

૬.૩.૪ ધર્મગુરૂ કે સંતમાં માનો છો ?

૬.૩.૫ ઉત્તરદાતા દાન આપવામાં માને છે તે અંગેની માહિતી

૬.૪ ઉપસંહાર

# પ્રકરણ-૬
# આરોગ્ય અને શિક્ષણની માહિતીનું વિશ્લેષણ

## ૬.૧ પ્રસ્તાવના

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો પાસેથી મુલાકાત અનુસુચિ દ્વારા મેળવવામાં આવેલી માહિતીમાં આરોગ્ય અને શિક્ષણને લગતી માહિતીનું વિશ્લેષણ આ પ્રકરણમાં દર્શાવવામાં આવ્યું છે અને તેના દ્વારા રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોના આરોગ્ય પ્રત્યે કેટલા સભાન છે તેની માહિતી મેળવવામાં આવેલ છે.

## ૬.૨ આરોગ્ય અને શૈક્ષણિક માહિતીનું વિશ્લેષણ

રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોના આરોગ્ય અને શૈક્ષણિક માહિતી નીચે મુજબના કોષ્ટકમાં વિસ્તૃતથી દર્શાવવામાં આવેલ છે.

## ૬.૨.૧ ઉત્તરદાતાના પરિવારમાં મુખ્ય વ્યક્તિનાં શિક્ષણની માહિતી :

કોષ્ટક ૬.૧ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોનાં પરિવારમાં મુખ્ય વ્યકિતનાં શિક્ષણની માહિતી રજૂ કરે છે. રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોના પરિવારમાં મુખ્ય વ્યકિતની શૈક્ષણિક સ્થિતિ કેવી હોય છે તે અંગેની માહિતી નીચે મુજબનાં કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૧**

**ઉત્તરદાતાના પરિવારમાં મુખ્ય વ્યક્તિનાં શિક્ષણની માહિતી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ધો. ૭ કે તેથી ઓછુ | ૨૩ | ૯.૨૦ |
| ૨ | ધો. ૧૦ સુધી | ૫૨ | ૨૦.૮૦ |
| ૩ | ગ્રેજ્યુએટ | ૧૦૩ | ૪૧.૨૦ |
| ૪ | પોસ્ટ ગ્રેજ્યુએટ | ૪૬ | ૧૮.૪૦ |
| ૫ | વ્યવસાયિક | ૨૬ | ૧૦.૪૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોનાં પરિવારમાં મુખ્ય વ્યકિતનાં શિક્ષણની માહિતીને રજૂ કરે છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૨૩ કુટુંબના મુખ્ય વ્યકિત ધો. ૭ કે તેથી ઓછું શિક્ષણ મેળવેલ છે. જ્યારે ૫૨ કુટુંબનાં મુખ્ય વ્યકિતએ ધો. ૧૦ સુધીનું શિક્ષણ મેળવેલ છે. આ કુટુંબો પૈકી ૧૦૩ કુટુંબનાં મુખ્ય વ્યકિતએ ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ મેળવેલ છે. કુલ કુટુંબો પૈકી ૪૬ કુટુંબના મુખ્ય વ્યકિતએ પોસ્ટગ્રેજ્યુએશન સુધીનું શિક્ષણ

મેળવેલ છે. જ્યારે ૨૬ કુટુંબના મુખ્ય વ્યકિતએ વ્યવસાયિક શિક્ષણ મેળવેલ છે. આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગનાં પરિવારોમાં મુખ્ય વ્યકિતએ કેટલું શિક્ષણ મેળવેલું છે તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય પરિવારનાં મુખ્ય વ્યકિતએ મેળવેલ શિક્ષણની ટકાવારીને રજૂ કરે છે. જેમાં OX ધરી પર મેળવેલું શિક્ષણ અને OY ધરી પર શિક્ષણ મેળવેલ વ્યકિતઓની ટકાવારીને રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબોનાં ૯.૨૦ ટકા કુટુંબો એવા છે કે જેમનાં મુખ્ય વ્યકિતએ ધો. ૭ કે તેથી ઓછું શિક્ષણ મેળવેલ છે. ૨૦.૮૦ ટકા કુટુંબો એવા છે કે કુટુંબનાં મુખ્ય વ્યકિતએ ધો. ૧૦ સુધીનું શિક્ષણ મેળવેલ છે. જ્યારે ૪૧.૨૦ ટકા કુટુંબો એવા છે કે જેમનાં મુખ્ય વ્યકિતએ ગ્રેજયુએટ સુધીનું શિક્ષણ મેળવેલ છે. ૧૮.૪૦ ટકા કુટુંબો એવા છે જેમનાં મુખ્ય વ્યકિતએ પોસ્ટ ગ્રેજ્યુએટ સમાવિષ્ટ કુલ કુટુંબોમાંથી ૧૦.૪૦ ટકા એવા કુટુંબો છે જેમનાં મુખ્ય વ્યકિતએ વ્યવસાયિક શિક્ષણ મેળવેલું છે.

આમ ઉપરનાં આલેખ દ્વારા રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય પરિવારનાં મુખ્ય વ્યકિતઓએ કેટલું શિક્ષણ મેળવેલ છે. તેમનો ખ્યાલ આવે છે. મોટે ભાગે ધો. ૧૦થી ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ મેળવેલ જોવા મળે છે જ્યારે કુટુંબના મુખ્ય વ્યકિતએ વ્યવસાયિક શિક્ષણ મેળવેલું અને ધો. ૭ કે તેથી ઓછું શિક્ષણ મેળવેલ હોય તેવા વ્યકિત પ્રમાણમાં ઓછા જોવા મળે છે આમ મધ્યમવર્ગીય પરિવારોમાં મુખ્ય વ્યકિતના શિક્ષણ માટે પણ સજાગતા જોવા મળે છે.

## ૬.૨.૨ ઉત્તરદાતાના બાળકોનાં શિક્ષણની માહિતી (માધ્યમનાં સંદર્ભે) :

કોષ્ટક નં. ૬.૨ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોના બાળકોના શિક્ષણની માહિતી રજૂ કરે છે. રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો પોતાના બાળકોને કેવા પ્રકારનું શિક્ષણ (માધ્યમના સંદર્ભે) આપવામાં માને છે તે અંગેની માહિતી નીચેનાં કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૨**

**ઉત્તરદાતાના બાળકોનાં શિક્ષણની માહિતી (માધ્યમનાં સંદર્ભે) દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૧૬૨ | ૬૪.૮૦ |
| ૨ | હિન્દી | ૦૭ | ૦૨.૮૦ |
| ૩ | અંગ્રેજી | ૭૯ | ૩૧.૬૦ |
| ૪ | અન્ય | ૦૨ | ૦.૮૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોના બાળકોનાં શિક્ષણની (માધ્યમના સંદર્ભે)

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોના બાળકોના શિક્ષણની (માધ્યમના સંદર્ભે) માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૧૬૨ કુટુંબો પોતાના બાળકોને ગુજરાતી માધ્યમમાં શિક્ષણ અપાવે છે આ કુટુંબો પૈકી ૦૭ કુટુંબો હિન્દી માધ્યમમાં પોતાના બાળકોને શિક્ષણ અપાવવાનું પસંદ કરે છે જ્યારે ૭૯ કુટુંબો પોતાના બાળકોને

અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ અપાવે છે. અભ્યાસક્ષેત્રમાં સમાવવામાં આવેલા કુલ કુટુંબો પૈકી ૨ કુટુંબો અન્ય માધ્યમમાં પોતાનાં બાળકોને શિક્ષણ અપાવે છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગનાં લોકો પોતાના બાળકોને કયા માધ્યમમાં શિક્ષણ અપાવવાનું પસંદ કરે છે તેની માહિતી રજૂ કરવામાં આવી છે.

આમ રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકોમાં શૈક્ષણિક ક્ષેત્રે પણ ઘણું પરિવર્તન આવેલ જોવા મળે છે. પ્રવર્તમાન સમયમાં મધ્યમવર્ગીય લોકો પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવાનું પ્રમાણ ૩૧.૬૦% જોવા મળેલ છે. જે સૂચવે છે કે તે પોતાના બાળકોના શિક્ષણ પ્રત્યે સજાગતા જોવા મળે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગનાં કુટુંબો પોતાના બાળકોને કયા માધ્યમમાં શિક્ષણ અપાવે છે તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર શિક્ષણનું માધ્યમ અને OY ધરી પર જે તે માધ્યમમાં શિક્ષણ અપાવતા કુટુંબોની સંખ્યા દર્શાવવામાં આવી છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૬૪.૮૦ ટકા કુટુંબો એવા છે કે જે પોતાના બાળકોને ગુજરાતી માધ્યમમાં શિક્ષણ અપાવે છે જ્યારે ૨.૮૦ ટકા કુટુંબો પોતાના બાળકોને હિન્દી માધ્યમમાં શિક્ષણ અપાવે છે. કુલ કુટુંબો પૈકી ૩૧.૬૦ ટકા કુટુંબો પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ અપાવે છે જ્યારે ૦.૮૦ ટકા કુટુંબો પોતાના બાળકોને અન્ય માધ્યમમાં શિક્ષણ અપાવવાનું પસંદ કરે છે.

## ૬.૨.૩ ઉત્તરદાતાના બાળકોના શાળાનાં પ્રકારની માહિતી

કોષ્ટક નં. ૬.૩ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો પોતાનાં બાળકોને કેવા પ્રકારની શાળામાં શિક્ષણ અપાવવા માંગે છે તે અંગેની માહિતી રજૂ કરે છે. જેમાં રાજકોટ  શહેરનાં મધ્યમવર્ગીય લોકો પોતાના બાળકો માટે શિક્ષણ અપાવવા કેવા પ્રકારની શાળા પસંદ કરે છે તે નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. ૬.૩**

**ઉત્તરદાતાના બાળકોના શાળાનાં પ્રકારની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સરકારી શાળા | ૪૧ | ૧૬.૪૦ |
| ૨ | અર્ધસરકારી શાળા | ૧૫૧ | ૬૦.૪૦ |
| ૩ | ખાનગી શાળા | ૫૮ | ૨૩.૨૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો પોતાના બાળકોને કેવા પ્રકારની શાળામાં શિક્ષણ અપાવે છે તે અંગેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૪૧ કુટુંબો પોતાના બાળકોને સરકારી શાળામાં શિક્ષણ અપાવે છે. જ્યારે ૧૫૧ કુટુંબો પોતાનાં બાળકોને અર્ધસરકારી શાળામાં શિક્ષણ અપાવે છે. અભ્યાસવિષયનાં કુલ કુટુંબો પૈકી ૫૮ કુટુંબો પોતાના બાળકોને ખાનગી શાળામાં શિક્ષણ અપાવે છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગના લોકો પોતાના બાળકોને કેવા પ્રકારની શાળામાં શિક્ષણ અપાવે છે તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો પોતાના બાળકોને કેવા પ્રકારની શાળામાં શિક્ષણ અપાવવાનું પસંદ કરે છે તે અંગેની માહિતી રજૂ કરે છે. જેમાં OX ધરી પર શાળાનો પ્રકાર અને OY ધરી પર જે તે પ્રકારની શાળામાં શિક્ષણ અપાવતા કુટુંબોની સંખ્યા દર્શાવવામાં આવી છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૧૬.૪૦ ટકા કુટુંબો પોતાનાં બાળકોને સરકારી શાળામાં શિક્ષણ અપાવે છે, જ્યારે ૬.૪૦ ટકા કુટુંબો પોતાના બાળકોને અર્ધસરકારી શાળામાં શિક્ષણ અપાવવાનું પસંદ કરે છે. અભ્યાસક્ષેત્રમાં કુલ કુટુંબો પૈકી ૨૩.૨૦ ટકા કુટુંબો પોતાના બાળકોને ખાનગી શાળામાં શિક્ષણ અપાવવાનું પસંદ કરે છે.

આમ મધ્યમવર્ગીય લોકો શિક્ષણના માધ્યમ બાદ શાળાના પ્રકાર પ્રત્યે પણ તેટલા જ સજાગ બનેલા જોવા મળે છે. કેમકે બાળકોને સરકારી શાળા કરતા અર્ધસરકારી અને ખાનગી શાળામાં શિક્ષણ આપવાનું વધારે પસંદ કરે છે. જેથી તે પોતાના બાળકોને સારી ગુણવત્તાવાળું શિક્ષણ આપી શકે.

## ૬.૨.૪ઉત્તરદાતાના બાળકોનાં કોમ્પ્યુટર શિક્ષણ અંગેની માહિતી

કોષ્ટક નં. ૬.૪ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં કુટુંબો પોતાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અપાવે છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરે છે.

### કોષ્ટક નં. ૬.૪

### ઉત્તરદાતાના બાળકોનાં કોમ્પ્યુટર શિક્ષણ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૦૦ | ૮૦.૦૦ |
| ૨ | ના | ૫૦ | ૨૦.૦૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યવર્ગીય કુટુંબો પોતાનાં બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અપાવે છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરે છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે આ કુટુંબો પૈકી ૩૦૦ કુટુંબો પોતાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અપાવે છે. જ્યારે ૫૦ કુટુંબો પોતાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અપાવતા નથી.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યવર્ગનાં લોકો પોતાનાં બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અપાવે છે કે નહિ તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખનું વિશ્લેષણ :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો પોતાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અપાવે છે કે નહિ તેની ટકાવારી રજૂ કરે છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૮૦.૦૦ ટકા કુટુંબો પોતાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ આપે છે જ્યારે ૨૦.૦૦ ટકા કુટુંબો પોતાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ આપતા નથી.

## ૬.૨.૫ઉત્તરદાતાના બાળકોની અન્ય પ્રવૃતિની માહિતી

કોષ્ટક નં. ૬.૫ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકોના બાળકોની અન્ય પ્રવૃતિઓ વિશેની માહિતી રજૂ કરે છે મધ્યમર્ગીય લોકોના બાળકો અન્ય કઈ કઈ પ્રવૃતિઓ કરે છે તે અંગેની માહિતી નીચે કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

### કોષ્ટક નં. ૬.૫

### ઉત્તરદાતાના બાળકોની અન્ય પ્રવૃતિની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ક્રિકેટટીમનાં સભ્ય | ૨૯ | ૧૧.૬૦ |
| ૨ | સ્વીમીંગપુલ કલબ | ૦૪ | ૯.૬૦ |
| ૩ | નાટક | ૦૪ | ૦૧.૬૦ |
| ૪ | ગરબા | ૧૦૭ | ૪૨.૮૦ |
| ૫ | સંગીત | ૫૨ | ૨૦.૮૦ |
| ૬ | અન્ય | ૩૪ | ૧૩.૬૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબોના બાળકો અન્ય કઈ કઈ પ્રવૃતિઓમાં ભાગ લે છે તે અંગેની માહિતી રજૂ કરે છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે આ કુટુંબો પૈકી ૨૯ કુટુંબનાં બાળકો ક્રિકેટના સભ્ય છે. તેમજ ૨૪ કુટુંબના બાળકો સ્વીમીંગ પૂલ કલબનો મેમ્બર છે. જ્યારે ૦૪ કુટુંબના બાળકો નાટક જેવી પ્રવૃતિઓ સાથે જોડાયેલા છે. અભ્યાસવિષયનાં કુલ કુટુંબો પૈકી ૧૦૭ કુટુંબોનાં બાળકો ગરબામાં ભાગ લે છે જ્યારે ૫૨ કુટુંબના બાળકો સંગીત જેવી

પ્રવૃતિઓ સાથે જોડાયેલા છે. જ્યારે કુલ કુટુંબો પૈકી ૩૪ કુટુંબના બાળકો અન્ય પ્રવૃતિઓમાં એક યા બીજી રીતે જોડાયેલા હોય છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરના મધ્યમવર્ગીય પરિવારનાં બાળકો અન્ય કઈ કઈ પ્રવૃતિઓમાં જોડાયેલા છે તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબોના બાળકો અન્ય કઈ કઈ પ્રવૃતિઓમાં ભાગ લે છે તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર પ્રવૃતિઓ અને OY ધરી પર કુટુંબની સંખ્યા દર્શાવવામાં આવી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૧૧.૬૦ ટકા કુટુંબના બાળકો ક્રિકેટ ટીમના સભ્ય છે અથવા તો ક્રિકેટ જેવી પ્રવૃતિ સાથે જોડાયેલા છે. જ્યારે ૯.૬૦ ટકા કુટુંબના બાળકો સ્વીમીંગપુલ કલબનાં સભ્ય છે. અભ્યાસવિષયના કુલ કુટુંબો પૈકી ૧.૬૦ ટકા કુટુંબના બાળકો નાટક જેવી પ્રવૃતિ સાથે જોડાયેલા છે. જ્યારે ૪૨.૮૦ ટકા કુટુંબના બાળકો ગરબાની પ્રવૃતિ સાથે સંકળાયેલા છે જ્યારે ૨૦.૮૦ ટકા કુટુંબનાં બાળકો સંગીત સાથે જોડાયેલા છે તેમજ ૧૩.૬૦ ટકા કુટુંબના બાળકો બીજી અન્ય પ્રવૃતિઓ સાથે જોડાયેલા છે.

રાજકોટ શહેરના બાળકોમાં કુલ ૬૨% જેટલા બાળકો સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં જોડાયેલા જોવા મળે છે. આ બાબત મધ્યમવર્ગીય જીવનશૈલીની વિશિષ્ટતા વ્યક્ત કરે છે. લોકપ્રિય રમત ક્રિકેટની ૧૧% જ છે, મધ્યમવર્ગીય બાળકોમાં ક્રિકેટ અન્ય પ્રવૃત્તિ કરતા ઓછું લોકપ્રિય છે.

## ૬.૨.૬ ઉત્તરદાતાના બાળકોનાં કોચિંગ કલાસ અંગેની માહિતી :

કોષ્ટક નં. ૬.૬ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોનાં બાળકોને કોચીંગ અપાવે છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરે છે શહેરી મધ્યમવર્ગીય લોકો પોતાના બાળકોને કોચીંગ આપે છે કે નહિ તે અંગેની માહિતી નીચેનાં કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૬**

**ઉત્તરદાતાના બાળકોનાં કોચિંગ કલાસ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૭૮ | ૭૧.૨૦ |
| ૨ | ના | ૭૨ | ૨૮.૮૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકોના બાળકોને કોચીંગ આપવામાં આવે છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૧૭૮ કુટુંબનાં બાળકોને કોચીંગ આપવામાં આવે છે જ્યારે ૭૨ કુટુંબનાં બાળકોને કોચીંગ અપાવવામાં આવતા નથી.

આમ ઉપર્યુકત કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગનાં લોકોના બાળકોને કોચીંગ આપવામાં આવે છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ० આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબોમાં તેમના બાળકોને કોચીંગ આપવામાં આવે છે કે નહિ તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર કોચીંગ આપવામાં આવે છે કે નહિ તે દર્શાવવામાં આવેલ છે. જ્યારે OY ધરી પર કોચીંગ આપતા અને ન આપતા કુટુંબોની ટકાવારી રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબોમાં ૭૧.૨૦ ટકા કુટુંબનાં બાળકોને કોચીંગ આપવામાં આવે છે જ્યારે ૨૮.૮૦ ટકા કુટુંબનાં બાળકોને કોચીંગ અપવવામાં આવતું નથી.

કોચીંગ એ પ્રવર્તમાન સમયમાં માત્ર જીવનશૈલી, અર્થકારણ પર આધારિત નથી પરંતુ વ્યાપક શૈક્ષણિક પ્રક્રિયાનો એક ભાગ બની રહી છે. પ્રસ્તુત અભ્યાસમાં ૭૧% બાળકો કોઈપણ સ્વરૂપના કોચીંગ સાથે જોડાયેલા છે, તે દર્શાવે છે કે કોચીંગ એ શિક્ષણનો જ એક ભાગ છે.

### ૬.૨.૭ઉત્તરદાતાના બાળકોનાં કોચિંગના માધ્યમ અંગેની માહિતી :

નીચે આપેલ કોષ્ટકમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય પરિવારનાં બાળકોને કયા માધ્યમથી કોચિંગ આપવામાં આવે છે તે અંગેની માહિતી રજૂ કરવામાં આવી છે. મધ્યમવર્ગીય પરિવાર પોતાના બાળકોને કયા માધ્યમથી કોચીંગ આપવાનું વધારે પસંદ કરે છે. તે નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. ૬.૬.૧**

**ઉત્તરદાતાના બાળકોનાં કોચિંગના માધ્યમ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકાવારી** |
|---|---|---|---|
| ૧ | ગ્રુપ કોચિંગ | ૪૩ | ૨૪.૧૫ |
| ૨ | જનરલ કોચિંગ | ૧૧૩ | ૬૩.૪૮ |
| ૩ | પર્સનલ | ૨૨ | ૧૨.૩૫ |
| | કુલ | ૧૭૮ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય પરિવારનાં બાળકોને કયા માધ્યમથી કોચિંગ આપવામાં આવે છે તે માહિતી રજૂ કરવામાં આવી છે. મધ્યમવર્ગીય પરિવારોમાં કુલ ૭૧.૨૦ ટકા લોકો પોતાના બાળકોને કોચિંગ અપાવે છે અને તેમાં પણ ગ્રુપ કોચીંગ અપાવતા કુટુંબોની સંખ્યા ૪૩ છે. જ્યારે જનરલ કોચીંગ ૧૧૩ કુટુંબનાં બાળકોને અપાવવામાં આવે છે અને ૩૨ કુટુંબો પોતાના બાળકોને પર્સનલ કોચીંગ કલાસ આપવાનું પસંદ કરે છે.

આમ ઉપરનું કોષ્ટક મધ્યમવર્ગીય કુટુંબો પોતાના બાળકોને કયા માધ્યમથી કોચીંગ અપાવે છે તેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય કુટુંબો પોતાનાં બાળકોને ક્યાં માધ્યમથી કોચિંગ અપાવે છે તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર કોચિંગનું માધ્યમ અને OY ધરી પર કુટુંબની સંખ્યાની ટકાવારી રજૂ કરવામાં આવી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા અને પોતાના બાળકોને કોચીંગ કલાસ અપાવતા કુટુંબો પૈકી ૨૪.૧૫ ટકા કુટુંબો ગ્રુપ કોચીંગ પોતાના બાળકો માટે પસંદ કરે છે જ્યારે ૬૩.૪૮ ટકા કુટુંબો પોતાના બાળકોને જનરલ કોચિંગ અપાવે છે તેમજ ૧૨.૩૫ ટકા કુટુંબો પોતાના બાળકો માટે પર્સનલ કોચિંગ પસંદ કરે છે.

રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય પરિવારોમાં ઉત્તરદાતાઓ પોતાના બાળકોને જનરલ કોચીંગ આપવાનું વધારે પસંદ કરે છે. જયારે પર્સનલ કોચિંગ થોડું વધારે ખર્ચાળ પડે છે.

## ૬.૩ ધાર્મિક માહિતીનું વિશ્લેષણ :

પ્રસ્તુત પ્રકરણમાં ઉત્તરદાતા ધાર્મિક બાબત અંગે કેટલા સંકળાયેલ છે તેની માહિતી નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે.

### ૬.૩.૧ ઉત્તરદાતા આંતરધર્મીય લગ્નમાં માને છે તે અંગેની માહિતી

કોષ્ટક નં. ૬.૭ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો આંતરધર્મિય લગ્નમાં માને છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરે છે.

**કોષ્ટક નં. ૬.૭**

**ઉત્તરદાતા આંતરધર્મીય લગ્નમાં માને છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૫૪ | ૨૧.૬૦ |
| ૨ | ના | ૧૯૬ | ૭૮.૪૦ |
| | | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકો આંતરધર્મિય લગ્નમાં માને છે કે નહિ તેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૫૪ કુટુંબો આંતરધર્મીય લગ્નમાં માને છે, જ્યારે ૧૯૬ કુટુંબો આંતરધર્મીય લગ્નમાં માનતા ધરાવતા નથી.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગનાં લોકો આંતરધર્મીય લગ્નમાં માને છે કે નહિ તેની માહિતી રજૂ કરે છે.

## ○ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો આંતરધર્મીય લગ્ન સ્વીકારે છે કે નહિ તે અંગેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર સ્વીકાર અને અસ્વીકાર એટલે કે હા અને ના દર્શાવવામાં આવેલ છે. જ્યારે OY ધરી પર કુટુંબની સંખ્યા દર્શાવવામાં આવેલી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૨૧.૬૦ ટકા કુટુંબો આંતરધર્મીય લગ્ન સ્વીકારે છે જ્યારે ૭૮.૪૦ ટકા કુટુંબો આંતરધર્મીય લગ્નમાં સ્વીકાર કરતા નથી.

વાસ્તવમાં આંતર ધર્મ લગ્ન એ મેટ્રો સીટીની ઓળખ છે. રાજકોટ એ સંદર્ભમાં મેટ્રો સીટી નથી તેથી આંતરધર્મ લગ્ન સ્વીકારતા નથી.

## ૬.૩.૨ ઉત્તરદાતા ધાર્મિક વિધિમાં માને છે તે અંગેની માહિતી

કોષ્ટક નં.૬.૮ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો ધાર્મિક વિધિમાં માન્યતા ધરાવે છે કે નહિ તેની માહિતી રજૂ કરે છે.

**કોષ્ટક નં. ૬.૮**

**ઉત્તરદાતા ધાર્મિક વિધિમાં માને છે તે અંગેની માહિતી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૧૯ | ૮૭.૬૦ |
| ૨ | ના | ૩૧ | ૧૨.૪૦ |
| | | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકો ધાર્મિક વિધિમાં માને છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કુટુંબો પૈકી ૨૧૯ કુટુંબો ધાર્મિક વિધિમાં માને છે જયારે ૩૧ કુટુંબો ધાર્મિક વિધિઓમાં માન્યતા ધરાવતા નથી.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગનાં લોકો ધાર્મિક વિધિઓમાં માન્યતા ધરાવે છે કે નહિ તે અંગેની માહિતી રજૂ કરે છે.

## ૦ આલેખની સમજુતી :

ઉપર્યુકત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો ધાર્મિક વિધિઓમાં માન્યતા ધરાવે છે કે નહિ તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર હા અને ના દર્શાવવામાં આવેલ છે જ્યારે OY ધરી પર કુટુંબોની સંખ્યા દર્શાવવામાં આવેલી છે.

આલેખ જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબ પૈકી ૮૭.૬૦ ટકા કુટુંબો ધાર્મિક વિધિઓમાં માન્યતા ધરાવે છે જ્યારે ૧૨.૪૦ ટકા કુટુંબો ધાર્મિક વિધિઓનાં માન્યતા ધરાવતા નથી.

### ૬.૩.૩ ઉત્તરદાતાના ધર્મનાં આચરણ વિષેની માહિતી

કોષ્ટક નં. ૬.૯ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો ધર્મનાં આચરણ સંદર્ભેની માહિતી રજૂ કરે છે.

**કોષ્ટક નં. ૬.૯**

**ઉત્તરદાતાના ધર્મનાં આચરણ વિષેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | શુકન | ૧૨૯ | ૫૧.૬૦ |
| ૨ | અપશુકન | ૨૯ | ૧૧.૬૦ |
| ૩ | ભૂવા | ૫૦ | ૨૦.૦૦ |
| ૪ | તાંત્રિક | ૨૭ | ૧૦.૮૦ |
| ૫ | જ્યોતિષ | ૧૬૮ | ૬૭.૨૦ |

ઉપર્યુકત કોષ્ટક જોતા જાણાય છે કે તેમાં રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકો ધર્મનાં આચરણ સંદર્ભે કેવી માન્યતાઓ ધરાવે છે તેની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલો છે ધર્મનાં આચરણ સંદર્ભે ૧૨૯ કુટુંબો શુકનમાં માને છે જ્યારે ૫૦ કુટુંબો ભૂવામાં માને છે અભ્યાસ હેઠળનાં કુટુંબો પૈકી ૨૭ કુટુંબો તાંત્રિક વિધિઓમાં માને છે જ્યારે ૧૬૮ કુટુંબો જ્યોતિષમાં માને છે.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો ધર્મનાં આચરણમાં કેવી માન્યતા દર્શાવે છે તેની માહિતી રજૂ કરે છે.

## o આલેખની સમજુતી :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકો ધર્મનાં આચરણમાં કેવી માન્યતા ધરાવે છે તેની ટકાવારી રજૂ કરે છે. જેમાં OX ધરી પર ધાર્મિક આચરણ અને OY ધરી પર તેમાં માન્યતા ધરાવતા કુટુંબોની ટકાવારી દર્શાવવામાં આવેલ છે.

આલેખ જોતા જણાય છે કે રાજકોટ શહેરમાં વસવાટ કરતા મધ્યમવર્ગીય કુટુંબો પૈકી ૫૧.૬૦ ટકા કુટુંબો શુકનમાં માને છે જ્યારે ૨૦.૦૦ ટકા કુટુંબો ભૂવામાં શ્રદ્ધા ધરાવે છે. ૧૦.૮૦ ટકા કુટુંબો તાંત્રિક વિધિઓમાં માન્યતા ધરાવે છે જ્યારે ૬૭.૨૦ ટકા કુટુંબો જ્યોતિષમાં શ્રદ્ધા ધરાવે છે.

મધ્યમવર્ગના લોકો સામાન્ય રીતે અનેક પ્રકારની સંક્રાંતિકાળનો સામનો કરતા રહે છે. પરિણામ સ્વરૂપ ધર્મ અને તેની સાથે જોડાયેલી વિવિધ બાબતો જેવી કે શુકન-અપશુકન, જ્યોતિષ વગેરેમાં શ્રદ્ધા ધરાવે છે.

જેવી રીતે ફેમીલી ડૉકટર હોય છે તેવી જ રીતે મધ્યમ વર્ગમાં ફેમીલી એસ્ટ્રોલોજી જોવા મળે છે.

## ૬.૩.૪ઉત્તરદાતા ધર્મગુરૂ કે સંતમાં માને છે તેની માહિતી

કોષ્ટક નં. ૬.૧૦ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગનાં લોકો ધર્મગુરૂ કે સંતમાં કેટલી માન્યતા ધરાવે છે તે અંગેની માહિતી રજુ કરે છે. મધ્યમવર્ગનાં લોકો કેટલે અંશે ધર્મગુરૂ કે સંતમાં માન્યતા ધરાવે છે તે અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. ૬.૧૦**

**ઉત્તરદાતા ધર્મગુરૂ કે સંતમાં માને છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૪૨ | ૫૬.૮૦ |
| ૨ | ના | ૧૦૮ | ૪૩.૨૦ |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગના લોકો ધર્મગુરુ કે સંતોમાં માન્યતા ધરાવે છે કે નહીં તે અંગેની માહિતી રજૂ કરવામાં આવેલ છે. અભ્યાસમાં સમાવિષ્ટ કુલ ૨૫૦ કુટુંબો પૈકી ૧૪૨ કુટુંબો ધર્મગુરુ કે સંતમાં માન્યતા ધરાવે છે. જ્યારે ૧૦૮ કુટુંબમાં સભ્યો ધર્મગુરુ કે સંતમાં માન્યતા ધરાવતા નથી.

આમ ઉપરનું કોષ્ટક રાજકોટ શહેરમાં મધ્યમવર્ગીય લોકો ધર્મગુરુ કે સંતમાં માન્યતા ધરાવે છે કે નહીં તે અંગેની માહિતી રજૂ કરેલ છે.

**૦ આલેખની સમજૂતિ :**

ઉપર્યુક્ત આલેખમાં રાજકોટ શહેરના મધ્યમવર્ગીય લોકો ધર્મગુરુ કે સંતમાં માન્યતા ધરાવે છે કે નહીં તે અંગેની ટકાવારી દર્શાવવામાં આવેલી છે. જેમાં એક્સ ધરી પર માન્યતા ધરાવે છે કે નહીં તેના બે વિકલ્પો દર્શાવવામાં આવ્યા છે. અને વાય ધરી પર ઉત્તરદાતાની ટકાવારી દર્શાવવામાં આવેલ છે. કુલ કુટુંબો પૈકી ૫૬.૮૦ ટકા કુટુંબો ધર્મગુરુ કે સંતમાં માન્યતા ધરાવે છે જયારે ૪૩.૨૦ ટકા કુટુંબો ધર્મગુરુ કે સંતમાં માન્યતા ધરાવતા નથી.

### ૬.૩.૫ ઉત્તરદાતા દાન આપવામાં માને છે તે અંગેની માહિતી

કોષ્ટક નં. ૬.૧૧ ની માહિતી રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય લોકો દાન આપવામાં માને છે કે નહીં તે અંગેની માહિતી રજૂ કરેલ છે.

**કોષ્ટક નં. ૬.૧૧**

**ઉત્તરદાતા દાન આપવામાં માને છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૮૬ | ૭૪.૧૦ |
| ૨ | ના | ૬૪ | ૨૫.૯૦ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦.૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટક જોતા જાણાય છે કે રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો દાન આપવામાં માને છે કે નહીં તેની માહિતી રજૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૫૦ કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કુટુંબો પૈકી ૭૪.૧૦ ટકા કુટુંબો દાન આપવામાં માન્યતા ધરાવે છે. જયારે ૨૫.૯૦ ટકા કુટુંબો દાન આપવામાં માન્યતા ધરાવતા નથી.

## ૦ આલેખની સમજૂતિ :

ઉપર્યુક્ત આલેખ રાજકોટ શહેરમાં વસતા મધ્યમવર્ગીય કુટુંબો દાન આપવામાં માને છે કે નહીં તેની ટકાવારી રજૂ કરે છે. આલેખમાં એક્સ ધરી પર દાન આપવા અંગેના હા અને ના વિકલ્પો આપેલા છે. જ્યારે વાય ધરી પર માન્યતા ધરાવતા અને દાન આપવામાં માન્યતા ન ધરાવતા કુટુંબોની ટકાવારી દર્શાવવામાં આવી છે. જેમાં કુલ કુટુંબો પૈકી ૭૪.૧૦ ટકા કુટુંબો દાન આપવામાં માન્યતા ધરાવે છે. જ્યારે ૨૫.૯૦ ટકા કુટુંબો દાન આપવામાં માન્યતા ધરાવતા નથી.

## ૬.૪ ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં શિક્ષણ અને ધર્મના વિવિધ પાસાઓને સમાવી લેવામાં આવ્યા છે.

મધ્યમવર્ગની જીવનશૈલીના કેન્દ્રીય વિચારમાં આરોગ્ય અને શિક્ષણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને આરોગ્ય અને શિક્ષણ તેમાં વ્યક્ત થતું રહે છે. શિક્ષણમાં વૈશ્વિક મધ્યવર્ગીય પ્રમાણ ૮૮% નું છે, જે રાજકોટના સંદર્ભમાં ૮૨% જેટલું છે, સાથોસાથ કોચીંગ, અંગ્રેજી શિક્ષણમાં પણ રાજકોટના મધ્યમવર્ગીય સમૂહ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. ખાનગી શિક્ષણમાં વધતો જતો વ્યાપ મધ્યમવર્ગની જીવનશૈલીનું મુખ્ય પાસુ છે.

ધર્મ એ મધ્યમવર્ગની જીવનશૈલીનું આવશ્યક અંગ બનતું જાય છે. ધર્મના સંદર્ભમાં મધ્યમવર્ગ ગુજરાતમાં કયારેક આક્રમક સ્વરૂપમાં પણ જોવા મળે છે.

સંક્ષિપ્તમાં મધ્યમવર્ગ સાથે જોડાયેલા શિક્ષણ અને ધર્મના બંને પાસાઓ વ્યાપક રીતે અસરકર્તા છે.

# પ્રકરણ-૭
# તારણો, મર્યાદાઓ, સૂચનો


૭.૧ પ્રસ્તાવના

૭.૨ અભ્યાસનાં તારણો

૭.૩ અભ્યાસની મર્યાદાઓ

૭.૪ અભ્યાસ અંગેના સૂચનો (ભાવિ ભવિષ્યના)

૭.૫ સમાપન

# પ્રકરણ-૭

# તારણો, મર્યાદાઓ, સૂચનો

## ૭.૧ પ્રસ્તાવના

મુળભુત રીતે જ્યારથી અર્થકારણના વિવિધ પાસાઓમાં વૈવિધ્યકરણનો યુગ પ્રારંભ થયો, ત્યારબાદ નવા વર્ગોનો ઉદભવ થયો.

વિકસીત, વિકાસશીલ અને અલ્પવિકસીત રાષ્ટ્રોમા મધ્યમવર્ગ જોવા મળે છે, પરંતુ મધ્યમવર્ગના માપદંડો દરેક દેશમાં અલગ છે, અને તેનો આધાર જે તે દેશના અર્થકારણ પર રહેલો છે.

મધ્યમવર્ગની જીવનશૈલીમાં અનેકવિધ સ્વરૂપના અલગ-અલગ તરાહ જોવા મળે છે. ગુજરાતમાં મધ્યમવર્ગ ભારતના અન્ય કોઈપણ રાજય કરતા વધારે પ્રભાવી છે અને તેની અસર સમાજજીવનના દરેક પાસાઓ પર જોવા મળે છે.

પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર અભ્યાસના તારણો, મર્યાદાઓ અને ભવિષ્યના સંશોધન અંગેના સૂચનો કરવામાં આવ્યા છે.

## ૭.૨ અભ્યાસનાં તારણો

સમગ્ર સંશોધનના અભ્યાસસામગ્રી અને આયોજનના ભાગરૂપે તારણો એ મહત્વનું પાસું છે, તારણોની રજૂઆત એ સમગ્ર અભ્યાસનો સાર છે. પ્રસ્તુત સંશોધનના તારણોના સામાન્યત: મધ્યમવર્ગની જીવનશૈલીના એક ભાગરૂપે રજુ કરવામાં આવ્યા છે. અભ્યાસના સંદર્ભમાં કેટલાક તારણોનું વ્યાપક મહત્વ રહેલું છે જે આ પ્રમાણે છે.

૧. મધ્યમવર્ગમાં ૫૦% કુટુંબોની સંખ્યા ત્રણ કે ચાર સભ્યોની છે, અને પાંચ કે પાંચથી વધુ સંખ્યા વાળા પરિવારોની સંખ્યા ૩૦% કુટુંબોની છે જે

બાબત મર્યાદીત પરિવારનો નિર્દેશ આપે છે.

૨. દરેક પરિવારમાં જાતિ મુજબ (સ્ત્રી-પુરૂષનું પ્રમાણ) પ્રમાણ લગભગ સમાન જોવા મળે છે. મધ્યમ વર્ગમાં સમાવેશ થતા ૫૮% લોકો સ્નાતક-અનુસ્નાતક કક્ષા સુધી અભ્યાસ કરેલો છે. જ્યારે ૧૦% લોકોએ વ્યવસાયિક શિક્ષણ મેળવેલું છે. ધોરણ સાતથી ૧૦ સુધી ભણેલા લોકોની સંખ્યા ૩૦% જેટલી થવા જાય છે.

નિરક્ષરતાનું પ્રમાણ ઓછુ અથવા નહીવત જોવા મળે છે. શિક્ષણથી વ્યાપક અસર મધ્યમવર્ગીય જીવનશૈલી પર જોવા મળે છે. બાળકોના શિક્ષણ-કોચીંગ પર સવિશેષ ભાર મુકવામાં આવે છે. અંગ્રેજી માધ્યમ (૩૦%) અને કોમ્પ્યુટર શિક્ષણ (૭૯%) પર સવિશેષ ધ્યાન આપવામાં આવે છે.

૩. જીવનસાથીની પસંદગીમાં હજુ પરંપરાગત વલણ માતા-પિતાની પસંદગીનું છે. (૪૦%) પરંતુ સ્વ-પસંદગીની તરાહ (૨૮%) જોવા મળે છે. ઉપરાંત મધ્યમવર્ગીય સભ્યોમાં આંતરજ્ઞાતિય લગ્નની (૬૭%) તરફેણ કરનારો બહોળો સમુદાય છે. જો કે આંતરધર્મીય લગ્ન પર મોટાભાગના (૭૮%) સભ્યોએ 'ના' કહીને સાંપ્રદાયિક બાબત પર ભાર મુકેલો છે.

૪. મધ્યમવર્ગીય સમુદાય અસ્પૃશ્યતામાં માનતો નથી, ૬૩% લોકોએ અસ્પૃશ્યતાના મુળભૂત ખ્યાલને જ સ્વીકારેલો નથી.

૫. મધ્યમવર્ગના મોટાભાગના લોકો આધુનિક પહેરવેશને સ્વીકારે છે, (૬૨%) અને (૨૧%) લોકો કોર્ટ દ્વાર લગ્નની તરફેણ કરે છે.

૬. મધ્યમવર્ગીય લોકોમાં ધાર્મિક વલણો વ્યાપક રીતે જોવા મળે છે, તેઓ (૮૭%) ધાર્મિક વિધિમાં વિશ્વાસ કરે છે, જ્યોતિષમાં (૬૭%) માને છે.

જ્યારે ધર્મગુરુમાં માનનારા (૫૬%) સભ્યોની સંખ્યા પણ વ્યાપક છે. સંક્ષિપ્તમાં, મધ્યમવર્ગીય સમુહની જીવનશૈલીમાં ધર્મ કેન્દ્રસ્થાને રહેલો છે.

૭. રાજકીય પરિપ્રેક્ષ્યમાં મતદાન કરવા જતા લોકોની સંખ્યા (૭૬%) છે તેથી રાજકીય પ્રક્રિયામાં મધ્યમવર્ગીય સમુદાય વિશ્વાસ વ્યક્ત કરે છે તે દર્શાવાયુ છે. જો કે, મધ્યમવર્ગમાં મતદાનનો આધાર જ્ઞાતિ (૪૧%) પર રહેલો જોવા મળે છે, એનો અર્થ એ થાય કે મતદાન વર્તણુક જ્ઞાતિ પ્રેરિત છે.

૮. 'જ્ઞાતિ' મધ્યમવર્ગમાં એક મહત્વનું સામાજીક સંગઠન (સંસ્થા) છે, (૬૭%) સભ્યો જ્ઞાતિનું સભ્યપદ ધરાવે છે.

૯. પરોપકારની વૃતિ, દાન ધર્માદામાં (૭૪%) લોકો માને છે. મધ્યમવર્ગના લોકોમાં ધાર્મિક વૃતિ વ્યાપકપણે જોવા મળે છે.

૧૦. વાતચીત કરવાની ભાષામાં અંગ્રેજી ભાષાનો (૪૬%) ઉપયોગ કરે છે, જ્યારે (૪૦%) મધ્યમવર્ગના લોકો પોતાના કુટુંબ વિષેના આધુનિક વલણ ધરાવે છે.

૧૧. ભૌતિક સુવિધાઓમાં મધ્યમવર્ગીય સમુહ વ્યાપક વ્યવસ્થાપન ધરાવે છે તેઓ પોતાના ઘરમાં (મકાન) ભૌતિક સુવિધાઓ ધરાવે છે. જો કે, મધ્યમવર્ગનો વ્યાપક સમૂહ ભાડાના મકાનમાં રહે છે.

૧૨. આવક સમુહમાં (૪૦%) લોકો ૧ લાખથી ૨ લાખની આવક ધરાવતા લોકો છે. જ્યારે (૩૦%) લોકો ૨, લાખથી વધુ આવક ધરાવે છે.

૧૩. મનોરંજનના સંદર્ભમાં, (૬૮%) લોકો ફરવા માટે જાય છે, (૭૦%) લોકો સિનેમા જોવા જાય છે. જ્યારે (૬૦%) લોકો પ્રસંગોપાત હોટલમાં જમવાનું પસંદ કરે છે.

ઉપર્યુક્ત તારણો દર્શાવે છે કે મધ્યમવર્ગીય (રાજકોટના સંદર્ભમાં) સમૂહ એકંદરે દરેક બાબતોમાં ઉદારમતવાદી અને આધુનિક વલણો ધરાવે છે.

પશ્ચીમના રાષ્ટ્રોમાં મધ્યમવર્ગનું જે મોડેલ જોવા મળે છે, લગભગ એ સ્વરૂપનું જ મોડેલ જોવા મળે છે.

રાજકોટના મધ્યમવર્ગીય લોકોની સર્વગ્રાહી જીવનશૈલી પરિવર્તનશીલ અને ગતિશીલ છે.

## ૭.૩ અભ્યાસની મર્યાદાઓ

કોઈપણ સંશોધન મર્યાદાઓથી પર હોતુ નથી, પ્રસ્તુત સંશોધન એક સામાજિક વિજ્ઞાન સંશોધનનો જ એક ભાગ છે. તેથી સામાજીક વિજ્ઞાનોનાં સંશોધનમાં જે સ્વાભાવિક અને સહજ મર્યાદાઓ આ અભ્યાસમાં પણ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસની કેટલીક મર્યાદાઓ નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત અભ્યાસ સૌરાષ્ટ્ર પ્રદેશના આંતરિક શહેર પૂરતો જ મર્યાદીત બની રહ્યો છે. અને રાજકોટ શહેર કેવા વર્ગના જનસમુહનું પ્રતિનિધિત્વ કરે છે તે મહત્વનું છે, અહી આ મહત્વની મર્યાદા છે.

૨. પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ શહેરમાં વસવાટ કરતાં બધાજ મધ્યમવર્ગીય કુટુંબોમાંથી પ્રતિનિધિરૂપ અમુક જ કુટુંબોનો સમાવેશ થઈ શકયો છે. જો કે, શકય તેટલો પ્રયાસ કરવામાં આવેલ છે.

૩. પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરવામાં આવેલાં નિદર્શનથી જે માહિતી લેવામાં આવી છે તે પ્રશ્નાવલી દ્વારા લેવાઈ છે તેમની જીવનશૈલીનું લાંબા ગાળાનું નિરીક્ષણ થઈ શકતુ નથી.

૩. પ્રસ્તુત અભ્યાસ મધ્યમવર્ગ પર કેન્દ્રીત હોવાથી અન્ય વર્ગો સાથે તુલના દ્વારા તેની સમજુતી મેળવી શકાઈ નથી.

૫. અભ્યાસ માટેનો મુલાકાતનો સમય ઉતરદાતાનાં ઉતરો પર અસર રૂપ બને છે.

૬. વર્ણનાત્મક પ્રશ્નોનાં જવાબોનું વિશ્લેષણ કરવું જટીલ બની રહે છે.

આમ પ્રસ્તુત સંશોધનમાં ઉપરોક્ત કેટલીક મર્યાદાઓ જોવા મળે છે.

## ૭.૪ અભ્યાસ અંગેના સૂચનો (ભાવિ ભવિષ્યના)

પ્રસ્તુત અભ્યાસને આધારે સંશોધન કક્ષાએ ભાવિ સંશોધકો માટે નીચે મુજબનાં કેટલાક સૂચનો અને સંશોધનના સંદર્ભમાં નિર્દેશો કરેલા છે.

૧. પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર વ્યાપક બનાવી કોઈ જીલ્લા, રાજય કે રાષ્ટ્રીય કક્ષાએ આવું સંશોધન થઈ શકે.

૨. અભ્યાસમાં પ્રતિનિધિરૂપ એકમો જ નહી પરંતુ બધાજ સભ્યોનો સમાવેશ થાય તે રીતે સંશોધન હાથ ધરી શકાય.

૩. માહિતી એકત્રીકરણ સાથે સાથે સહભાગી નિરીક્ષણ નથી. પદ્ધતિનો ઉપયોગ કરી વિશ્વસનીય માહિતી એકત્રીત કરી શકાય. મૂળભૂત રીતે જ્યા સમગ્ર વર્ગ કે જનસમુહનો અભ્યાસ કરવાનો હોય ત્યારે સંશોધકે નૃવંશશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરવો જરૂરી બને છે.

૪. આ સંદર્ભ માળખામાં જ ઉચ્ચવર્ગ કે નિમ્ન વર્ગનો પણ અભ્યાસ કરી શકાય.

૫. જીવનશૈલી ઉપરાંત અન્ય પાસાઓને લક્ષમાં રાખી તેને લગતો અભ્યાસ હાથ ધરી શકાય.

૬. માહિતી એકત્રીકરણ માટેનાં સાધનો બનાવી તેના પર 'પાયલોટ સર્વે' કરી તેને વૈજ્ઞાનિક રીતે વિશ્વસનીય બનાવી શકાય.

૭. વિવિધ વર્ગો જેવા કે મધ્યમ-ઉચ્ચ મધ્યમ અને નિમ્ન, ઉચ્ચ અને નિમ્ન વગેરેની એક બીજા સાથે તુલના કરી તુલનાત્મક અભ્યાસો હાથ ધરી શકાય.

૮. માનવીય પરિબળોને ધ્યાનમાં રાખી અભ્યાસ કરી શકાય. માનવીય પરિબળો સાથે જોડાયેલા વિવિધ આર્થિક ખ્યાલોને કેન્દ્રસ્થાને રાખવા જોઈએ. દા.ત. Human Index

૯. વિવિધ સંશોધનો, લેખો કે વાસ્તવિક ઘટનાઓને ધ્યાનમાં રાખી તેનાં સંદર્ભે અભ્યાસને રજુ કરી શકાય.

## ૭.૫ સમાપન

પ્રસ્તુત પ્રકરણમાં, મધ્યમવર્ગને ઓળખાવવાનો અને પરિભાષિત કરવાનો પ્રયાસ મે કરેલ છે, તેની સાથે જ ગુજરાત રાજયના એક મહત્વના શહેર રાજકોટના નાગરિકોની મધ્યમવર્ગીય જીવનશૈલી ક્યા સ્વરૂપની છે તે જાણવાનો અને તેની સમાજશાસ્ત્રીય સંદર્ભ માળખામાં પૃથ્થકરણ કરેલું છે.

મારા સમગ્ર અભ્યાસ (શોધ-કાર્ય) દરમ્યાન, હું પોતે આરંભથી અંત સુધી મધ્યમવર્ગની જીવનશૈલી સાથે ઓત-પ્રોત થયેલી રહેલી છું. મારુ પોતાનું અંગત કાર્યક્ષેત્ર એ લગભગ મધ્યમવર્ગીય જૂથ સાથે જોડાયેલુ છે. પરિણામ સ્વરૂપ માહિતી એકત્રીકરણ કરવામાં મારી પોતાની સંશોધક તરીકેની નીરિક્ષણ પદ્ધતિ ઉપયોગી નીવડી છે.

પ્રસ્તુત અભ્યાસના અંતમાં મે મારા શોધકાર્યના સંદર્ભમાં તારણો, સૂચનો અને મર્યાદાઓને આલેખી છે, જેમાં એક સંશોધક તરીકેની સહજ સ્વાનુભાવ પણ જોવા મળે છે.

ભારતમાં, ગુજરાત રાજ્યમાં વ્યાપક મધ્યમવર્ગની વિભાવના અને જીવન શૈલીનો ખ્યાલ પ્રવર્તે છે. પ્રસ્તુત અભ્યાસના અંતમાં એટલું ચોક્કસ કે મધ્યમવર્ગની ગતિશીલતા 'ઉચ્ચ મધ્યમવર્ગ' અથવા તો 'ઉચ્ચ' વર્ગ તરફ જનારી છે.

# સંદર્ભસૂચિ


| | | |
|---|---|---|
| ૧ | ડૉ. અક્ષયકુમાર દેસાઈ (૧૯૯૭) : | ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. |
| ૨ | સંશોધન પદ્ધતિઓ : | એ. જી. શાહ અને જે. કે. દવે અનડા પ્રકાશન, અમદાવાદ. |
| ૩ | વિમળ પી. શાહ : | સંશોધન ડિઝાઈન |
| ૪ | સમાજશાસ્ત્રીય અભ્યાસ પદ્ધતિઓ : | પ્રો. એ.આર. શાહ, પ્રો. આર. ચુડાસમા, પ્રો. એસ.ટી. જોષી, મે.બી.એ. પ્રકાશન, અમદાવાદ. |
| ૫ | રમેશચંદ્ર મંગલ (૨૦૦૨) : | મીણા જનજાતિ સમુહ મેં ઉજારતે મધ્યમવર્ગ અને પ્રતિમાન |
| ૬ | મનોજ એન. પંડ્યા : | 'આદિવાસી અગ્રવર્ગ સંતરામપુર તાલુકાના સંદર્ભમાં સમાજશાસ્ત્રીય અભ્યાસ.<br>સ.પ.યુનિ., વિદ્યાનગર, માર્ચ ૨૦૦૦ |
| ૭ | પ્રા.યજ્ઞેશ એમ.જોષી (૨૦૦૧) : | 'જ્ઞાતિ વ્યવસ્થા પર શહેરીકરણનો પ્રભાવ' |
| ૮ | પ્રા. ગૌરાંગ ટી. જાની (૨૦૦૦) : | 'ગુજરાતમાં જ્ઞાતિ, શિક્ષણ અને વ્યવસાય વિસમી સદીનું સમાજશાસ્ત્રીય અવલોકન' |
| ૯ | ડૉ. શ્યામસુંદર ઘોષ : | ગોડ્ડા સંતાલ પરગના ''ભારતીય મધ્યમ વર્ગ'' |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | રામસાહેબ | : | ''આહિર જ્ઞાતિમાં ઉભરતો મધ્યમવર્ગ-એક સમાજશાસ્ત્રીય અભ્યાસ'' (ગુજરાતના સૌરાષ્ટ્ર, માંગરોળ, તાલુકાના સંદર્ભમાં) |
| ૧૧ | ગુડે અને હાટ | : | મેથડ ઈન સોશ્યોલોજી |
| ૧૨ | રાજકોટ મહાનગરપાલિકા અંદાજપત્ર વર્ષ ૨૦૦૭-૦૮ | | |
| ૧૩ | प्रज्ञा शर्मा | : | प्रमुख समाजशास्त्रीय विचारक |
| ૧૪ | Selltiz Jahoda & Others | : | Research Method In Social Relation |
| ૧૫ | Johan Madge | : | Tools of Social Sciences |
| ૧૬ | Shriram and Indradeva | : | "Crystalliration of the Traditional pattern of stratification in India" in Social Stratification in India (K.L. Sharma Ed.) New Delhi, Manohar Road. |
| ૧૭ | Sjnner (1913) | : | The forgotton men and other essays editer Rellar. |
| ૧૮ | Ogburn Nimkooff | : | A hand book of Sociology |
| ૧૯ | Buttomore T.B. (1965) | : | Classes in Modern Society London George Allen and Unwin Ltd. |
| ૨૦ | Young Kimball and Mark | : | Sociology and Social Life (1959) |
| ૨૧ | Maciver and Page | : | Society |
| ૨૨ | Mark K (1971) | : | A Critique of Political Economy Vol III Moscow : Progress Pub. |

૨૩ Giddens Anthony (2001) : Sociology, 4th Edition, UK Polity Press.

૨૪ A Disctionary of the Social Science

૨૫ A.R. Desai (1993) : Social background of Indian Nationalism, Bombay - Popular Prakashan.

૨૬ M.N. Shriniwas (1972) : Social Changing in Modern India, Delhi, Longman.

૨૭ Bottomore T.B. (1988) : Elite and Society : Australla Rengnin book.

૨૮ Mishra (1961) : The Indian Middle Classes London Oxford.

૨૯ Singh Yogendra (1996) : Social change in India crisis and Resplinece, New Delhi, Lar Anand Pub.

૩૦ Beteille Andre (2001) : The Indian Middle Class in the Hindu.

૩૧ Muller & Schussler : Statistical Resoning in Society (1960)

૩૨ M. H. Gopal : An Introduction to Research Procedure in Social Sciences, 1964.

## મુલાકાત અનુસુચિ

## રાજકોટ શહેરનાં મધ્યમવર્ગીય લોકોની સામાજિક જીવનશૈલીનો સમાજશાસ્ત્રીય અભ્યાસ


**માર્ગદર્શક**

**ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ**

અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ

બહાઉદ્દીન વિનયન કોલેજ

જૂનાગઢ.

**સંશોધક**

**બાલધા પાર્વતી એમ.**

એમ. એ. બી. એડ્. એમ. ફીલ.

સમાજશાસ્ત્ર ભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ.


ભાઈશ્રી/બહેનશ્રી,

હું સમાજશાસ્ત્ર વિષયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પી.એચડી. નો અભ્યાસ કરું છું. આ માટે નીચે આપેલા કેટલાક પ્રશ્નોના જવાબ આપ આપો તેવી વિનંતી. આપના દ્વારા આપવામાં આવેલી માહિતી સંશોધનનાં ઉપયોગ સિવાય અન્ય કોઈ ઉપયોગ માટે લેવાશે નહિ જેની હું ખાત્રી આપું છું.

બાલધા પાર્વતી એમ.

## વિભાગ-૧

## વ્યક્તિગત-કૌટુંબિક અને સામાજીક માહિતી

૧. ઉતરદાતાનું નામ : ______________________

૨. સરનામું : ______________________

______________________

૩. જ્ઞાતિ : ____________

૪. ઉંમર (૧) ૨૦થી ૩૫ વર્ષ ☐

(૨) ૩૬થી ૫૦ વર્ષ ☐

(૩) ૫૧થી ૬૦ વર્ષ ☐

૫. વ્યવસાય : ______________________

૬. લિંગઃ (૧) સ્ત્રી ☐ (૨) પુરૂષ ☐

૭. કુટુંબનો પ્રકારઃ (૧) સંયુક્ત ☐ (૨) વિભક્ત ☐

૮. કુટુંબની કુલ વાર્ષિક આવકઃ (૧) રૂા. ૧ લાખ કે તેથી ઓછી

(૨) રૂા. ૧થી ૨ લાખ ☐

(૩) રૂા. ૨ થી ૩ લાખ ☐

(૪) રૂા. ૩ લાખથી વધુ ☐

૯. પરિવારમાં સભ્યોની સંખ્યા

(૧) બે ☐ (૨) ત્રણ ☐ (૩) ચાર ☐

(૪) પાંચ ☐ (૫) પાંચથી વધુ ☐

૧૦. પરિવારમાં જાતિ પ્રમાણે બાળકોની સંખ્યા

૧. પુરૂષ ☐ ૨. સ્ત્રી ☐

૧૧. તમે જીવનસાથીની પસંદગી કેવી રીતે કરેલી કે કરશો

(૧) માતાપિતાની પસંદગી ☐ (૨) સ્વ-પસંદગી ☐

(૩) બન્નેની પસંદગી ☐

૧૨. અસ્પૃશ્યતામાં માનો છો ?

(૧) હા ☐ (૨) ના ☐

૧૩. આધુનિક પહેરવેશને સ્વીકારો છો ?

(૧) હા ☐ (૨) ના ☐

૧૪. લગ્નનાં કયા પાસાને સ્વિકારો છો ?

(૧) ધામધૂમથી ☐ (૨) સમૂહલગ્ન ☐

(૩) કોર્ટ દ્વારા ☐ (૪) અન્ય ☐

૧૬. તમારા કુટુંબ વિશે તમારો મત શો છે ?

(૧) રૂઢિગત ☐ (૨) આધુનિક ☐

(૩) મધ્યમ ☐

૧૭. વાતચિત કરવામાં કઈ ભાષા વધારે પસંદ કરો છો ?

(૧) ગુજરાતી ☐ (૨) હિન્દી ☐

(૩) અંગ્રેજી ☐ (૪) અન્ય ☐

૧૮. મોજશોખનાં માધ્યમો સંદર્ભે

૧ શહેરબહાર ફરવા જવું

(૧) સપ્તાહમાં એક વખત ☐

(૨) પંદર દિવસે ☐

(૩) મહિનામાં એક વખત ☐

(૪) તહેવારોમાં ☐

૨ હોટેલ રેસ્ટોરન્ટમાં જમવા જવું

(૧) અઠવાડીયામાં એક વખત ☐

(૨) પંદર દિવસે ☐

(૩) મહિને ☐

(૪) તહેવારોમાં ☐

૩ ફિલ્મ જોવા જવું

(૧) અઠવાડીયે ☐ (૨) પંદર દિવસે ☐

(૩) મહિને ☐ (૪) તહેવારોમાં ☐

## વિભાગ-૨

## આર્થિક અને રાજકીય માહિતી

૧૯. ગૃહવપરાશમાં સામાન્ય રીતે કઈ ચીજવસ્તુઓનો ઉપયોગ કરો છો ?

(૧) રેડીયો ☐ (૭) એરકન્ડીશન ☐

(૨) ટી. વી. ☐ (૮) વોશીંગ મશીન ☐

(૩) સી.ડી. પ્લેયર ☐ (૯) મીક્ષ્ચર ☐

(૪) ફ્રિજ ☐ (૧૦) ઓવન ☐

(૫) પંખા ☐ (૧૧) ગીઝર ☐

(૬) એરકુલર ☐ (૧૨) વોટર પ્યુરીફીકેશન ☐

૨૦. પ્રત્યાયન માટે કયા સાધનોની પસંદગી કરો છો ?

(૧) ટેલીફોન ☐ (૨) મોબાઈલ ફોન ☐

(૩) કોમ્પ્યુટર (ઈન્ટરનેટ) ☐ (૪) ફેક્સ ☐

૨૧. કેવા પ્રકારનાં વાહનોની સુવિધા ધરાવો છો ?

(૧) સાયકલ ☐ (૨) લ્યુના ☐

(૩) સ્કુટી (મોપેડ) ☐ (૪) બાઈક ☐

(૫) કાર ☐

૨૨. ફર્નિચરનાં કયા સાધનોની સુવિધા ધરાવો છો ?

(૧) ડાઈનીંગ ટેબલ ☐ (૨) ડ્રેસિંગ ટેબલ ☐

(૩) સોફાસેટ ☐ (૪) ગાર્ડન ઝુલા ☐

(૫) અન્ય ☐

૨૩. ઘરનું મકાન છે કે ભાડાનું ?

(૧) સ્વમાલિકી ☐ (૨) ભાડાથી ☐

○ જો ‘હા’ તો કેટલા રૂમની સુવિધા ધરાવો છો ?

(૧) એકથી બે રૂમ ☐ (૨) બે રૂમ ☐

(૩) ત્રણ રૂમ ☐ (૪) ચાર રૂમ ☐

૨૪. પરિવહન માટે કેવા પ્રકારનાં વાહનની પસંદગી કરો છો ?

(૧) સરકારી બસ ☐ (૫) રેલ્વે ☐

(૨) ખાનગી બસ ☐ (૬) વિમાન ☐

(૩) ભાડાની કાર ☐ (૭) અન્ય ☐

(૪) પોતાની કાર ☐

૨૫. તમે ચૂંટણીમાં મત આપવા જાવ છો ?

(૧) હા ☐ (૨) ના ☐

૨૬. ચુંટણીમાં ઉમેદવારની પસંદગી કઈ રીતે કરો છો ?

(૧) પક્ષના આધારે ☐

(૨) વ્યકિતનાં આધારે ☐

(૩) જ્ઞાતિનાં આધારે ☐

(૪) ઘરના સભ્યોના કહેવાના આધારે ☐

(૫) અન્ય ☐

૨૭. તમે જ્ઞાતિમંડળનાં સભ્ય છો ?

(૧) હા ☐ (૨) ના ☐

## વિભાગ-૩

## શૈક્ષણિક અને ધાર્મિક માહિતી

૨૮. પરિવારમાં મુખ્ય વ્યક્તિએ કેટલું શિક્ષણ મેળવેલ છે ?

(૧) ધોરણ ૭ કે તેથી વધુ ☐ (૨) ધો. ૧૦સુધી ☐

(૩) ગ્રેજ્યુએટ ☐ (૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ☐

(૫) વ્યવસાયિક ☐

૨૯. તમારા બાળકોને કયા માધ્યમથી શિક્ષણ અપાવવાનું પસંદ કરો છો ? કરશો ?

(૧) ગુજરાતી ☐ (૨) હિન્દી ☐

(૩) અંગ્રેજી ☐ (૪) અન્ય ☐

૩૦. તમારા બાળકો માટે કેવા પ્રકારની શાળા પસંદ કરો છો ?

(૧) સરકારી ☐ (૨) અર્ધસરકારી ☐

(૩) ખાનગી ☐

૩૧. તમારા બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અપાવો છો ?

(૧) હા ☐ (૨) ના ☐

૩૨. તમારા બાળકો કઈ પ્રવૃતિમાં જોડાયેલા છે.

(૧) ક્રિકેટટીમનાં સભ્ય ☐ (૪) ગરબા ☐

(૨) સ્વીમીંગપુલ કલબા ☐ (૫) સંગીત ☐

(૩) નાટક ☐ (૬) અન્ય ☐

૩૩. તમારા બાળકોને કોચિંગ અપાવો છો ?

(૧) હા ☐ (૨) ના ☐

જો ‘હા’ તો કોચીંગ માટે કયુ માધ્યમ પસંદ કરો છો ?

(૧) ગ્રુપ કોચીંગ ☐ (૨) જનરલ કોચીંગ ☐

(૩) પર્સનલ કોચીંગ ☐

૩૪. તમારા પરિવારનાં સભ્યોની આરોગ્યની તપાસ કયારે કરાવો છો ?

(૧) નિયમિત ☐ (૨) બિમારી સમયે ☐

૩૫. આંતરધર્મીય લગ્નમાં માન્યતા ધરાવો છો ?

(૧) હા ☐ (૨) ના ☐

૩૬. ધાર્મિક વિધિઓમાં માનો છો ?

(૧) હા ☐ (૨) ના ☐

૩૭. ધાર્મિક રીતે કઈ બાબતમાં માન્યતા ધરાવો છો ?

(૧) શુકન ☐ (૨) અપશુકન ☐

(૩) ભૂવા ☐ (૪) તાંત્રિક ☐

(૫) જ્યોતિષ ☐

૩૮. ધર્મગુરૂ કે સંતમાં માનો છો ?

(૧) હા ☐ (૨) ના ☐

૩૯. દાન આપવામાં માનો છો ?

(૧) હા ☐ (૨) ના ☐

○ ○ ○